અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
નિરૂપા રોય નહીં, મૌની રોય બની બોલિવૂડની નવી મા...!



પેજ-09
IPL મેદાન માથાકૂટ વિસ્ફોટક બની ચાડકો સોશિયલ મીડિયા...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 30.00 |
| વડોદરા | 40.00 | 31.00 |
| સુરત | 36.00 | 30.00 |



પેજ 5 આઈપીઓ ભાવ નિયંત્રણ લાવવા માટે બજાર નિયામકનો મોટો નિર્ણય

24 MAY-2026 SUNDAY

ચીન ખાણ વિસ્ફોટ પ્રચંડ ધડાકાથી આખું ઓરિએન્ટ ધ્રૂજી ઊઠ્યું... પેજ 10




.....સુવિચાર.....
આવડત એવી રાખો કે તમને હરાવા માટે કોશિશ નહિ કાવતરા કરવા પડે

વર્ષ-15 । અંક-192 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### ઓળખ-અસ્તિત્વ બચાવવા 6000 આદિવાસી દિલ્હી જવા રવાના; ધર્માંતરણ કરનારાઓને અનામતનો લાભ બંધ કરવા માગ

# ઐતિહાસિક લાલ કિલ્લાના મેદાન પર ભવ્ય 'મહારેલી'

### ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે યોજાનારા આ 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ'માં દેશભરમાંથી લાખો આદિવાસી ભાઈઓ-બહેનો ઉમટી પડશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 23

પોતાની મૂળ સંસ્કૃતિ, પરંપરા અને અસ્તિત્વની રક્ષા માટે સમગ્ર દેશના આદિવાસીઓ એક તાંતણે બંધાયા છે. જનજાતિ સુરક્ષા મંચ દ્વારા આવતીકાલે એટલે કે, 24 મે, 2026ના રોજ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાના મેદાન પર એક વિશાળ રાષ્ટ્રીય કાર્યક્રમ અને મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે યોજાનારા આ 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ'માં દેશભરમાંથી લાખો આદિવાસી ભાઈઓ-બહેનો ઉમટી પડશે. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય સંસદમાં 'ડી-લિસ્ટિંગ બિલ' (Delisting Bill) પાસ કરાવવાની માગ બુલંદ કરવાનો છે.

#### રાષ્ટ્રપતિ અને ગૃહમંત્રી અમિત શાહને સોંપાશે આવેદનપત્ર



આ ઐતિહાસિક અવસરે દેશના ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવાના છે. જનજાતિ સુરક્ષા મંચના દેશભરના અગ્રણીઓ દ્વારા આ મામલે કાયદાકીય સુધારો કરવા એટલે કે 'ડી-લિસ્ટિંગ બિલ' પાસ કરવાની માગ સાથે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ગૃહમંત્રી અમિત શાહને એક વિસ્તૃત આવેદનપત્ર સોંપવામાં આવશે. આદિવાસી સંગઠનોએ સ્પષ્ટ કર્યું છે કે, પોતાની ઓળખ અને અસ્તિત્વને બચાવવા માટેની આ નિર્ણાયક લડાઈ હવે દિલ્હીના દરબાર સુધી પહોંચાડી દેવામાં આવી છે.

#### ગુજરાતમાંથી 6000 જેટલા કાર્યકર્તાઓ દિલ્હી જવા રવાના

દિલ્હીના આ ઐતિહાસિક આંદોલનમાં સહભાગી થવા માટે ગુજરાતના આદિવાસી સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આશરે 6000 જેટલા જનજાતિ સમાજના કાર્યકર્તાઓ અને આગેવાનો દિલ્હી પહોંચી રહ્યા છે.

#### ડી-લિસ્ટિંગ (Delisting) એટલે શું?

'ડી-લિસ્ટિંગ' એટલે બંધારણીય યાદીમાંથી નામ હટાવવું. ભારતના બંધારણ હેઠળ આદિવાસી સમાજને Schedule Tribes (ST) એટલે કે 'અનુસૂચિત જનજાતિ'ની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે, જેના કારણે તેમને સરકારી નોકરીઓ, શિક્ષણ અને ચૂંટણીઓમાં અનામત (Reservation) તથા અન્ય સરકારી યોજનાઓનો લાભ મળે છે.

#### ગુજરાતમાંથી ત્રણ સ્પેશિયલ ટ્રેન બુક કરવામાં આવી

જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત પ્રાંતના મહામંત્રી યોગેશ ગામીતે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાંથી લાખોની સંખ્યામાં આદિવાસીઓ દિલ્હી આવી રહ્યા છે. ગુજરાતમાંથી આ માટે ત્રણ સ્પેશિયલ ટ્રેનો બુક કરવામાં આવી છે, જેમાંથી ગોધરા અને ભરૂચથી બે ટ્રેન ઓલરેડી રવાના થઈ ચૂકી છે. ગઈકાલે દક્ષિણ ગુજરાતના નવસારીના ઐતિહાસિક રામજી મંદિર ખાતે પાંચ જિલ્લા અને દાદરા નગર હવેલીના આશરે 2000થી વધુ લોકો એકઠા થયા હતા. આ તમામ લોકો પોતાના સ્વયંભૂ ખર્ચે સવારે 8 વાગ્યે રામજી મંદિરથી એક ભવ્ય રેલી સ્વરૂપે નવસારી રેલવે સ્ટેશન જવા નીકળ્યા હતા, જ્યાંથી તેઓ વિશેષ ટ્રેન દ્વારા દિલ્હી જવા રવાના થયા છે.

### કોંગ્રેસ-JMMને એક બેઠકનો ફાયદો, TVKનું ખાતું ખુલી શકે છે; 18 જૂને ચૂંટણી

## NDAની રાજ્યસભામાં એક બેઠક ઘટી શકે છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

12 રાજ્યોની 26 રાજ્યસભા બેઠકો પર 18 જૂને ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચ (EC)એ શુક્રવારે આ જાહેરાત કરી. આ ચૂંટણીમાં NDAને રાજ્યસભાની એક બેઠક ગુમાવવી પડી શકે છે, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષને ત્રણ બેઠકોનો ફાયદો થવાની અપેક્ષા છે.

જે કુલ 26 બેઠકો પર ચૂંટણી યોજાઈ રહી છે, તેમાંથી NDA પાસે હાલમાં 18 (આંધ્ર પ્રદેશમાંથી 1, ગુજરાતમાંથી 4, કર્ણાટકમાંથી 3, રાજસ્થાન-મધ્ય પ્રદેશમાંથી 2-2, ઝારખંડ, મણિપુર, મેઘાલય, અરુણાચલ, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી એક-એક બેઠક) છે. જ્યારે કોંગ્રેસ ગઠબંધન પાસે 5 બેઠકો છે. જ્યારે



અન્ય ત્રણ બેઠકો YSRCPના ખાતામાં છે.

આ ચૂંટણીઓમાં NDA ને 17 બેઠકો મળવાની સંભાવના છે, જ્યારે કોંગ્રેસને પાંચ, JMM ને બે અને TVK ને એક બેઠક મળવાની અપેક્ષા છે. એક બેઠક મિઝોરમમાં ઝોરમ પીપલ્સ મૂવમેન્ટ જીતી શકે છે. YSRCP તેની ત્રણેય બેઠકો ગુમાવી શકે છે.

244 સભ્યોવાળા ઉપલા ગૃહમાં NDA પાસે હાલમાં 149 સાંસદો છે, જ્યારે વિપક્ષ પાસે 78 અને બિન-ગઠબંધનવાળા પ્રાદેશિક પક્ષો પાસે 17 સાંસદો છે.

મહારાષ્ટ્રમાં NCPના સુનેત્રા પવાર અને તમિલનાડુમાં AIADMKના સીવી ષણમુગમના રાજીનામાથી ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. મહારાષ્ટ્રની બેઠક NDAના ખાતામાં આવી શકે છે. જ્યારે તમિલનાડુની AIADMKની બેઠક સત્તાધારી પક્ષ TVKને મળી શકે છે. TVKને કોંગ્રેસનું સમર્થન છે.

## કોકરોચ જનતા પાર્ટીનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક


### પાર્ટીએ X પર લખ્યું- એક્સેસ કરી શકતા નથી, ફોલોઅર્સની સંખ્યા 2.17 કરોડ થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

કોકરોચ જનતા પાર્ટી (CJP) એ શનિવારે સવારે 8.25 વાગ્યે X પોસ્ટમાં લખ્યું કે તેનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે. પાર્ટી તેને એક્સેસ કરી શકતી નથી. જોકે, યુઝર્સ એકાઉન્ટ જોઈ શકે છે. ઈન્સ્ટાગ્રામ પર CJP ના ફોલોઅર્સ હવે 2 કરોડ 17 લાખ થઈ ગયા છે. પાર્ટીના X પર પણ ફોલોઅર્સની સંખ્યા શનિવારે સવારે 9.45 વાગ્યા સુધીમાં 1 લાખ 94 હજારથી વધુ થઈ ગઈ. CJP ના સ્થાપક અભિજીત દીપકેએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેમને વોટ્સએપ પર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. તેમણે સ્ક્રીનશોટ પણ શેર કર્યા છે.

આ ઉપરાંત, દીપકેએ ગઈકાલે પહેલી ઓનલાઈન પિટિશન લઈને આવ્યા.

તેમાં તેમણે NEET પેપર લીક કેસમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગ્યું. શનિવારે સવારે 10 વાગ્યા સુધીમાં ઓનલાઈન પિટિશનમાં 5 લાખ 68 હજારથી વધુ લોકોએ સહી કરી છે.







#### CJP ટ્રેડમાર્ક માટે 3 અરજીઓ

'કોકરોચ જનતા પાર્ટી' નામના અધિકારો મેળવવા માટે ત્રણ અલગ-અલગ ટ્રેડમાર્ક અરજીઓ દાખલ કરવામાં આવી છે. ટ્રેડમાર્ક રજિસ્ટ્રી પોર્ટલ પર દાખલ કરાયેલી અરજીઓમાં રાજકીય અને સામાજિક સેવાઓ આપતી શ્રેણી હેઠળ ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન માંગવામાં આવ્યું છે. આ અરજીઓ અઝીમ આદમભાઈ જમ, અખંડ સ્વરૂપ અને 'કોકરોચ જનતા પાર્ટી' નામની એક પ્રોપરાઈટરશીપ ફર્મ દ્વારા દાખલ કરવામાં આવી છે.

#### માતા-પિતા નથી ઈચ્છતા દીકરો રાજકારણમાં જાય

અભિજીતના પિતા ભગવાન અને માતા અનિતા દીપકેએ 21 મેના રોજ એક મરાઠી ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યુ આપ્યો હતો. પિતાએ કહ્યું- આજનું વાતાવરણ જોઈને ડર લાગવો સ્વાભાવિક છે. ભલે તેના કેટલા પણ ફોલોઅર્સ કેમ ન હોય. તેણે પોતે પણ ભારત પાછા ફરવા પર ધરપકડ થવાનો ડર વ્યક્ત કર્યો છે. અભિજીતની માતાએ કહ્યું- અમને કોકરોચ પાર્ટી વિશે અમારા એક પાડોશી પાસેથી જાણવા મળ્યું હતું. હું ઈચ્છું છું કે દીકરો રાજકારણથી દૂર રહે. તે AAP સાથે કામ કરી ચૂક્યો હતો. તે સમયે પણ મેં તેને કહ્યું હતું કે આપણે રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી અને તેણે કોઈ નોકરી કરી લેવી જોઈએ.

21 મેના રોજ CJPનું X એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યું હતું. જ્યારે જૂનું એકાઉન્ટ બંધ થયું, ત્યારે 1.93 લાખથી વધુ ફોલોઅર્સ હતા. સંગઠને થોડા સમય પછી નવું એકાઉન્ટ બનાવ્યું. તેનું નામ 'કોકરોચ ઇઝ બેક' રાખવામાં આવ્યું.

## એક આંદામાનથી માત્ર 1100 કિમી દૂર; ગુપ્ત માહિતી શેર કરવાનો પણ કરાર

(એજન્સી) બાંગ્લાદેશ । તા. 23

બાંગ્લાદેશે અમેરિકાને બે મહત્વપૂર્ણ બંદરોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ બંને દેશો વચ્ચે ગુપ્ત માહિતી શેર કરવા અંગે પણ સમજૂતી થઈ છે. રિપોર્ટ અનુસાર, અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે કુલ ત્રણ મોટા કરારો થયા છે. આ કરારો પછી બંગાળની ખાડી ક્ષેત્રમાં અમેરિકાની હાજરી અને પ્રભાવ ઘણો વધી શકે છે. અમેરિકાને બાંગ્લાદેશના ચિટગાંવ અને મતારવાડી બંદરો સુધી પહોંચ મળશે. આ બંદરોનો ઉપયોગ અમેરિકી નૌકાદળ અને સૈન્ય જહાજો કરી શકશે. આનાથી અમેરિકાને હિન્દ મહાસાગર અને બંગાળની ખાડી ક્ષેત્રમાં પોતાની સૈન્ય અને વ્યૂહાત્મક તાકાત વધારવામાં મદદ મળશે. ચિટગાંવ બંદર ભારતનાં અંદમાન-નિકોબાર ક્ષેત્રથી માત્ર 1100 કિમી દૂર છે.

અમેરિકાની ખાસ નજર મલક્કા સ્ટ્રેટ પર છે. આ દુનિયાનો સૌથી જરૂરી ટ્રેડ રૂટ્સમાંથી એક માનવામાં આવે છે. દુનિયાનો લગભગ 60% દરિયાઈ વેપાર આ જ રસ્તેથી થાય છે. તેલ, ગેસ અને અન્ય જરૂરી સામાનની સપ્લાય માટે પણ આ માર્ગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નિષ્ણાતોનું માનવું છે કે આ વિસ્તારમાં પોતાની હાજરી વધારીને અમેરિકા ચીનની હિલચાલ પર પણ નજર રાખવા માંગે છે.

મલક્કાને આખી દુનિયાના વેપારની લાઈફલાઈન કહી શકાય છે. અહીંથી તેલની સાથે-સાથે ઈલેક્ટ્રોનિક્સ, મશીનો અને અન્ય સામાન પણ મોટા પ્રમાણમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચે છે.

### આતંકવાદીઓએ હુમલા પહેલા ભોજન કર્યું, પછી ધાર્મિક નારા લગાવતા ફાયરિંગ કર્યું; NIA ચાર્જશીટમાં ખુલાસો

## પહેલગામ હુમલો લશ્કરના આતંકવાદી સાજીદ જટ્ટે કરાવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

કાશ્મીરના પહેલગામમાં ગયા વર્ષે 22 એપ્રિલે થયેલા આતંકી હુમલામાં પાકિસ્તાનનો હાથ હતો. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે હુમલાનો માસ્ટરમાઈન્ડ લશ્કર-એ-તૈયબાનો આતંકી સૈફુલ્લાહ ઉર્ફે સૈફુલ્લાહ સાજિદ જટ્ટ ઉર્ફે લંગડા હતો.

પાકિસ્તાનના કસૂર (લાહોર) માં બેઠેલો સાજિદ જટ્ટ જ મુખ્ય હેન્ડલર હતો. તેણે ત્રણેય આતંકીઓ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો હતો, તેમને રિયલ ટાઈમમાં નિર્દેશ આપ્યા હતા અને હુમલાવાળી જગ્યા બૈસરન ઘાટીનું લોકેશન મોકલ્યું હતું.

હુમલા દરમિયાન પણ તે સતત તેમની સાથે વાત કરી રહ્યો



હતો. પગમાં ગોળી વાગવાને કારણે સાજિદ નકલી પગ લગાવે છે. 2005માં તે સરહદ પાર કરીને દક્ષિણ કાશ્મીરના કુલગામમાં ઘૂસ્યો હતો. 15 ડિસેમ્બર, 2025ના રોજ રજુ કરાયેલી ચાર્જશીટની વિગતો હવે સામે આવી છે.

22 એપ્રિલ 2025ના રોજ પહેલગામથી 6 કિમી દૂર બૈસરન ઘાટીમાં થયેલા આતંકી હુમલામાં 26 પ્રવાસીઓના મોત થયા હતા. 16 લોકો ઘાયલ થયા હતા. લોકોને તેમના ધર્મ પુછીને નિશાન બનાવવામાં આવ્યા હતા.

#### ટૂરિસ્ટ ગાઈડ જણાવત તો હુમલો ન થાત

- NIA ચાર્જશીટ મુજબ, ટુરિસ્ટ ગાઈડ પરવેઝ અહેમદ જોઠાર અને બશીર અહેમદ જોઠાર સમયસર માહિતી આપત તો હુમલો ટાળી શકાયો હોત. બંને ગાઈડે આતંકવાદીઓને બૈસરનમાં જોયા હતા પરંતુ સુરક્ષા એજન્સીઓને જાણ કરી ન હતી. બંને ગાઈડની ધરપકડ થઈ ચૂકી છે.
- હુમલાના એક દિવસ પહેલા, ત્રણેય આતંકવાદીઓએ ગાઈડ પરવેઝની ઝૂંપડીમાં ખુદાના નામે મદદ માંગીને ભોજન કર્યું. જતી વખતે રોટલી-શાક પણ સાથે લઈ ગયા હતા. ત્રણેય આતંકવાદીઓએ ફાયરિંગ કરતા પહેલા બૈસરન ઘાટીમાં એક ઝાડ નીચે ભોજન કર્યું. ઘટના બાદ ત્રણેયે ધાર્મિક નારા લગાવતા ફાયરિંગ પણ કર્યું હતું.
- ચાર્જશીટ મુજબ, આ હુમલો ધર્મના આધારે લક્ષિત હત્યાનો છે, જેમાં 25 પ્રવાસીઓ અને એક સ્થાનિકનું મોત થયું હતું. 28 જુલાઈએ ઓપરેશન મહાદેવમાં માર્યા ગયેલા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

#### ઝેડ મોડ ટનલ પરના હુમલામાં પણ સામેલ

2019માં સાજીદ જટ્ટ લંગડાએ જ લશ્કરના પ્રોક્સી ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)ની સ્થાપના કરી હતી. આતંકી લંગડા અને તેના ત્રણેય સાગરિતો 20 ઓક્ટોબર, 2024ના રોજ શ્રીનગરની ઝેડ મોડ ટનલ ફાયરિંગમાં પણ સામેલ હતા. જેમાં 7 લોકોના મોત થયા હતા.

## શિરડીમાં ₹3 હજાર કરોડના ખર્ચે બની રહ્યું છે ડિફેન્સ હબ

(એજન્સી) મહારાષ્ટ્ર । તા. 23

મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં આવેલા શિરડી સાંઈ મંદિરથી લગભગ 12 કિલોમીટર દૂર રાજ્ય કૃષિ વિકાસ નિગમની પડતર જમીન પર ઝડપથી 'શિરડી ડિફેન્સ કોમ્પ્લેક્સ' આકાર લઈ રહ્યું છે. અહીં રસ્તાઓનું કામ પૂરું થઈ ગયું છે.

મોટા-મોટા ડોમ ઊભા છે અને ઈન્ડિયન આર્મી, નેવી, એરફોર્સ સાથે સંકળાયેલી સરકારી-ખાનગી કંપનીઓના 100થી વધુ પ્રદર્શન સ્ટોલ લગાવવામાં આવી રહ્યા છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં શનિવારે આ ડિફેન્સ ક્લસ્ટરનું ઉદ્ઘાટન થવાનું છે. ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ કંપની 'ગ્લોબ ફોર્જ'એ આ કોમ્પ્લેક્સ માટે 3 હજાર કરોડ રૂપિયાના રોકાણની વાત કહી છે. કોમ્પ્લેક્સ 200 એકરમાં ફેલાયેલું છે. અહીં અડધા-અડધા કિલોમીટરના 6 મોટા ડોમ તૈયાર છે. કંપનીના જણાવ્યા અનુસાર, વાર્ષિક 5 લાખ તોપના ગોળા બનાવવા માટે 2 એસેમ્બલી લાઈન લગાવવામાં આવી રહી છે. સાથે જ ડિફેન્સ ડ્રોન અને આરડીએક્સ સંબંધિત પ્રોજેક્ટ્સ પણ ઊભા કરવામાં આવી રહ્યા છે. ગ્લોબ ફોર્જના એમ.ડી. ગણેશ નિબેનું કહેવું છે કે 'સ્વદેશી' અને 'આત્મનિર્ભરતા' નીતિથી એમએસએમઈને મોટી તકો મળી રહી છે. ગ્લોબ ફોર્જ સમગ્ર જિલ્લામાં 10 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો દાવો કરી રહ્યું છે. ઔદ્યોગિક વિકાસ અધિકારી ગણેશ રાઠોડના જણાવ્યા અનુસાર, સમૃદ્ધિ મહામાર્ગ, શિરડી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્ટરનેશનલ કાર્ગો ટર્મિનલ, જમીન-પાણીની ઉપલબ્ધતાને કારણે સરકાર શિરડી ડિફેન્સ ક્લસ્ટરને 'સ્ટ્રેટેજિક લોકેશન' તરીકે વિકસાવી રહી છે. દાવો છે કે આનાથી 2,000 પ્રત્યક્ષ અને 5,000 પરોક્ષ રોજગારનું સર્જન થશે.

## રોજગાર મેળામાં 51000 યુવાનોને જોબ લેટર મળ્યા

### PM બોલ્યા- હવે તમે દેશની વિકાસ યાત્રામાં સામેલ છો, 12.50 લાખથી વધુ લોકોને નોકરી મળી ચૂકી છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 51 હજારથી વધુ યુવાનોને સરકારી નોકરી માટે નિમણૂક પત્રો આપ્યા. તેમાં પસંદ કરાયેલા યુવાનોને રેલવે, ગૃહ મંત્રાલય, આરોગ્ય વિભાગ, નાણાકીય સેવાઓ અને ઉચ્ચ શિક્ષણ સહિત ઘણા સરકારી વિભાગોમાં નોકરી મળી. દેશના 47 શહેરોમાં યોજાયેલા 19મા રોજગાર મેળામાં પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા. તેમણે યુવાનો સાથે વાતચીત પણ કરી. આ પહેલા દેશભરમાં 18 રોજગાર મેળા યોજાઈ ચૂક્યા છે, જેમાં લગભગ 12 લાખ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે.

મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે સરકાર યુવાનોના સારા ભવિષ્ય અને તેમને મજબૂત બનાવવા માટે સતત કામ કરી રહી છે. તેમણે કહ્યું કે રોજગાર મેળાથી યુવાનોને સરકારી નોકરી મેળવવાની તક મળી રહી છે.


પીએમ મોદીએ 18મા રોજગાર મેળામાં યુવાનોને 61 હજાર જોબ લેટર આપ્યા. આ નિમણૂકો ગૃહ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત અન્ય વિભાગોમાં કરવામાં આવી છે.

પીએમએ વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું કે યુવાનોને નવી તકો મળે, તે અમારો પ્રયાસ છે. દેશભરના સ્ટાર્ટઅપ્સમાં મહિલાઓ આગળ છે. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે.

આજે 8000 થી વધુ દીકરીઓને નિમણૂક પત્રો મળ્યા. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે. આજે ઘણા સ્ટાર્ટઅપ્સમાં મહિલા ડિરેક્ટર છે. ગામડાઓના ઘણા રોજગારમાં મહિલાઓ નેતૃત્વ કરી રહી છે.

#### ઓક્ટોબર 2022થી રોજગાર મેળાની શરૂઆત થઈ હતી

વડાપ્રધાને 22 ઓક્ટોબર 2022ના રોજ રોજગાર મેળાનો પ્રથમ તબક્કો શરૂ કર્યો હતો. ત્યારે PM એ કહ્યું હતું કે - અમારો લક્ષ્ય દેશના યુવાનોને 2023ના અંત સુધીમાં 10 લાખ સરકારી નોકરીઓ આપવાનો હતો. લોકસભા ચૂંટણી પહેલા 12 ફેબ્રુઆરી 2024 ના રોજ 12મો રોજગાર મેળો યોજાયો હતો, જેમાં સૌથી વધુ 1 લાખ જોબ લેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. 11 લાખનો આંકડો 2025 માં પૂરો થયો હતો.



### કેરળમાં આશા વર્કરોનો પગાર 3,000 રૂપિયા વધાર્યો, નવી સરકારવાળા 3 રાજ્યોમાં ફેરફાર


## તમિલનાડુ CM વિજયના કાફલા માટે અલગ લેન

(એજન્સી) તમિલનાડુ । તા. 23

બંગાળથી તમિલનાડુ અને કેરળ સુધી નવી સરકારોએ સત્તા સંભાળતા જ વહીવટી અને રાજકીય, બંને સ્તરે પોતાને અલગ બતાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. તમિલનાડુના સીએમ વિજયે શરૂઆતના 12 દિવસમાં પોતાના કાફલા માટે ટ્રાફિક ન રોકવાનો આદેશ આપ્યો છે.

મહિલા સુરક્ષા માટે 'સિંગપ્પેન ફોર્સ' શરૂ કરી છે. સરકારે દરેક પોલીસ સ્ટેશનમાં 24 કલાક સીસીટીવી ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે. ફરિયાદ નોંધાવવાનું વીડિયો રેકોર્ડિંગ થશે. આ સાથે જ 21 વર્ષથી ઓછી ઉંમરના લોકોને દારૂ વેચવા પર કડક કાર્યવાહી થશે.

કેરળમાં યુડીએફની વીડી સતીશન સરકારે સચિવાલય અને મંત્રીઓના આવાસ સુધી સામાન્ય લોકોની પહોંચ સરળ બનાવી દીધી. મંત્રીઓને ઓફિસ અને ઘર બંને જગ્યાએ લોકોથી મળવું પડશે.



જ્યારે પશ્ચિમ બંગાળમાં શુભેન્દુ અધિકારીએ પણ પોલીસને નિર્દેશ આપ્યો છે કે તેમના કાફલા માટે સામાન્ય વાહનોને રોકવામાં ન આવે. શુભેન્દુએ 9 મેના રોજ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

બંગાળના સીએમ શુભેન્દુ અધિકારીએ વીઆઈપી મૂવમેન્ટ અને સરકારી કામકાજ સંબંધિત વ્યવસ્થામાં ફેરફાર કરવાના નિર્દેશ આપ્યા છે. તેમણે પોતાના કાફલાને નાનો રાખવા અને બિનજરૂરી એસ્કોર્ટ ઘટાડવા જણાવ્યું છે. મંત્રીઓ અને અધિકારીઓને ફિલ્ડ વિઝિટ દરમિયાન રસ્તાઓ ખાલી કરાવવા કે લોકોને રોકવાથી બચવાની સલાહ આપવામાં આવી છે.

# ડાંગ જિલ્લા પંચાયત પર ભાજપાનો ભગવો લહેરાયો, ભાજપામાં ઉત્સવનો માહોલ



ડાંગ | ડાંગ જિલ્લા પંચાયતમાં સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કર્યા બાદ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપાના ઉમેદવારોની બહુમતીથી વરણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી ભાજપાએ 12 બેઠકો પર ભવ્ય જીત મેળવી સત્તા પર મજબૂત દબદબો જાળવી રાખ્યો છે, જ્યારે કોંગ્રેસને 6 બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો.ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા પ્રમુખ પદ માટે રાજેશભાઈ ગામીત તથા ઉપપ્રમુખ પદ માટે ઉષાબેન ધર્મેશભાઈ પટેલને સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યુ હતુ. આજરોજ ડાંગ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવાની અધ્યક્ષતામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી.ડાંગ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદ માટે ભાજપાના કડમાળ બેઠકના ઉમેદવાર રાજેશભાઈ ગામીતને કુલ 12 મત પ્રાપ્ત થયા હતા, જ્યારે કોંગ્રેસના હરીફ ઉમેદવાર સ્નેહલ ઠાકરેને 6 મત મળ્યા હતા. પરિણામે રાજેશભાઈ ગામીત બહુમતીથી ડાંગ જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.તે જ રીતે ઉપપ્રમુખ પદ માટે વઘઈ બેઠકના ભાજપાના ઉમેદવાર ઉષાબેન ધર્મેશભાઈ પટેલને 12 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મંગળભાઈ ગાવીતને 6 મત મળતા ઉષાબેન પટેલ બહુમતીથી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

## ડોક્ટરની ભૂલના કારણે દર્દીનું મૃત્યુ થાય છે, તો ડોક્ટર કે હોસ્પિટલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ લેતી નથી: વિનોદ પરમાર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ અધ્યક્ષ વિનોદ પરમારે એક વિડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજની ગટર જેવી સિસ્ટમમાંથી કોક્રોચ જનતા પાર્ટી ઊભી થઈ છે. દેશના યુવાનોને કોક્રોચ કહેવું એ એક શરમજનક નિવેદન હતું. તમે લોકો જનતાનો અવાજ સાંભળતા નથી અને જનતા આંદોલન સ્વરૂપે પણ આગળ આવે તેમ છતાં પણ સરકારો જનતાની વાત સાંભળતી નથી. એનું એક ઉદાહરણ છે કે જો ડોક્ટરની ભૂલના કારણે દર્દીનું મૃત્યુ થાય છે તો ડોક્ટર કે હોસ્પિટલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ લેતી નથી. હું પોતે પણ આ સિસ્ટમનું ભોગ બન્યો છું એના કારણે જ આજે હોસ્પિટલ કેર કમિટી ચલાવી રહ્યો છું લોકોને ન્યાય અપાવવા માટે હું અને મારી ટીમ સતત પ્રયત્ન કરીએ છીએ. ડોક્ટરની ભૂલના કારણે મારી પત્નીના ફેફસામાં કાણું પડી ગયું અને ઘણી સમસ્યાઓ થઈ અને ત્યારબાદ તેની મૃત્યુ થઈ ગઈ. મેં મેડિકલ કાઉન્સિલમાં આ મુદ્દે ફરિયાદ કરી અને તમામ સાબિતીઓ આપી છતાં પણ આ સિસ્ટમ આંધળી છે અને કંઈ થયું નહીં. કારણ કે નીચેથી લઈને ઉપર સુધી ભ્રષ્ટ સિસ્ટમ છે. ડોક્ટરનું અને હોસ્પિટલનું લાઈસન્સ આ મેડિકલ કાઉન્સિલમાંથી ઈસ્યુ થતું હોય છે. અને આ મેડિકલ કાઉન્સિલને તમામ સાબિતીઓ આપીએ તેમ છતાં પણ તેઓ ડોક્ટરને ગુનેગાર ઠેરવતી નથી. અને ત્યાં ઘણો ભ્રષ્ટાચાર પણ ચાલે છે. અને જો મારે આ કેસ રી-ઓપન કરાવવો હોય તો સુપ્રીમ કોર્ટમાં જવું પડે.

# છોટાઉદેપુર તા. પં. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પહેલા જ AAPના ત્રણ સભ્યોનું અપહરણ: ચૈતર વસાવા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા એક વિડીયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલા યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં છોટાઉદેપુર તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીના 13 સભ્યોની જીત થઈ હતી. કદવાલમાં પણ આમ આદમી પાર્ટીના આઠ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. આજે આમ આદમી પાર્ટીના પ્રમુખો અને ઉપપ્રમુખો બેસવાના હતા અને ભાજપના લોકોએ ભૂતકાળમાં કરેલા ભ્રષ્ટાચાર ઉજાગર ના થાય અને ભવિષ્યમાં ભાજપના લોકો સત્તા કઈ રીતે ટકાવી રાખે અને ભ્રષ્ટાચાર કરી શકે તે માટે આજે ભાજપના લોકોએ લોકશાહીને દાગ લગાડે એવી ઘટનાને અંજામ આપ્યો હતો. એ લોકોએ અમારા સભ્યોને 50 લાખ સુધીની ઓફર પણ કરી હતી પરંતુ અમારો એક પણ સભ્ય એમના પૈસાના લોભ લાલચમાં આવ્યો નહીં.ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી હતી અને અમારા પ્રમુખ-ઉપપ્રમુખ જીતવાના હતા ત્યારે તેનાથી ડરીને આ વરણીમાં જતા અમારા સભ્યોને તાલુકા પંચાયતની સામાન્ય સભામાં પ્રવેશ કરવાની સાથે જ પૂર્વ આયોજિત ષડયંત્રના ભાગરૂપે અમારા ત્રણ સભ્યોનું અપહરણ કરી લીધું. કદવાલમાં પણ મારા એક સભ્યનું અપહરણ કરવામાં આવ્યું અને એને લઈને ભાગી ગયા. અમારા સભ્યોએ આ ચૂંટણી રદ કરવામાં આવે તેના માટે ચૂંટણીનો બહિષ્કાર કરીને બહાર આવી ગયા પરંતુ ચૂંટણી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ અને ભાજપના લોકોએ મળીને પ્રમુખ અને ઉપપ્રમુખ પદે ભાજપના લોકોની વરણી કરી દીધી હતી. આ સમગ્ર ઘટનાને છોટાઉદેપુર અને સમગ્ર પંથકની જનતા જોઈ રહી છે. સત્તા ટકાવી રાખવા માટે ભાજપ શું કરી શકે છે આ એનું ઉત્તમ ઉદાહરણ છે. જે જનતાએ આમ આદમી પાર્ટીને જનાદેશ આપ્યો એમના મતની ચોરી આજે ભાજપના લોકોએ કરી છે. એ નેતાઓ, ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ પર આવનાર દિવસોમાં અમે ન્યાયિક રીતે ફરિયાદ કરીશું અને ચૂંટણી પંચ તથા હાઈકોર્ટમાં જઈશું. અમારી માંગ જનતાના જનાદેશ અને લોકશાહીને બચાવવાનું છે, અને એના માટે અમે સડકથી લઈને સંસદ સુધી લડતા રહીશું.

## AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે પધારશે

# કેજરીવાલજી નર્મદા જિલ્લાના લોકોનો આભાર વ્યક્ત કરવા રાજપીપળા પધારશે: મનોજ સોરઠીયા

### 24, 25 અને 26 મેના રોજ અરવિંદ કેજરીવાલજી ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે: મનોજ સોરઠીયા : 24 અને 26 મેના રોજ અરવિંદ કેજરીવાલજી પાર્ટીના પદાધિકારીઓ સાથે આગળની રણનીતિ બનાવશે: મનોજ સોરઠીયા

### 25 મેના રોજ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે ભવ્ય રોડ શોમાં કેજરીવાલજી હાજરી આપશે : નર્મદા જિલ્લાના લોકોને અપીલ - આવો સાથે મળીને રોડ શોને ભવ્ય બનાવીએ: મનોજ સોરઠીયા



અમદાવાદ/સુરત/નર્મદા/ગુજરાત | આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે આજે ગુજરાતની અંદર આમ આદમી પાર્ટી મજબૂત વિપક્ષ તરીકે ઊભરી છે. ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી બીજા નંબરે રહી હતી. 34 જિલ્લા પંચાયતોમાંથી એક જિલ્લા પંચાયત આમ આદમી પાર્ટીએ જીતી છે.

ગુજરાતના લોકોએ આમ આદમી પાર્ટી પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ગુજરાતના લોકો ઈચ્છે છે કે ગુજરાતમાં એક નવો પક્ષ, એક નવી પાર્ટી અને એક નવો વિકલ્પ આવે, અને તેનું પ્રમાણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જોવા મળ્યું છે. આ ખુશીના પ્રસંગે આમ આદમી પાર્ટી ગુજરાતનો બીજા નંબરનો પક્ષ બન્યો છે ત્યારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી 24, 25 અને 26 તારીખે ત્રણ દિવસીય ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત ગુજરાત આમ આદમી પાર્ટી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. 24મી તારીખે પાર્ટીના નવનિયુક્ત પદાધિકારીઓ સાથે બેઠક યોજાશે, જેમાં રાજકીય પરિસ્થિતિ અને ગુજરાતના ભવિષ્યમાં આમ આદમી પાર્ટીની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવશે.

AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે 25મી તારીખે નર્મદા જિલ્લા પંચાયત આમ આદમી પાર્ટી દ્વારા રચાઈ હોવાના ઉપલક્ષ્યમાં નર્મદાના રાજપીપળામાં ભવ્ય રોડ શો યોજી જનતાનો આભાર વ્યક્ત કરવામાં આવશે, જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી ઉપસ્થિત રહેશે. 26મી તારીખે આમ આદમી પાર્ટીની તમામ લીડરશિપ સાથે ફરીથી બેઠક અને ચર્ચા-વિચારણા કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં હાલ ડીઝલ-પેટ્રોલની અછત, મોંઘવારી, ધંધાઓમાં મંદી અને વીજળીના અભાવે લાંબા પાવર કટ જેવી સમસ્યાઓને કારણે લોકો પરેશાન છે. છેલ્લા 30 વર્ષથી ભાજપને મત આપ્યા છતાં આજે ગુજરાતની સ્થિતિથી લોકો થાકી ગયા છે. આવા સમયમાં આમ આદમી પાર્ટી એક વિકલ્પ અને આશાનું કિરણ બનીને ઊભરી છે. તેમણે નર્મદા જિલ્લાના તમામ લોકોને અપીલ કરી હતી કે તેઓ મોટી સંખ્યામાં જોડાઈ આમ આદમી પાર્ટીના રોડ શોને ભવ્ય બનાવે અને પાર્ટીને આશીર્વાદ આપે.

# ભાજપના શાસકોને સમય ન મળતા જનતા પરેશાન થઈ રહી છે : AAP શહેર પ્રમુખ દિનેશ જોશી

### રાજકોટ-જામનગર રોડ પર લાંબા સમયથી તૈયાર હોવા છતાં સાંઢીયો પુલ જનતા માટે ન ખુલતા aAAPએ કર્યું પ્રતીકાત્મક લોકાર્પણ, 15 જેટલા કાર્યકરોની પોલીસે કરી અટકાયત



અમદાવાદ | ઘણાં સમયથી બનીને તૈયાર રાજકોટ-જામનગર રોડ પર આવેલા સાંઢીયા પુલને લોકો માટે હજુ સુધી ખુલ્લો મૂકવામાં ન આવતા આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવી પ્રતીકાત્મક રીતે પુલનું લોકાર્પણ કર્યું હતું. રાજકોટના સાંઢિયા પુલ પર 'આપ' નું આંદોલન સમેટાયું હતું અને બ્રિજ ખુલ્લો મૂકવાની ચીમકી આપવા પહોંચેલા આમ આદમી પાર્ટીના અંદાજે 15 જેટલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ પુલનું લોકાર્પણ કરવા માટે પહોંચ્યા હતા, પરંતુ પોલીસે તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના આગેવાનોનું કહેવું હતું કે ઘણા સમય પહેલાં પુલનું કામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં ભાજપના ભ્રષ્ટ શાસનમાં હજુ સુધી લોકોને ઉપયોગ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. એક તરફ ભાજપના નેતાઓ પેટ્રોલ અને ડીઝલ બચાવવાની વાતો કરે છે, જ્યારે બીજી તરફ પુલનું ઉદ્ઘાટન ટલ્લે ચઢાવી લોકોને લાંબા ફેરા ખાવા મજબૂર કરવામાં આવી રહ્યા છે, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે લોકોના પૈસે બનેલો આ પુલ હવે તરત જ લોકો માટે ખુલ્લો મૂકવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે તાયફા કરવામાં વ્યસ્ત ભાજપના શાસકોને સમય ન મળતા સામાન્ય જનતાને હેરાનગતિ ભોગવવી પડી રહી છે. આમ આદમી પાર્ટીએ પ્રતીકાત્મક રીતે સાંઢીયા પુલનું લોકાર્પણ કરતાં વાહનચાલકોમાં પણ હાશકારો જોવા મળ્યો હતો.

# News Brief

## AEIAT મુખ્ય પરીક્ષાની તારીખ બદલાઈ:હવે 13 જૂને પરીક્ષા યોજાશે




ગાંધીનગર | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટિટ્યુડ ટેસ્ટ (AEIAT) વર્ગ-3 (પ્રાથમિક શાળાઓ) ભરતી-2026ની મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ 7 જૂન, 2026ના રોજ યોજાનારી મુખ્ય પરીક્ષા હવે 13 જૂન, 2026ના રોજ લેવામાં આવશે.
રાજ્ય પરીક્ષા બોર્ડે જાહેર કરેલા પરિપત્ર મુજબ, ઉમેદવારો દ્વારા રજૂ કરાયેલી અરજીઓ તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) વર્ગ-1 અને વર્ગ-2ની પરીક્ષા પણ 7 જૂનના રોજ યોજાનાર હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પરીક્ષાઓ એક જ દિવસે હોવાને કારણે ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે તારીખ લંબાવવામાં આવી છે. બોર્ડે જણાવ્યું કે, પ્રિલિમ પરીક્ષા બાદ મુખ્ય ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં ક્વોલિફાઈડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હવે મુખ્ય પરીક્ષા 13 જૂન, શનિવારના રોજ યોજાશે. ઉમેદવારોને નવી તારીખ નોંધી લેવા તેમજ પરીક્ષા સંબંધિત તમામ માહિતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં વસંતભાઈ પુરોહિત પ્રમુખ અને બબીબેન ચૌધરી ઉપપ્રમુખ તરીકે વરાયા

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠક આજે જિલ્લા પંચાયત પાલનપુર ખાતે જિલ્લા કલેકટર શ્રી અને અધ્યાસી અધિકારીશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે યોજાયેલી વરણી પ્રક્રિયામાં ચૂંટાયેલા સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં હાથ ઊંચા કરીને કરવામાં આવેલા સમર્થનમાં સૌથી વધુ સભ્યોનો ટેકો વસંતભાઈ પુરોહિતને મળતા તેઓ પ્રમુખ પદે વરાયા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે બબીબેન ચૌધરીની વરણી કરાઈ હતી.

## વાવ-થરાદ જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં રત્નીબેન પરમાર પ્રમુખ અને જગદીશ ચૌધરી ઉપપ્રમુખ તરીકે વરાયા

થરાદ | વાવ-થરાદ જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠક આજે જિલ્લા પંચાયત ખાતે પાટણ જિલ્લા કલેકટર અને વાવ - થરાદ અધ્યાસી અધિકારી શ્રી પ્રશાંત જિલોવાનીની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે યોજાયેલી વરણી પ્રક્રિયામાં કુલ 30 સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં હાથ ઊંચા કરીને કરવામાં આવેલા સમર્થનમાં સૌથી વધુ સભ્યોનો ટેકો રત્નીબેન હરચંદભાઈ પરમારને મળતા તેઓ પ્રમુખ પદે વરાયા હતા. આમ નવનિર્મિત વાવ-થરાદ જિલ્લામાં પ્રથમ વખત જિલ્લા પંચાયત અસ્તિત્વમાં આવી છે. આ ઐતિહાસિક પ્રસંગે વાવ-થરાદ જિલ્લાને પ્રથમ જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે રત્નીબેન હરચંદભાઈ પરમારનું નેતૃત્વ પ્રાપ્ત થયું છે.

## નખત્રાણામાં ખીલી નારી શક્તિ: પંચાયતની કમાન ફરી મહિલા નેતૃત્વના હાથમાં તાલુકાને ફરી "ધન" રાશિ ધરાવતા પ્રમુખ મળ્યા

મહેશ એલ. સોની નખત્રાણા | નખત્રાણા તાલુકા પંચાયતના રાજકારણમાં ફરી નારી શક્તિને તાલુકાની જવાબદારી સંભાળવાની મળી છે . ગત ટર્મ માં ધન રાશિ ધરાવતા નાગવીરી ગામના શ્રીમતિ ભાવનાબેન પટેલ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. આમ ફરી તાલુકાને 'ધન' રાશિ ધરાવતા પ્રમુખ મળ્યા છે.પ્રાંત અધિકારી શ્રી ઉત્કર્ષ ઉજ્જવલની અધ્યક્ષતામાં મળેલી ખાસ બેઠકમાં ધારણા મુજબ પંચાયતના સુકાન માટે નારી શક્તિ પર મહોર મારવામાં આવી. પ્રમુખ અને ઉપપ્રમુખ બંને મહત્વના હોદ્દા પર મહિલાઓની સર્વાનુમતે વરણી થતાં નખત્રાણા તાલુકાએ મહિલા સશક્તિકરણની દિશામાં મોટું કદમ ભર્યું છે.તાલુકા પંચાયત પ્રમુખ તરીકે શ્રીમતી ભારતીબેન નિતીનભાઈ ગોસ્વામી ઉપપ્રમુખ તરીકે શ્રીમતી જ્યોતિબા રણજીતસિંહ સોઢા કારોબારી ચેરમેન તરીકે શ્રી બેચરલાલ બાબુલાલ રૂડાણી શાસક પક્ષના નેતા તરીકે શ્રી જેસંગભાઈ વેલાભાઈ આયર દંડક તરીકે શ્રીમતી જશોદા બહેન ગોવિંદભાઈ બળીયાની વરણી કરવામાં આવી હતી.

## વેક્સ બનાવતી કંપનીમાં ભીષણ આગ કલાકો બાદ કાબૂમાં:એક શ્રમિકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર | કલોલના સાંતેજ વિસ્તારમાં આવેલી 'ફેઈથ' નામની વેક્સ બનાવતી ફેક્ટરીમાં આજે(22 મે) ભયાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તેને 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. ગાંધીનગર, અમદાવાદ, કડીથી ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચ્યા હતો અને આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. આ દુર્ઘટનામાં ફેક્ટરીમાં કામ કરતા શ્રમિક શનિ રવિદાસનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે 3 કર્મચારીઓ દાઝ્યા હતા જેમને અમદાવાદની અસારવા સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. મળતી માહિતી મુજબ, સાંતેજ સ્થિત વેક્સ બનાવતી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. કંપનીમાં મોટા જથ્થામાં વેક્સ (મીણ)નો સ્ટોક હોવાથી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે નીકળતા કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા, જેને લઈને આસપાસના વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. આગની ગંભીરતાને જોતા તુરંત જ કલોલ, ગાંધીનગર, અમદાવાદ અને કડી સહિતના આસપાસના વિસ્તારોમાંથી ફાયર ફાઈટરોની ટીમો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.. ફાયર જવાનો દ્વારા આગને કાબૂમાં લેવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી. વધતી જતી ગરમીના કારણે પણ આગ પર કાબૂ મેળવવામાં મુશ્કેલીઓ પડી રહી હતી. જો કે 10 લાખ લિટર પાણી અને ફોમનો મારો ચલાવી ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે. સુરક્ષાના ભાગરૂપે લોકોની ભીડને દૂર કરી વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આ આગની ગંભીરતાને જોતા કલોલના મામલતદાર પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# પેટ્રોલ પંપ પર લાગેલી લાઈનો મુદ્દે AAP નેતા પિયુષ પરમારે ભાજપ સરકારની ઘેરી

અમદાવાદ/જુનાગઢ/ગુજરાત | આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પિયુષ પરમારે ફેસબુક લાઈવના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે દેશમાં ખૂબ જ ગંભીર પરિસ્થિતિ પેદા થઈ છે. આજે હું એક એવી જિલ્લા પંચાયતની સીટ પર છું જ્યાં ભાજપના આયાતી ઉમેદવાર જીત્યા છે અને તેઓના પોતાના પેટ્રોલ પંપ પણ છે.

મેં સાંભળ્યું હતું કે અઢી કરોડ ખર્ચીને તેઓ જિલ્લા પંચાયતના સદસ્ય બન્યા પરંતુ હવે જનતાની હાલત શું છે એ જોવા જેવી વાત છે. હાલ હું જ્યાં હું ઉભો છું ત્યાં ડીઝલ માટે ટ્રેક્ટરોની લાઈન લાગી છે. આ બાબતે મેં ચૂંટણી પહેલા પણ કહ્યું હતું અને આજે આટલી બધી લાઈન જોઈને તમે સમજી શકો છો કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે. આજે ભાજપને મત આપનાર તમામ લોકો લાઈનમાં છે. સમય આવ્યે જનતા સમજશે એવી આશા રાખીયે છીએ. આજે લગભગ દોઢ કિલોમીટર સુધી લાઈન લાગેલી છે. આજે ભાજપના મોટા નેતાઓ લાઈનમાં નથી.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારે જણાવ્યું હતું કે, હું સમગ્ર ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કહેવા માગું છું કે હાલ જે પરિસ્થિતિ સર્જાઈ છે એ કોઈ સામાન્ય વાત નથી. તમે જ્યાં સુધી પોતાની પરિસ્થિતિ માટે પોતે અવાજ નહીં ઉઠાવો ત્યાં સુધી પરિસ્થિતિ નહીં બદલાય. આજે હજારો લોકો લાઈનમાં લાગેલા છે જ્યાં બીજેપીનો એક પણ નેતા કે કાર્યકર્તા લાઈનમાં નથી દેખાતો પરંતુ જનતા લાઈનમાં છે.

ખૂબ જ દુઃખદ બાબત છે જ્યાં સુધી ખેડૂતો એક નહીં થાય ત્યાં સુધી પરિસ્થિતિ આવી જ રહેશે. હું એટલું જ કહેવા માંગીશ કે જો આ તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીની બોડી બની હોત તો આ પરિસ્થિતિનું નિર્માણ અમે ન થવા દેતા. હાલ પાંચ વર્ષ માટે જે લોકોને સત્તા મળી છે એ લોકોને એટલું જ કહીશ કે જનતાનો વિશ્વાસ જીતવાની કોશિશ કરો. સરકાર આવનારા સમયમાં જનતા માટે સારા કામ કરે એવી આશા અને અપેક્ષા રાખીએ છીએ.

## યાકુતપુરામાં કબ્રસ્તાનમાં ક્રિકેટ રમવાની ના પાડતા બે વેપારી વચ્ચે મારામારી

વડોદરા| વડોદરામાં યાકુતપુરાના મદાર મોહલ્લામાં રહેતા સિદ્દીકશા ઈબ્રાહીમશા દિવાન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરે છે. સીટી પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત 18 મી તારીખે સાંજે 5:30 વાગે હું મારા ઘરે હતો અમારા ઘરના છોકરાઓ અમારા મહોલ્લાના છોકરાઓ સાથે અમારા ઘરની પાસે આવેલા અલીપારશા દાદાના કબ્રસ્તાનમાં ક્રિકેટ રમતા હતા. તે દરમિયાન સાબીરશા કાદરશા દિવાન પાણી છાંટવા માટે આવ્યો હતો. તેણે છોકરાઓને આ જગ્યાએ ક્રિકેટ નહીં રમવા માટે કહ્યું હતું.
જેથી સાબીરશાને સમજાવવા માટે મારો ભત્રીજો ઐયુબશા દિવાન ગયો હતો. પરંતુ તેને મારા ભત્રીજા સાથે પણ બોલાચાલી કરી હતી. હું છોડાવવા ગયો ત્યારે મારી સાથે પણ ઝઘડો કરી આ કબ્રસ્તાન તારા બાપનું છે તેમ કહી ઓરડીમાંથી ધારદાર હથિયાર લાવી મારા ગળા પર મૂકી દેતા મને ગળા પર ઈજા થઈ હતી. આ ઝઘડાનો વિડીયો ઉતારતી મારી પત્ની સાથે પણ તેઓએ જપાજપી કરી મોબાઈલ પાડી દીધો હતો. મોહલ્લાના માણસો ભેગા થઈ જતા અમને છોડાવ્યા હતા.

# તાલાલામાં બીજેપીના તાલુકા પંચાયતના પ્રમુખ બેસાડવામાં કોંગ્રેસે ઈનડાયરેકલી ટેકો આપ્યાનો AAP નો આક્ષેપ

**'આપ' ના 7 સભ્યોની સામે કોંગ્રેસના માત્ર 2 સભ્યો જ હોવા છતાં આમ આદમી પાર્ટીએ ઉપપ્રમુખ ,કારોબારી અને ન્યાય સમિતિ આપવાની વાત કરી હોવા છતાં કોંગ્રેસ તાલુકા પંચાયત બનાવવામાં આપ સાથે સમર્થનમાં ના રહીને ભાજપનો પ્રમુખ બનાવવામાં પડદા પાછળ સમર્થન આપ્યું હોય એવી લોકમુખે ચર્ચાઓએ વેગ પકડ્યો છે**

અમદાવાદ | આમ આદમી પાર્ટી પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે આજે તાલાલા તાલુકા પંચાયતની અંદર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ રહી છે. તાલાલા તાલુકા પંચાયતની અંદર આમ આદમી પાર્ટીના જીતેલા સાતેય સભ્યોને લઈને અમને ગર્વ છે, કારણ કે જીત્યા ત્યારથી અનેક પ્રકારની અફવાઓ, દબાણો અને ચર્ચાઓ ચાલી રહી હતી. પરંતુ આજે સાતેય સભ્યો એકસાથે ચૂંટણી પ્રક્રિયામાં ઉપસ્થિત રહ્યા છે. ક્યાંય કોઈ સભ્ય વેચાયો નથી અને ક્યાંય કોઈ દબાણમાં આવ્યો નથી. આ આમ આદમી પાર્ટીની સૌથી મોટી જીત છે અને જનતાના વિશ્વાસની પણ સૌથી મોટી જીત છે. પ્રવીણ રામે જણાવ્યું હતું કે કમનસીબે તાલાલા તાલુકા પંચાયતના પ્રમુખ પદે ભાજપ બેસી છે અને તે માત્ર કોંગ્રેસના પરોક્ષ સમર્થનના કારણે શક્ય બન્યું છે. કોંગ્રેસના માત્ર બે સભ્યો હોવા છતાં આમ આદમી પાર્ટીએ તેમને ઉપપ્રમુખ, કારોબારી અને ન્યાય સમિતિ જેવી જવાબદારીઓ આપવાની ઓફર કરી હતી, છતાં કોંગ્રેસે આમ આદમી પાર્ટીના પ્રમુખ પદના ઉમેદવારને સમર્થન આપ્યું નથી. આપ નેતા પ્રવીણ રામે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે ભાજપના પ્રમુખને બેસાડવામાં ઈનડાયરેક્ટલી સમર્થન આપ્યું છે અને અહીંથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસ ભાજપ સાથે જોડાયેલી છે તથા કોંગ્રેસ ભાજપની 'બી ટીમ' તરીકે કામ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર તાલાલા અને ગુજરાતમાં આ એક સ્પષ્ટ સંદેશ ગયો છે કે કોંગ્રેસે આમ આદમી પાર્ટીને સમર્થન આપવાને બદલે ભાજપને સત્તામાં બેસાડવાનું પસંદ કર્યું છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી કતારો, ખેડૂતો ચિંતિત બન્યા મોટું આર્થિક સંકટ

# ડીઝલની કારમી અછત સર્જાતા મ.ગુજરાતમાં વ્યાપક હોબાળો

(એજન્સી) વડોદરા । તા. 23

મધ્ય ગુજરાતના વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાંથી અત્યારે સામાન્ય નાગરિકો અને ગ્રામીણ અર્થતંત્રને હચમચાવી મૂકે તેવા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સમગ્ર પંથકમાં ઈંધણની સપ્લાય ખોરવાઈ જતાં વ્યાપક હોબાળો મચ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી બંને જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વાહનોના ચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મુખ્ય માર્ગો પર આવેલા ઈંધણ મથકોની બહાર વહેલી સવારથી જ ટ્રેક્ટરો, ટ્રકો અને અન્ય મોટા કોમર્શિયલ વાહનોના પૈડાં થંભી ગયા છે. અચાનક ઉભી થયેલી આ ગંભીર કટોકટીના કારણે સ્થાનિક વેપાર અને પરિવહન વ્યવસ્થા પર ખૂબ જ માઠી અસર પડી રહી છે, જેના લીધે પ્રજામાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



અત્યાર સુધીની પરિસ્થિતિ જોતાં અનેક વિસ્તારોમાં ઈંધણનો મુખ્ય જથ્થો સદંતર ખૂટી પડ્યો છે, જેના કારણે સંચાલકોને સમયાંતરે પોતાના મથકો સંપૂર્ણપણે બંધ રાખવાની નોબત આવી પડી છે. મીડિયા અહેવાલ મુજબ, વાહનચાલકોને તેમની જરૂરિયાત મુજબનું પૂરતું ઈંધણ મળી રહ્યું નથી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે સંચાલકો દ્વારા વ્યક્તિગત વાહન દીઠ એકથી બે હજાર રૂપિયાની મર્યાદા નક્કી કરી દેવામાં આવી છે. બીજી તરફ, મથકના માલિકો ખુલ્લેઆમ જણાવી રહ્યા છે કે મુખ્ય ઓઈલ કંપનીઓ તરફથી જ તેમને અત્યંત મર્યાદિત અને ઓછો સ્ટોક સપ્લાય કરવામાં આવી રહ્યો છે. જોકે, સરકારી બાબુઓ અને ઉચ્ચ વહીવટી અધિકારીઓ હજુ પણ બજારમાં પૂરતો જથ્થો હોવાના અને જનતાને બિનજરૂરી ન ગભરાવાના પોકળ દાવા કરી રહ્યા છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે આ અણધારી અછતે જગતના તાતની કમર તોડી નાખી છે. સૂત્રો દ્વારા મળતી સત્તાવાર વિગતો અનુસાર, અત્યારે ઉનાળુ પાકની લણણી અને આગામી ચોમાસુ ખેતીની પૂર્વ તૈયારીઓની મુખ્ય સિઝન ચાલી રહી છે. આ સમયે ખેડૂતોને પોતાના ટ્રેક્ટરો અને ખેતીના આધુનિક મશીનો ચલાવવા માટે દરરોજ હજારો લીટર ઈંધણની સખત જરૂરિયાત હોય છે. તેવા જ સમયે ઈંધણની આ કટોકટી સર્જાતા ધરતીપુત્રો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોનો વેધક આક્ષેપ છે કે મોટા ટ્રક ચાલકોને પાંચ હજાર રૂપિયા સુધીનું ઈંધણ સરળતાથી આપવામાં આવે છે, જ્યારે કાળી મજૂરી કરતા ખેડૂતોને માત્ર બે હજાર રૂપિયાનું જ ઈંધણ આપીને પાછા કાઢવામાં આવે છે. આ ભેદભાવના કારણે ખેતીકામ ઠપ્પ થઈ ગયું છે અને ભવિષ્યમાં પાક નિષ્ફળ જશે તો તેની આર્થિક ભરપાઈ કોણ કરશે તેવો સળગતો પ્રશ્ન ભૂમિપુત્રો પૂછી રહ્યા છે.

### મોંઘા પ્રીમિયમ ઈંધણનું વેચાણ અને મોંઘવારીનો નવો ડામ

આ ગંભીર કટોકટી વચ્ચે કેટલાક નફાખોર તત્વો અને મથક સંચાલકો દ્વારા નાગરિકોની મજબૂરીનો ગેરફાયદો ઉઠાવવામાં આવી રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. બજારમાં સામાન્ય ઈંધણનો સ્ટોક હોવા છતાં, ગ્રાહકોને ફરજિયાતપણે વધુ કિંમત ધરાવતું પ્રીમિયમ ઈંધણ ખરીદવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. સામાન્ય ભાવની સરખામણીએ આ પ્રીમિયમ ઈંધણ ઘણું મોંઘું હોવાથી, મધ્યમ વર્ગના વાહનચાલકો અને નાના વેપારીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આર્થિક મંદી અને મોંઘવારીના આ કપરા સમયમાં પ્રજાને નછૂટકે પોતાના ખિસ્સા હળવા કરવા પડી રહ્યા છે, જે બાબત સ્થાનિક અર્થતંત્ર માટે અત્યંત ચિંતાજનક છે.

## દેવદીપ હોસ્પિટલ લિફ્ટ અકસ્માતથી તબીબી આલમમાં ભારે સનસનાટી



વડોદરા | સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલી એક જાણીતી ખાનગી હોસ્પિટલમાં શનિવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. ગોત્રી વિસ્તારના હરિનગર પાંચ રસ્તા પાસે આવેલી દેવદીપ ઓર્થોપેડિક હોસ્પિટલની પેસેન્જર લિફ્ટ બીજા માળેથી અચાનક તૂટી પડીને સીધી ભોંયતળિયે ધડાકાભેર પટકાઈ હતી. આ હૃદયકંપાવનારી ઘટનાને પગલે સમગ્ર મેડિકલ સ્ટાફ અને દર્દીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. લિફ્ટમાં હાજર હોસ્પિટલના મુખ્ય તબીબ આ અકસ્માતમાં ગંભીર રીતે ફસાઈ ગયા હતા, જેમને બહાર કાઢવા માટે સરકારી વહીવટી તંત્રની મદદ લેવી પડી હતી. જ્યારે આ લિફ્ટ બીજા માળેથી નીચે તરફ આવી રહી હતી ત્યારે તેની ચેઈન અથવા કેબલ તૂટી જતાં તે બેકાબૂ થઈ ગઈ હતી. લિફ્ટ પટકાવાના કારણે અંદર સવાર જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો. હિમાંશુ પટેલનો પગ લિફ્ટના પતરા અને લોખંડના માળખા વચ્ચે ખરાબ રીતે કચડાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વડીવાડી ફાયર સ્ટેશનની રેસ્ક્યુ ટીમ આધુનિક કટર અને સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી.


## અંત્યોદય ટ્રેન બાળ તસ્કરી શંકાના આધારે વડોદરા રેલવે પોલીસની મોટી કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 23

ગુજરાત રેલવે પોલીસ મથકને મળેલી એક અત્યંત સંવેદનશીલ ગુપ્ત માહિતીના આધારે વડોદરાના રેલવે સ્ટેશન પર વહેલી સવારે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બિહારના દરભંગાથી વાયા વડોદરા થઈને અમદાવાદ જઈ રહેલી અંત્યોદય એક્સપ્રેસ ટ્રેનમાં મોટા પાયે માસૂમ બાળકોની હેરાફેરી થઈ રહી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ માહિતી મળતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો એક્શન મોડમાં આવી ગયો હતો અને શંકાસ્પદ કોચમાં દરોડા પાડીને ૨૦ જેટલા સગીર વયના બાળકોને ટ્રેનમાંથી સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધા હતા.

ક્રાઈમ રિપોર્ટ અનુસાર, રેલવે કંટ્રોલ રૂમને સત્તાવાર બાતમી મળી હતી કે અંદાજે ૧૦૮ જેટલા ગરીબ બાળકોને બિહારના ગ્રામ્ય વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે મજૂરી અથવા અન્ય હેતુ માટે અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહ્યા છે. આ ઈનપુટ્સના આધારે રેલવે પોલીસે શનિવારે મળસ્કે બરાબર ચાર વાગ્યે વડોદરાના છાયાપુરી રેલવે સ્ટેશન પર અંત્યોદય એક્સપ્રેસ ટ્રેન આવતા જ આખા પ્લેટફોર્મને કોર્ડન કરી લીધું હતું. પોલીસ ટીમે ટ્રેનની અંદર તપાસ કરતા પ્રાથમિક તબક્કે ૨૦ બાળકો મળી આવ્યા હતા, જ્યારે અન્ય બાળકો અગાઉના સ્ટેશનો પર ઉતરી ગયા હોવાની આશંકા સેવાઈ રહી છે.

પકડાયેલા તમામ બાળકો પાસે મુસાફરી માટેની માન્ય રેલવે ટિકિટ ઉપલબ્ધ હતી. નવાઈની વાત એ છે કે ટ્રેનમાં આ બાળકો સાથે કોઈ સત્તાવાર વાલી, સંબંધી કે ગેંગનો હેન્ડલર (દલાલ) હાજર નહોતો. પોલીસે માનવતાવાદી અભિગમ અપનાવીને સૌથી પહેલા તમામ માસૂમોનું સરકારી ડોક્ટરો પાસે વિગતવાર મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. ત્યારબાદ સરકારી બાળ સંરક્ષણ સમિતિની હાજરીમાં બાળકોની પ્રાથમિક પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. પોલીસ સમક્ષ બાળકોએ એવું નિવેદન આપ્યું છે કે તેઓ અમદાવાદમાં રહેતા પોતાના નજીકના સંબંધીઓના ઘરે વેકેશન ગાળવા તેમજ કામ અર્થે જઈ રહ્યા હતા.



## કન્ટેનર હેરફેર વિલંબના કારણે આયાત-નિકાસ ઉદ્યોગોને કરોડોનું નુકસાન

(એજન્સી) વડોદરા । તા. 23

ખાડી દેશોમાં ફાટી નીકળેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે વેપાર જગત પહેલેથી જ ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે વડોદરા અને મધ્ય ગુજરાતના આયાત-નિકાસ (ઈમ્પોર્ટ-એક્સપોર્ટ) ઉદ્યોગો પર વધુ એક મોટો આર્થિક પ્રહાર થયો છે. વડોદરાથી નવી મુંબઈના જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) વચ્ચે થતી માલસામાનના કન્ટેનરોની હેરફેરમાં પહેલા કરતાં બમણોથી ત્રણ ગણો સમય લાગી રહ્યો છે. જે કન્ટેનર પહેલાં માત્ર પાંચ દિવસમાં પોતાના નિયત સ્થાને પહોંચી જતા હતા, તેને પહોંચાડવામાં હવે દસથી પંદર દિવસ જેટલો લાંબો સમય વીતી રહ્યો છે. આ ગંભીર સમસ્યાના કારણે સ્થાનિક ઉદ્યોગકારોને દૈનિક કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવું પડી રહ્યું છે. વડોદરાના આયાતકારો અને નિકાસકારોના સંગઠન 'એક્ઝિમ ક્લબ' દ્વારા આ મામલે જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટીને એક સત્તાવાર પત્ર લખીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. સંગઠને માંગ કરી છે કે વહીવટી ખામીના કારણે થતા આ વિલંબ બદલ ઉદ્યોગો પાસેથી વસૂલવામાં આવતો વધારાનો ડિટેન્શન અને ડેમરેજ (વિલંબ શુલ્ક) ચાર્જ સંપૂર્ણપણે જતો કરવામાં આવે. પોર્ટ પર જહાજમાંથી માલ ઉતર્યા બાદ તેને કન્ટેનર ફ્રેટ સ્ટેશન (CFS) સુધી લાવવા માટે જ ઓથોરિટી પાસે પૂરતી ટ્રકો કે ડ્રાઈવરો ઉપલબ્ધ નથી, જેના કારણે ક્લિયરન્સ મેળવવામાં જ આખું સપ્તાહ નીકળી જાય છે.

## વાહન વેચાણ ઘટાડો નોંધાતા ઓટોમોબાઈલ ક્ષેત્રે મોટો ફફડાટ, વૈશ્વિક યુદ્ધ અસર બજાર પર દેખાઈ

(એજન્સી) વડોદરા । તા. 23

ખાડી દેશોમાં ચાલી રહેલા ભયાનક સૈન્ય સંઘર્ષ અને ઈરાન-અમેરિકા વચ્ચેના તણાવની સીધી નકારાત્મક અસર હવે વૈશ્વિક અર્થતંત્ર સહિત સ્થાનિક વાહન બજાર પર સ્પષ્ટપણે દેખાવા લાગી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી અસ્થિરતા અને ઈંધણના સતત વધતા જતા ભાવોના કારણે મધ્ય ગુજરાતના ઓટોમોબાઈલ માર્કેટમાં મોટો કડાકો બોલાઈ ગયો છે. ખાસ કરીને પેટ્રોલ અને પેટ્રોલિયમ મિશ્રિત ગેસ આધારિત વાહનોના શોરૂમ પર ગ્રાહકોની ભીડ ગાયબ થઈ ગઈ છે. રાજ્ય સરકારના સત્તાવાર પરિવહન પોર્ટલ દ્વારા જાહેર કરાયેલા ચાલુ વર્ષના તાજા આંકડાઓએ ઓટો ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓની ઊંઘ હરામ કરી દીધી છે.

મીડિયા અહેવાલ અનુસાર, વડોદરા શહેરમાં ગત વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરીથી મે મહિનાના સમયગાળા દરમિયાન કુલ ૪૫,૧૯૮ નાના-મોટા વાહનોનું ધૂમ વેચાણ થયું હતું. જેની સરખામણીએ ચાલુ વર્ષે મે મહિનાની ૨૧ તારીખ સુધીમાં માત્ર ૨૨,૭૫૦ વાહનોનું જ નોંધણી કાર્ય થયું છે. સત્તાવાર ગણતરી મુજબ વાહનોના કુલ વેચાણમાં અંદાજે ૪૯.૭ ટકા જેટલો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ આંચકાજનક આંકડા સામે આવ્યા બાદ સ્થાનિક ડીલરો અને ઓટોમોબાઈલ કંપનીઓમાં ભારે ચિંતા અને નિરાશાનો માહોલ વ્યાપી ગયો છે.

### મોંઘા ઈંધણ અને ભવિષ્યની અનિશ્ચિતતા

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રોજબરોજ વધી રહેલા ઈંધણ ખર્ચ અને આગામી સમયની આર્થિક અનિશ્ચિતતાને કારણે સામાન્ય મધ્યમવર્ગીય પરિવારો નવું પેટ્રોલ વાહન ખરીદવાનું સાહસ કરી રહ્યા નથી. આ લાંબા ગાળાની મંદીના કારણે લોન આપતી બેંકો અને ફાયનાન્સ કંપનીઓના વ્યવસાયને પણ મોટો ધક્કો પહોંચ્યો છે. જો કે, આ કટોકટી વચ્ચે એક નવો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે, જેમાં ગ્રાહકો પરંપરાગત ગાડીઓ છોડીને ફક્ત સીએનજી ટેકનોલોજી અને અત્યાધુનિક ઈલેક્ટ્રિક વાહનો તરફ આકર્ષાઈ રહ્યા છે.

## એમએસ યુનિવર્સિટી મોક ટેસ્ટનું સફળ આયોજન, હજારો વિદ્યાર્થીઓ જોડાયા




વડોદરા |શહેરની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ની સૌથી મોટી ગણાતી કોમર્સ ફેકલ્ટીમાં પ્રથમ વર્ષ બી.કોમ. (FYBCom) માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હજારો વિદ્યાર્થીઓ માટે શનિવારનો દિવસ ખૂબ જ અગત્યનો સાબિત થયો છે. આગામી ૨૬ મે ના રોજ યોજાનારી મુખ્ય એન્ટ્રન્સ ટેસ્ટ પહેલા, યુનિવર્સિટી પ્રશાસન દ્વારા આજે ૨૩ મે, શનિવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન એક વિશેષ ઓનલાઈન મોક ટેસ્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાયલોટ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ રવિવાર અને સોમવાર દરમિયાન શૈક્ષણિક સર્વરની ગતિ તપાસવાનો અને મુખ્ય પરીક્ષા વખતે કોઈપણ પ્રકારના સાયબર અવરોધ ન આવે તે સુનિશ્ચિત કરવાનો છે. કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રો. પ્રજ્ઞોશ શાહે મીડિયાને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઓનલાઈન પરીક્ષા પૂર્વે સોફ્ટવેરમાં કોઈ ખામી ન રહી જાય તે માટે આ મોક ટેસ્ટ અનિવાર્ય હતી. આ પરીક્ષા માટે રજિસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓને સત્તાવાર ઈમેઈલ અને એસએમએસ દ્વારા લોગ-ઈન લિંક અગાઉથી જ મોકલી દેવામાં આવી હતી.

## સિવિલ હોસ્પિટલમાં તમામ દર્દીઓ દાખલ

# ફૂડ પોઈઝનિંગની અસર થતાં ઉપલેટા પંથકમાં ભારે દોડધામ



(એજન્સી) ઉપલેટા । તા. 23

સૌરાષ્ટ્ર પંથકમાંથી ઉનાળાની ઋતુ દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે મોટા સવાલો ઊભા કરતો એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉપલેટા તાલુકાના ઐતિહાસિક ખારચીયા (શહીદ) ગામના એક જ કલ્યાણકારી પરિવારના આશરે સોળ જેટલા નિર્દોષ સભ્યોને અચાનક ગંભીર ફૂડ પોઈઝનિંગની અસર થતાં સમગ્ર પંથકના વહીવટી અને આરોગ્ય તંત્રમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ છે. ધાર્મિક પ્રવાસ પૂરો કરીને અત્યંત ખુશખુશાલ વાતાવરણમાં પોતાના વતન પરત ફરી રહેલા આ નિર્દોષ લોકોને માર્ગમાં આવેલી એક ખાનગી હોટલનો નાસ્તો આજીવન યાદ રહી જાય તેવો કડવો અને ઝેરી સાબિત થયો છે. તમામ ભોગ બનનાર લોકોને અર્ધબેભાન અને અત્યંત નાજુક પરિસ્થિતિમાં સરકારી સારવાર કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા છે.

### હાઈવે પર વિસામો અને અચાનક સર્જાયેલી મેડિકલ કટોકટી

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતાં આ કમનસીબ કુટુંબ છેલ્લા થોડા દિવસોથી સૌરાષ્ટ્રના પવિત્ર યાત્રાધામો જેવા કે હર્ષદ માતાજી, દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા તેમજ પોરબંદરના વિવિધ જોવાલાયક સ્થળોના પ્રવાસે ગયું હતું. મીડિયા અહેવાલ મુજબ, શુક્રવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ આ આખો કાફલો પોરબંદર-ઉપલેટા હાઈવે પર આવેલા ગણોદના પાટિયા પાસે પહોંચ્યો હતો. પ્રવાસના થાકને ઉતારવા અને હળવો આહાર લેવા માટે પરિવારે ત્યાં આવેલી એક હાઈવે હોટલ પર પોતાનું વાહન રોક્યું હતું. કુટુંબના મોભીઓ અને સભ્યોએ ત્યાં ગરમીથી રાહત મેળવવા માટે ઠંડી છાશ પીધી હતી અને સાથે પફ જેવા લોકપ્રિય નાસ્તાની મિજબાની માણી હતી. પરંતુ ઘરે પહોંચતાની સાથે જ આ આખા પરિવાર પર જાણે આકાશી આફત તૂટી પડી હતી.

### ઝેરી અસર અને આરોગ્ય તંત્રની ત્વરિત બચાવ કામગીરી

હોટલ પર નાસ્તો કરીને પરિવાર જેવો જ પોતાના ઘરે પહોંચ્યો, કે તુરંત જ એક પછી એક તમામ સભ્યોને પેટમાં અસહ્ય દુખાવો અને તીવ્ર ઉલ્ટીઓ થવા લાગી હતી. ખાસ કરીને નાના બાળકો અને ઘરડા વૃદ્ધોની સ્થિતિ પળવારમાં અત્યંત ગંભીર બની ગઈ હતી. કુટુંબના જાગૃત સભ્ય જીજ્ઞોશભાઈ ચૌહાણે સમય સૂચકતા વાપરીને તાત્કાલિક ધોરણે આપત્તિ વ્યવસ્થાપન અને ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક સાધ્યો હતો. પરિસ્થિતિની ભયાનકતાને ધ્યાનમાં રાખીને હાઈવે પરથી તાકીદે બે એમ્બ્યુલન્સો ઘટનાસ્થળે દોડાવવામાં આવી હતી.

## ન્હાવા પર પ્રતિબંધ હોવા છતાં બેદરકારી, પરિવાર દર્શનાર્થે આવ્યો ને માતમ છવાયો

# સોમનાથના દરિયામાં દુર્ઘટના સર્જાતા ત્રણ પરપ્રાંતીય યુવાનો તણાયા

(એજન્સી)વેરાવળ। તા. 23

ગુજરાતના સુપ્રસિદ્ધ અને પ્રથમ જ્યોતિર્લિંગ તીર્થધામમાંથી પ્રવાસીઓની સહેજ બેદરકારીના કારણે હૃદય હચમચાવી મૂકે તેવા અત્યંત ગમખ્વાર સમાચાર સામે આવ્યા છે. વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરના સાનિધ્યમાં આવેલા દરિયાકાંઠે આજે મહારાષ્ટ્રથી આવેલા એક પ્રવાસી કુટુંબના ત્રણ આશાસ્પદ યુવાનો વિકરાળ મોજાના પ્રચંડ પ્રવાહમાં અચાનક તણાઈ ગયા હતા. આ અણધારી આફતના પગલે સમગ્ર દરિયાકાંઠે ભારે અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી. જોકે, કાંઠે હાજર સ્થાનિક લોકોની ત્વરિત બહાદુરીના કારણે બે યુવાનોને મોતના મુખમાંથી સહીસલામત બહાર કાઢી લેવામાં સફળતા મળી છે, પરંતુ એક કમનસીબ યુવાન હજુ પણ અરબી સમુદ્રના ઊંડા પાણીમાં લાપત્તા હોવાથી તીર્થધામમાં ભારે ગમગીની વ્યાપી ગઈ છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતાં મહારાષ્ટ્રના સોલાપુર વિસ્તારમાં રહેતો એક આખો સુખી પરિવાર ઉનાળાના વેકેશનની મજા માણવા અને દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ લેવા માટે ગુજરાતના પ્રવાસે નીકળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ આખા પરિવારમાં અંદાજે તેર જેટલા સભ્યો સામેલ હતા, જેઓ ઐતિહાસિક જૂનાગઢ શહેરના ધાર્મિક સ્થળોની મુલાકાત લઈને સોમનાથ ખાતે પધાર્યા હતા. પવિત્ર મંદિરના દર્શન કર્યા બાદ પરિવારના ઉત્સાહી યુવાનો મનોરંજન માટે સોમનાથના દરિયાકાંઠે લટાર મારવા ગયા હતા. આ સમયે સમુદ્રમાં તીવ્ર કરંટ હોવાના કારણે ઉછળેલા એક વિશાળ અને કાળમુખા મોજાએ કાંઠે ઉભેલા ત્રણ યુવાનોને પળવારમાં પોતાની અંદર ખેંચી લીધા હતા, જેના લીધે પ્રવાસની તમામ ખુશીઓ ક્ષણભરમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી.

જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે દરિયાકાંઠે રોજગારી મેળવતા શ્રમિકોએ દેવદૂત બનીને બે માનવ જિંદગીઓ બચાવી લીધી. યુવાનો



દરિયાના પાણીમાં ડૂબી રહ્યા હોવાની બૂમાબૂમ થતાં જ કાંઠે પ્રવાસીઓના ફોટા પાડતા સ્થાનિક ફોટોગ્રાફર્સ, પ્રવાસીઓને સવારી કરાવતા ઘોડેસવારો તેમજ ઊંટ ગાડી ચલાવતા સાહસિક યુવાનોએ પોતાની જિંદગીની પરવા કર્યા વિના તુરંત જ દરિયાના ઉછળતા મોજામાં ઝંપલાવ્યું હતું. આ બહાદુર સ્થાનીકોએ ભારે જહેમત બાદ બાવીસ વર્ષના રોહિત મધુકર સરગમ અને પચ્ચીસ વર્ષના સુમિત સુરજ તોડકરીને જીવતા બહાર કાઢી લીધા હતા. પરંતુ કમનસીબે તેઓનો ત્રીજો સાથીદાર બાવીસ વર્ષીય વિઠ્ઠલ કલ્પા ભાલગાવકર દરિયાના ઉંડા વહેણમાં ગરકાવ થઈ જતાં લાપત્તા બન્યો હતો.

સૂત્રો દ્વારા મળતી સત્તાવાર વિગતો અનુસાર, આ ભયાનક અકસ્માતની જાણ કાંઠે તૈનાત સુરક્ષાકર્મીઓ દ્વારા તાત્કાલિક ધોરણે પ્રભાસપાટણ અને સોમનાથ પોલીસ મથકને કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજીને પોલીસ કાફલો તુરંત જ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ફાયર બ્રિગેડની સજ્જ ટીમોને તાકીદે વ્હારે બોલાવવામાં આવી હતી. હાલમાં દરિયાઈ મોજાની તીવ્ર ગતિ વચ્ચે પણ સરકારી સ્ટીમર અને આધુનિક બોટ મારફતે સ્થાનિક અનુભવી તરવૈયાઓની મદદથી લાપત્તા બનેલા વિઠ્ઠલ નામના યુવાનને શોધવા માટે સમુદ્રમાં યુદ્ધના ધોરણે સઘન સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. જોકે મોડી સાંજ સુધી તેનો કોઈ સચોટ પતો લાગ્યો નથી.

## ફૂડ સેફ્ટી લાયસન્સ ચેકિંગ અંતર્ગત આકરી કાર્યવાહી

# વડોદરા ખોરાકશાખા દરોડા: ખંડેરાવ માર્કેટ ફૂટ બજારમાં 12 દુકાનો સીલ કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 23

શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને નિયમોનું ઉલ્લંઘન કરતા તત્વો સામે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની આરોગ્ય સમિતિએ લાલ આંખ કરી છે. કોર્પોરેશનની ખોરાકશાખા (ફૂડ સેફ્ટી ટીમ) ની અલગ-અલગ ટુકડીઓએ આજે સવારે શહેરની સૌથી વ્યસ્ત અને મુખ્ય ગણાતી હોલસેલ માર્કેટમાં ઓચિંતું મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. વહીવટી તંત્રની આ અણધારી કાર્યવાહીના કારણે ગેરકાયદેસર અને બિનઆરોગ્યપ્રદ ચીજો વેચતા તત્વોમાં ભારે દોડધામ અને ફફડાટ મચી ગયો હતો. પબ્લિક હેલ્થ એક્ટના આધારે અધિકારીઓએ સ્થળ પર જ અનેક આકરા નિર્ણયો લીધા હતા કમિશનરની સીધી સૂચનાથી ખોરાકશાખાની ટીમે વોર્ડ નંબર ૧૩ માં સમાવિષ્ટ ખંડેરાવ માર્કેટની બિલકુલ પાછળના ભાગે ધમધમતી ફ્રૂટની હોલસેલ અને રીટેલ દુકાનોમાં દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ફરજિયાત એવું સરકારી લાયસન્સ કે રજીસ્ટ્રેશન ન ધરાવતી ૧૨ મોટી દુકાનો પકડાઈ ગઈ હતી. અધિકારીઓએ કાયદાકીય જોગવાઈઓનો ઉપયોગ કરીને આ તમામ ૧૨ દુકાનોને તાત્કાલિક અસરથી બંધ કરાવી દીધી છે અને સત્તાવાર સરકારી મંજૂરી મેળવ્યા બાદ જ ધંધો શરૂ કરવા કડક આદેશ આપ્યો છે. ખોરાકશાખાની ટીમે બજારના આંતરિક વિસ્તારોમાં આવેલી ૨૨ જેટલી ફ્રૂટની દુકાનો, મોટા કોલ્ડ સ્ટોરેજ ગોડાઉનો તેમજ શંકાસ્પદ લારીઓ ખાતે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ટ્રાફિકને અડચણરૂપ દબાણો, આસપાસ ફેલાયેલી અસહ્ય ગંદકી અને ગેરકાયદેસર વેપાર મામલે દંડાત્મક કાર્યવાહી કરીને સ્થળ પર જ ૧૯ બેદરકાર વેપારીઓ પાસેથી કુલ રૂ. ૪૮,૫૦૦ નો રોકડ દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગ્રાહકોના પેટમાં ઝેર સમાન એવા અંદાજે ૭૦ કિલો જેટલા સડી ગયેલા અને કેમિકલથી પકવેલા બિનઆરોગ્યપ્રદ ફળોનો જથ્થો જપ્ત કરી કચરાના ડમ્પિંગ સાઈટ પર તેનો વૈજ્ઞાનિક ઢબે નાશ કરવામાં આવ્યો હતો.

## રેન્જ આઈજી કડક કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ફફડાટ

# પડધરી યુવાન હત્યા કેસમાં બેદરકારી દાખવનાર ચાર અધિકારીઓ સસ્પેન્ડ

(એજન્સી) પડધરી । તા. 23

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખાખડાબેલા ગામે તાજેતરમાં બનેલી વાહન લે-વેંચના વેપારીની ચકચારી હત્યાના મામલે આખરે ઉચ્ચ પોલીસ વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક અને શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે. ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપીઓને પકડવામાં ઘોર બેદરકારી અને શિથિલતા દાખવ બદલ રાજકોટ રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આઈજી) એ સ્થાનિક પોલીસ મથકના બે પોલીસ ઈન્સ્પેક્ટર (PI), એક સબ-ઈન્સ્પેક્ટર (PSI) અને એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) ને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરવાનો હુકમ કર્યો છે. આ આકરા આદેશના પગલે સમગ્ર સૌરાષ્ટ્રના પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ક્રાઈમ રિપોર્ટ અનુસાર, પડધરીના ખાખડાબેલા ગામે રહેતા અને રાજકોટના અયોધ્યા ચોક વિસ્તારમાં વાહનોની લે-વેંચનો મોટો વ્યવસાય કરતા ૪૦ વર્ષના આશાસ્પદ યુવાન યુવરાજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા બુધવારે રાત્રે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ખાખડાબેલા ગામ નજીક અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા હુમલાખોરોએ તેમની કાર આડે પોતાની ગાડી ઉતારી દીધી હતી. યુવરાજસિંહ કશું સમજે તે પહેલાં જ નરાધમોએ તેમના પર તીક્ષ્ણ છરી વડે આડેધડ હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યા હતા. ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયેલા યુવાનને તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક યુવરાજસિંહે વર્ષ ૨૦૨૪માં પડધરી પોલીસ સ્ટેશનમાં આરોપી મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા અને યશપાલસિંહ રસિકસિંહ જાડેજા સહિત ત્રણ શખ્સો સામે દુષ્કર્મ અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગંભીર ગુનાની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં એક આરોપી જેલમાં છે, જ્યારે મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ લાંબા સમયથી ફરાર હતા.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SUNDAY • 24-05-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

**વૃષભ : બ. વ. ઉ.**

શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે.

**કર્ક : ડ. હ.**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**સિંહ : મ. ટ.**

પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**કન્યા : પ. ઠ. ણ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. મિત્રો અને અપિચિતોથી એક્સરખા ચેતતા રહેજો.

**તુલા : ર. ત.**

તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો.

**મકર : ખ. જ.**

કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

**પોલીસે ઓચિંતા દરોડા પાડીને મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો**

# પાલનપુર હાઈવે પર સ્પાની આડમાં ચાલતા ગેરકાયદે ધંધાનો પર્દાફાશ, થાઈલેન્ડની 5 યુવતીઓ સહિત 7 ઝડપાયા

(એજન્સી) બનાસકાંઠા | તા.23

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાલનપુર હાઈવે પર ધમધમતા એક હાઈપ્રોફાઈલ સ્પા સેન્ટર પર સ્થાનિક પોલીસે ઓચિંતા દરોડા પાડીને મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ સ્પા સેન્ટરમાં પિન્ક હેલ્થ કેર અને મસાજની આડમાં વિદેશી યુવતીઓ રાખીને ગેરકાયદેસર અને અનૈતિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હોવાની પાકી બાતમી પોલીસને મળી હતી, જેના આધારે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે.મળતી વિગતો મુજબ, પાલનપુર હાઈવે પર આવેલા આ સ્પા સેન્ટરમાં છેલ્લા કેટલાક સમયથી શંકાસ્પદ ગતિવિધિઓ ચાલી રહી હતી.



પોલીસની ટીમે ડમી ગ્રાહક મોકલીને આ સમગ્ર નેટવર્કની ખરાઈ કરી હતી. ત્યારબાદ પૂર્વ આયોજિત પ્લાન મુજબ પોલીસે સ્પા સેન્ટર પર ત્રાટકીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરોડા દરમિયાન પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે સ્પા સેન્ટરની આડમાં ચાલતા આ ગેરકાયદેસર ધંધામાંથી થાઈલેન્ડની 5 યુવતીઓ મળી આવી હતી. પોલીસે આ પાંચેય થાઈ યુવતીઓની અટકાયત કરી લીધી છે.આ ઉપરાંત, સ્પા સેન્ટરના સંચાલકો અને આ ગોરખધંધામાં સંડોવાયેલા અન્ય બે સ્થાનિક શખ્સોની પણ પોલીસે સ્થળ પરથી ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે વિદેશી યુવતીઓને ટુરિસ્ટ વિઝા અથવા અન્ય બહાને અહીં લાવીને સ્પાની આડમાં ગેરકાયદેસર કામો કરાવવામાં આવતા હતા.

પોલીસે સ્પામાંથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને અન્ય વાંધાજનક સામગ્રી જપ્ત કરી છે. પાલનપુર પોલીસે હાલમાં આ મામલે ગુનો નોંધીને પકડાયેલા શખ્સોની પૂછપરછ શરૂ કરી છે. આ સ્પાનો અસલી માલિક કોણ છે અને વિદેશી યુવતીઓને પાલનપુર સુધી લાવવામાં કોણ-કોણ સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**બોટાદ-ગાંધીગ્રામ-બોટાદ ટ્રેનનું ભાડું ઘટશે**

## ભાવનગર મંડળની 3 જોડી સ્પેશિયલ ટ્રેન નિયમિત દોડશે

ભાવનગર: ભાવનગર મંડળની ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેન આગામી ૧લી અને બીજી જૂનથી નિયમિત રીતે દોડાવવા માટે રેલવે બોર્ડે નિર્ણય કર્યો છે. સ્પેશિયલમાંથી મુસાફર ટ્રેનો થતાં યાત્રિકોને ટિકિટ ભાડામાં ઘટાડાનો પણ લાભ મળી રહેશે. યાત્રિકોની માંગ, ટ્રેનોને મળી રહેલા પ્રતિસાદને ધ્યાનમાં રાખી રેલવે બોર્ડે ત્રણ જોડી ટ્રેનનું નિયમિત સંચાલન કરવા આદેશ કર્યો છે. ભાવનગર ડીઆરએમ દિનેશ વર્માના પ્રયાસોથી હવે આગામી ૧લી જૂનથી ધોળા-ભાવનગર-ધોળા દૈનિક સ્પેશિયલ ટ્રેન હવેથી દૈનિક પેસેન્જર ટ્રેન તરીકે દોડશે. આ ટ્રેન ધોળાથી ૧૧અ૩૦ કલાકે ઉપડી ૧૨-૫૦ કલાકે ભાવનગર પહોંચશે. ભાવનગર ટર્મિનસથી બપોરે ૧-૧૫ કલાકે ઉપડી ૨-૩૫ કલાકે ધોળા પહોંચશે. બન્ને દિશામાં સણોસરા, બજુડ, સોનગઢ, સિહોર, ખોડિયાર મંદિર, વરતેજ અને ભાવનગર પરા સ્ટેશન પર ટ્રેન રોકાશે.તેવી જ રીતે ગાંધીગ્રામ-ભાવનગર-ગાંધીગ્રામ ટ્રેન પર દૈનિક પેસેન્જર તરીકે ચાલશે. ગાંધીગ્રામથી સવારે ૬-૩૫ કલાકે પ્રસ્થાન કરી ૧૧-૨૫ કલાકે ભાવનગર પહોંચશે. આ ફેરફાર બીજી જૂનથી અમલમાં આવશે. તેમજ ૧લી જૂનથી ભાવનગર ટર્મિનસથી સાંજે ૫ કલાકે ટ્રેન ઉપરડી રાત્રે ૯-૫૫ કલાકે ગાંધીગ્રામ પહોંચશે.

**હોસ્પિટલે ખસેડાયા**

## સરવા ગામે દંપતી અને પુત્રી પર ત્રણ શખ્સનો પાઇપ વડે હુમલો

ભાવનગર : બોટાદ તાલુકાના સરવા ગામની સીમમાં રહેતા ભરતભાઈ રણછોડભાઈ સવાણી ભાઈઓ સાથે જમીનના ભાગ બાબત વાંધો ચાલતો હોય અને ભાઈઓએ તેઓની જમીન કાળુ બાબભાઈ બારડ તથા મુન્ના બાબભાઈ બારડ તથાના સંબંધીને વહેચી દીધેલ હોય અને હાલ તે જમીન કાળુ તથા મુન્નાના વાવેતર કરતા હોય તેથી જમીનના ભાગ બાબતે મન દુ:ખ રાખી કાળુ તથા મુન્ના તથા જુવાનસંગ ભગુભાઈ પરમાર વાડીના ડેલા પાસે આવી જુવાનસંગએ ભરતભાઈ માથામાં લોખંડનો એક પાઈપનો ઘા મારી ઈજા કરી હતી. દરમિયાનમાં પત્નિ અને પુત્રી સાથે ભરતભાઈ સારવાર માટે હોસ્પિટલે જતાં હતા ત્યારે મઢુલી પાસે પહોંચતા ત્રણેય લોકો હાથમાં લોખંડના પાઈપ સાથે ધસી આવી પત્નિ રેખાબેન અને પુત્રી કાજલબેન અને ભરતભાઈ પર પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્તને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે ભરતભાઈએ ત્રણેય વિરૂધ્ધ બોટાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખેડબ્રહ્મા રોડ પર ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત

(એજન્સી) અંબાજી | તા.23

અંબાજી નજીક આવેલા હાઈવે પર ફરી એકવાર સ્પીડ અને બેદરકારીએ એક માનવ જિંદગીનો ભોગ લીધો છે. અંબાજીથી ખેડબ્રહ્મા તરફ જતા મુખ્ય માર્ગ પર આજે એક ડમ્પર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને આસપાસના સ્થાનિક લોકો અવાજ સાંભળીને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.મળતી માહિતી મુજબ, એક મોટરસાઈકલ પર બે વ્યક્તિઓ સવાર થઈને પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન ખેડબ્રહ્મા રોડ પર કાળમુખા ડમ્પરે બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

**ચોરીનો ભેદ ઉકેલાયો**

## ઘરફોડ અને વાહન ચોરી કરનાર શખ્સ વલ્લભીપુર પાસેથી ઝબ્બે

ભાવનગર : ભાવનગર, એલસીબીનો સ્ટાફ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં મિલકત સંબંધી ગુન્હાઓના શકદારોની તપાસમાં હતાં. તે દરમ્યાન વલ્લભીપુર પાંજરાપોળ પાસે આવતાં બાતમી મળેલ કે, ભાવનગર, વલ્લભીપુર, બજરંગ ચોકડી પાસે, જાહેરમાં એક પુરૂષ શંકાસ્પદ હાલતમાં સફેદ કલરની ઈકો કાર સાથે ઉભેલ છે. જે બાતમીવાળી જગ્યાએ જઇ તપાસ કરતાં સલમાન આયાતુલ્લા ઉર્ફે યાતુલ્લા નુરમહંમદ શાહ (રહે.બાબુભાઇના મકાનમાં ભાડેથી, રામ સુદર્શન ચોક પાસે, નન્ની નિવાસ, ગુવાપાડા, નેતાજી બજાર, અંબરનાથ વેસ્ટ, થાણે, મહારાષ્ટ્ર મુળ- ચેનઇ ગામ, જી. બદલામપુર રાજ્ય-ઉત્તરપ્રદેશ ) ને કાર ,રોકડા તમાકુના પેકેટ મળી રૂ.૨,૮૮,૭૯૮ ના મુદ્દામાલ સાથે ઝડપી ઝડપી લઈ પૂછપરછ કરતા સિહોર બાવળા ખાતે આવેલ પાન મસાલાની દુકાન અને સાણંદ ખાતેથી ઈકો કારની ચોરી કરી હોવાની અને જગદિશ ઉર્ફે જીજ્ઞોશ ઉર્ફે જીગો ગોરધનભાઈ રાઠોડ (રહે.નડીયાદ),સીરાજ નુરમહંમદ શાહ (રહે.અંબરનાથ, થાણે) ચોરીમાં સામેલ હોવાની કબૂલાત કરી હતી.

**સરખા સભ્યો હોવાથી જંગ રસપ્રદ બન્યો હતો**

## છોટા ઉદેપુર તાલુકા પંચાયત ચૂંટણીમાં ભારે હોબાળો: 'આપ'ના 3 સભ્યોનું અપહરણ થયાના આક્ષેપ

(એજન્સી) છોટા ઉદેપુર | તા.23

છોટા ઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી ભારે હંગામેદાર અને વિવાદાસ્પદ રહી છે. પોલીટેકનિક કોલેજ કેમ્પસમાં આવેલી તાલુકા પંચાયત કચેરી ખાતે મતદાન કરવા પહોંચેલા આમ આદમી પાર્ટી (AAP)ના ત્રણ સભ્યોને પોલીસની હાજરીમાં જ બુકાનીધારીઓ ઉઠાવી ગયા હોવાનો સળગતો આક્ષેપ 'આપ' દ્વારા કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે કોલેજના ગેટ પર 'આપ'ના કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. જોકે, આ તમામ આક્ષેપો અને વિવાદો વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે વિજય મેળવીને તાલુકા પંચાયત પર ભગવો લહેરાવ્યો છે.

છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તાનું ગણિત ખૂબ જ રસપ્રદ હતું. અહીં કુલ બેઠકોમાંથી આમ આદમી પાર્ટી 13 સભ્યો અને ભારતીય જનતા પાર્ટીના 13 સભ્યો હતા. બંને પક્ષો પાસે સરખા સભ્યો હોવાથી પ્રમુખ પદની ચૂંટણીમાં ભારે રસાકસી જામી હતી. 'આપ'ના તમામ 13 સભ્યો જ્યારે મતદાન કરવા માટે કેમ્પસમાં પહોંચ્યા ત્યારે સમગ્ર વિવાદની શરૂઆત થઈ હતી.આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા સદસ્યોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, તાલુકા પંચાયત કેમ્પસમાં 10થી 12 બુકાનીધારી અસામાજિક તત્વો પહેલેથી જ હાજર હતા. 'આપ'ના સભ્યો જેવા ત્યાં પહોંચ્યા કે તરત જ આ બુકાનીધારીઓએ તેમના પર હુમલો કર્યો હતો. અન્ય સભ્યોને માર મારીને તેમાંથી 3 સભ્યોને બળજબરીપૂર્વક ખાનગી વાહનોમાં બેસાડીને ઉઠાવી ગયા હતા. આ ઘટનાને પગલે કેમ્પસમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

'આપ'ના નેતાઓ અને ભોગ બનનારના પરિવારોએ આક્રોશ સાથે જણાવ્યું કે, જ્યારે આ ઘટના બની ત્યારે પોલીસ ત્યાં હાજર હતી, પરંતુ પોલીસે સભ્યોને બચાવવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો. સત્તાધારી પક્ષ ભાજપે સત્તાના જોરે, સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવીને પોલીસની મિલીભગતથી લોકશાહીનું ખૂન કર્યું છે. ભોગ બનનાર પરિવારોએ પોલીસ સમક્ષ તેમના સભ્યોને તાત્કાલિક હાજર કરવાની ઉગ્ર માંગ કરી હતી.

બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવેલા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા છે. આ રાજકીય ઘમસાણ અને હાઈવોલ્ટેજ ડ્રામા વચ્ચે જ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

## યોગ્ય તપાસ થાય તો ખાખી,ખાદી અને ઉચ્ચ અધિકારીઓની મિલીભગત પકડાય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પાલીતાણાના રાજસ્થળી વિડીમાંથી જંગલના લાકડા કટીંગ કૌભાંડ સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. જે મામલે વન વિભાગમાં ગુનો દાખલ થયા બાદ વન અધિકારીએ સિંહ સહિતના વન્ય પ્રાણીઓ રહેઠાણ પ્રજનન સવર્ધન સ્થળને થળને નુકસાન પહોચાડી વિડીમાંથી ૧૬૯૦ વૃક્ષનું કટીંગ કરી રૂા. ૩.૫૭ લાખની ઉચાપત કરવાના મામલે વનરક્ષક, વનપાલ, મહુવાના લાકડા દલાલ સહિત પાંચ શખસ સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.બનાવની જાણવા મળતી વિગતો અનુસાર પાલીતાણાની ફોરેસ્ટ કોલોનીમાં રહેતા પાલીતાણા રેન્જ પરિક્ષેત્ર વન અધિકારી પાયલબેન જાદવજીભાઈ જોષીએ પાલીતાણા રૂરલ પોલીસ મથકમાં પાલીતાણા રેન્જના વન રક્ષક કલ્પેશ ધરમશીભાઈ ડાભી (રે. નેસવડ, તા. ઘોઘા), વનપાલ કરશન રૂખડભાઈ ગોહિલ (રે. હોઈદડ, તા. ઘોઘા), ટ્રક નંબર જીજે. ૦૩. એડબલ્યુ-૪૨૩૩ના સંચાલક બુધા સુખાભાઈ ચૌહાણ (રે. તરસરા તા. તળાજા), ટ્રકના ડ્રાઈવર આસીફ ઉમરભાઈ શાહ (રે. તળાજા), મહુવાના અખતરીયા ગામના લાકડાના દલાલ મુકેશ બાંભણીયા વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી કે,પાલીતાણા વન ગુનાના પ્રથમ અહેવાલ મુજબ ભારતીય વન અધિનીયમ કલમ ૨૬(૧)(એ)(એબી), ૪૧(૨)(બી),૫૨, ૯૧, ૬૩, ૭૫ તથા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ ૯, ૨(૧૪), ૨(૧૫),૨(૧૬), ૫૧ મુજબની ફરીયાદ કચેરીના વનપાલ કરશન રૂખડભાઈ ગોહિલ, વનરક્ષક કલ્પેશ ધરમશીભાઈ ડાભી, વિરૂધ્ધમા પોતાના કાર્યક્ષેત્ર રાજસ્થળી વિડીમા કોઈપણ જાતની મંજુરી વગર ગેરકાયદેસર ૧૯૯૦વૃક્ષ છેદન તેમજ કેટલાક વુક્ષો મુળ સાથે ખોદિ કાઢી સરકારી મીકલતનો ગેરકાયદેસર વેચાણ કરેલ રાજસ્થળી વિડીના સિંહ કોરીડોર તરીકે સમવિષ્ટ વિસ્તાર, વોચ ટાવર, શાલેમાળ,થાસ ગોડાઉવન વાળો ભાગ, મેલડી માતામા મંદિરવાળા ભાગમાંથી આ કપાયેલ વુક્ષોનો વિસ્તાર સીંહ, દીપડા, શિયાળ, શિકારા જેવા વનપ્રાણી સરક્ષણ અધીનિયમ ૧૯૭૨ની અનુસુચી ૧ મા સમાવીષ્ટ વન્યપ્રાણીઓના કુદરતી રહેઠાણ કુદરતી પ્રજનન સવર્ધન સ્થળને નુકશાન પહોંચાડયુ હતું જે અંગેની ફરીયાદ નોંધાવા પામી હતી.ઉક્ત કેસની તપાસ દરમિયાન વિગતો ખુલી હતી કે, વનપાલ કરશન ગોહિલ, વનરક્ષક કલ્પેશ ડાભી, ટ્રકના સંચાલક, બુધા ચૌહાણ, ટ્રકના ચાલક શાહ આસીફ તેમજ મહુવાના અખ્તરીયા ગામના લાકડા દલાલ મુકેશ બાંભણીયાએ સાથે મળી પોતાની કાયદેસરની રાજયસેવકની ફરજ દરમ્યાન ગેરકાયદેસર આર્થીક લાભમેળવવા સારૂ ગુન્હાહિત કાવતરુ રચી પાલીતાણા તાલુકાના નાની રાજસ્થળી ગામની રાજસ્થળી અનામત વીડી વિસ્તારમા અનઅધિકૃત વ્યકિતઓને પ્રવેશ કરાવી તેમજ ટ્રક રજી.નં. જીજે. ૦૩. એડબલ્યુ- ૪૨૩૩ તેમજ જેસીબી નંબર જીજે. ૦૪. એટી- ૩૩૩નો ઉપયોગ કરી રાજસ્થળી અનામત વીડીમા પોતાને સંરક્ષણની જવાબદારી હોય તે વૃક્ષોનુ છેદન(કટીંગ)કરી લાકડાની તા.૧૫/૦૪/૨૦૨૬ થી તા.૦૯/૦૫/૨૦૨૬ દરમ્યાન અલગ અલગ જાતના કુલ ૧૬૯૦ વુક્ષોનુ કટીંગ કરી બારોબાર લાકડાનુ વેચાણ કરી ગુન્હાહિત ઉચાપત કરી સરકાર સાથે કુલ રૂ.૩,૫૭,૯૪૫ની નાણાકિય ઉચાપત કરી તેમજ વૃક્ષોને જડમુળથી કાપી ની પુરાવાનો પુરાવાનો નાશ નાશ કરી ક અધિકારીઓને ખોટા ગેરમાર્ગ દોરી આરોપીઓએ એકબીજાને મદદગારી કરી હતી. ઉક્ત ફરીયાદ સંદર્ભે પોલીસે તમામ સામે બીએનએસ એક્ટ ૩૨૯, ૩૧૬(૫), ૨૪૦, ૨૩૮૯બી), ૬૧(૨), ૫૪, મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## દારૂની 71 બોટલ સાથે મહુવાનો શખ્સ ઝડપાયો

ભાવનગર : મહુવા કાળભૈરવ મંદિર પાસે કેરીની વખારની આડમાં વિદેશી દારૂનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે મહુવા પોલીસે તપાસ કરતા બાતમીવાળા સ્થળેથી દારૂની ૭૧ બોટલ સાથે એક શખ્સને ઝડપી લઈ કુલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધ્યા છે. મહુવા કાળભૈરવ મંદિર પાસે તોરણ એપાર્ટમેન્ટની નીચેની દુકાન નિલેશ કિશોરભાઈ સાંખટ નામના શખ્સે ભાડે રાખી તેમાં કેરીની વખારની આડમાં દારૂનું વેચાણ કરતા હોવાની બાતમીના આધારે મહુવા ટાઉન પોલીસે તપાસ કરતા બાતમીવાળા સ્થળેથી પુંઠાના બોક્સમાંથી રૂ.૨૨,૫૦૦ની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૧ બોટલ સાથે નિલેશ ઉર્ફે ડામરો કિશોરભાઈ સાંખટને ઝડપી લઈ આ મામલે નિલેશ, ચિરાગ જાદવ અને નટુ જાધાભાઈ બારૈયા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**પૂર, ભારે વરસાદ અને રોગચાળાની સ્થિતિમાં તંત્ર એલર્ટ રહે**

## ચોમાસા પૂર્વે જોખમી હોર્ડિંગ્સ દૂર કરવા અને કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા નિર્દેશ

ભાવનગર: ભાવનગર જિલ્લામાં ચોમાસાની ઋતુના આગમન પૂર્વે જોખમી હોર્ડિંગ્સોને દૂર કરવા અને ચોમાસા દરમિયાન કંટ્રોલ રૂમને રાઉન્ડ ધ ક્લોક શરૂ રાખવા નિર્દેશ આપવામાં આવ્યો છે.જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને ચોમાસાની પૂર્વ તૈયારીઓ અંગે મળેલી વર્ચ્યુઅલ પ્રિ-મોન્સુન સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગોની તૈયારીઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. ચોમાસામાં નાગરિકોને મુશ્કેલી ન પડે, આપત્તિજનક સ્થિતિમાં તંત્ર ઝડપી અને અસરકારક કામગીરી કરે તેમજ શહેરી વિસ્તારોમાં આવેલા જર્જરિત મકાનો, બિલ્ડિંગોની યાદી તૈયારી કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવા, મુખ્ય માર્ગો પર આવેલા જોખમી હોર્ડિંગ્સ દૂર કરવા, કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રાખવા ઉપરાંત સ્વચ્છતા જળવાઈ રહે, વરસાદી પાણીના યોગ્ય નિકાલની આગોતરી કામગીરી કરવા પર ભાર મુકાયો હતો.સ્થળાંતરની જરૂરિયાત ઊભી થાય તો આશ્રયસ્થાનોમાં પીવાનું પાણી, વીજળી સહિતની સુવિધા ઉપલબ્ધ રાખવા, તાલુકાવાર જનરેટરની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને શેત્રુંજી નદી, સંવેદનશીલ વિસ્તારોમાં બોટ-રેસ્ક્યુ ટીમોને સજ્જ રાખવા, જર્જરિત પુલોને તાત્કાલિક બંધ કરી ડાયવર્ઝનની વ્યવસ્થા ઉભી કરવા, વરસાદી પાણીજન્ય રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગે તાકીદના પગલા લેવા, મેડિકલ ટીમો અને દવાઓનો જથ્થો સજ્જ રાખવા તેમજ સગર્ભા મહિલાઓ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવા પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું.

**સર ટી.ના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટના વિવાદ બાદ નિર્ણય**

## હોસ્પિટલના કર્મીઓ માટે માનસિક તણાવ નિવારણની વ્યવસ્થા ઉભી કરવામાં આવી

ભાવનગર : સર ટી.હૉસ્પિટલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ સામે નનામી અરજીમાં સ્ટાફ નર્સ દ્વારા આત્મવિલોપનની ચીમકી ઉચ્ચાર્યાના બનાવ બાદ નનામી અરજી કરનારા કર્મચારી સુધી પહોંચવા હોસ્પિટલ તંત્ર દ્વારા પ્રયાસો કર્યા પરંતુ કોઈ સફળતા નહી મળતા અંતે હવે હૉસ્પિટલના કર્મચારીઓ માટે કામના સ્થળ પર તણાવના નિવારણ માટેની વ્યવસ્થા ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તેના માટે ગાઈડલાઈન જાહેર થઈ છે.

સર ટી.હૉસ્પિટલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ સામે થોડાં દિવસો પૂર્વે એક નનામી અરજી થઈ હતી. જેમાં હૉસ્પિટલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ સામે કર્મચારીઓ સાથે ભેદભાવ પૂર્ણ વ્યવહાર અને સ્ટાફની અછત ઉભી કરવાના અને માનસિક રીતે હેરાન કરવામાં આવતા હોવાના સનસનીખેજ આરોપ કરવામાં આવ્યા હતા. જે બાદ આ મામલે તબીબી અધિક્ષક દ્વારા પાંચ સભ્યોની એક કમિટિ રચી હતી. જે કમિટિએ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ સહિત અરજીમાં જે નર્સિંગ સ્ટાફનો ઉલ્લેખ હતો તેમના તમામના નિવેદનો લીધાં હતાં. પરંતુ નનામી અરજી કરનાર કર્મચારીની ઓળખ નહી થઈ શકતા હૉસ્પિટલ તંત્ર દ્વારા કર્મચારીઓને થતાં કાર્યસ્થળ પર તણાવ નિવારણ માટેની વ્યવસ્થા ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તે માટે ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે. જેમાં અધિકારી કર્મચારી માનસિક ત્રાસ કે તણાવનો અનુભવ કરતા હોય તો ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ રજૂઆત, ફરિયાદ પેટીમાં ફરિયાદ કરવા જણાવાયું છે અને પીડિત કર્મચારીની વિગત સામે આવે તો તેને ત્વરિત સાયકોલોજી સપોર્ટ આપવા વિભાગિય વડાને સુચના આપવામાં આવી છે.

## જાફરાબાદના સામાકાંઠા વિસ્તારોમાં ભરઉનાળે જીવન જરૂરિયાત પાણી વિહોણા : મોટી મોટી ગુલબાંગો વચ્ચે ૨૦ દિવસે પીવાના પાણી મળી રહ્યા છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠાના ઘણાખરા વિસ્તારોમાં ૨૦ દિવસ થવા છતાં પણ જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવતું નથી ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે નાગરિકો ને જીવન જરૂરિયાત પાણી ૨૦ દિવસે પીવાનું પાણી મળી રહ્યું છે. એ પણ પાલિકા ના ચિફ ઓફિસર ને ફોન કરવામાં આવે ત્યારે વાલ્લમેન પાણી વિતરણ કરે નહીં તો એની મરજી મુજબ પાણી વિતરણ કરવામાં આવ્યું રહ્યું છે. આટલા આટલા દિવસો છતા પણ જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવતું નથી મહિલાઓ એકબીજા ના ઘરે થી પાણી માંગી પોતાના રોજિંદા કામમાં રસોઈ થી લઈને પીવાના પાણી વલખા મારી રહ્યા છે. તેવામાં નાછુટકે આમજનતા ૨૦૦ થી ૩૦૦ રૂપિયા ખર્ચી ટકા મંગાવી નગરપાલિકા સામે પોતાનો રોષ ઠાલવી રહ્યા છે.



સામાકાંઠા વિસ્તારોમાં જીવન જરૂરિયાત પાણી વિતરણ વ્યવસ્થા ઠપ્પ આમ તો આ વોર્ડ નંબર ૩-૪ માં બારેમાસ પાણી માટે વલખા મારવાની નોબત ૨૦ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવતું નથી આમજનતા જીવન જરૂરિયાત પાણી માટે ૨૦૦-૩૦૦ રૂપિયા ખર્ચી પાણી ના ટકા મંગાવવાની ફરજ પડી રહી છે. મોટી મોટી ગુલબાંગો ફેંકાફેંકી કરવા વાળા દિવો કરે પણ દેખાતા નથી પાણી એ બંધારણીય અધિકાર હોય પરંતુ ૨૦ દિવસે પાણી વિતરણ થતું હોય તેવું આમજનતા દ્વારા કહેવામાં આવી રહ્યું છે. પાણી રસોઈ થી લઈને ઘરગથ્થુ ઉપાય પરંતુ પાલિકા ની વિકાસ યાત્રા માં જીવન જરૂરિયાત પાણી આટલા આટલા દિવસો સુધી વિતરણ વ્યવસ્થા ઠપ્પ થતી હોય આમજનતા પાલિકા ને પાણી વેરો સમયસર ભરવા છતાં પણ સામાકાંઠા વિસ્તારોના નાગરિકોને તરસ્યા રખાવવા આવી રહ્યા છે. સરકાર ની યોજના નળ સે જળ યોજના ફક્ત ને ફક્ત કાગળ ઉપર જ સિમિત હોય તેવું આમજનતા ને લાગી રહ્યું છે. ૨૦ દિવસે જળ વિતરણ થતું હોય આમજનતા માં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા એ નાગરિક સેવા નહીં આપવામાં હદ વટાવી દીધી દરિયા કાંઠે ની સ્થિતિ તરસ્યા નગર જેવી બની ગઈ છે. અહીં જળ વિતરણ વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. વાલ્લમેન મનફાવે એમ વિસ્તારોમાં અને મનફાવે ત્યારે વાલ્લ ખોલી ને એમની મન મરજી મુજબ શહેરને પાણી આપે છે. પાણી બાબતે મહીલાઓ આ વાલ્લમેન કહેતો મહિલાઓ ને તોડી ભાષા વાપરી રહ્યો હોય તેવું પણ લોક મુખે ચર્ચા થઈ રહી છે. ૨૦ દિવસ સુધી જીવન જરૂરિયાત પાણી વિતરણ થતું નથી આ બાબતે પ્રાદેશિક કમિશ્નર ભાવનગર તથા જીલ્લા કલેક્ટર અમરેલી બન્ને કચેરી જનતા ની સમસ્યાઓ નો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી આમજનતા માંથી માંગ ઉઠી રહી છે.

**ના છુટકે પોલીસ પણ બોલાવવાનો વખત આવ્યો**

## જેસર તાલુકામાં છેલ્લા 4 દિવસથી ડીઝલની અછતથી ભારે હાલાકી

(એજન્સી) જેસર | તા.23

જેસર તાલુકામાં છેલ્લા ચાર દિવસથી ડીઝલની અછત સર્જાઈ છે. અત્રે ડીઝલ પૂરતા પ્રમાણમાં મળતું ન હોવાથી વાહન ચાલકો ખાસ કરીને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે આથી તાલુકામાં પૂરતા પ્રમાણમાં ડીઝલનો જથ્થો ફાળવવામાં આવે તેવી આમ જનતામાં પ્રબળ માંગ ઉઠવા પામેલ છે.

જેસર તાલુકાના પેટ્રોલ પંપમાં ડીઝલનો જથ્થો ઓછો મળતો હોવાથી તેમજ ત્રણથી ચાર દિવસે ગાડી મળે છે અને તેમાં પણ પેટ્રોલનો જથ્થો વધારે તેમજ ડીઝલનો જથ્થો ઓછો મળતો હોવાથી વિતરણ વ્યવસ્થામાં સંચાલકો દ્વારા જણાવાયા મુજબ તેઓ સમિતિ જેવી સગવડતા આપી શકે છે અને જયા સુધી ડીઝલ હોય છે ત્યાં સુધી દરેકને ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયા સુધીનું ડિઝલનું વિતરણ કરી શકે છે. પેટ્રોલ પંપમાં ડીઝલની ગાડી આવે ત્યારે લોકો કેરબા અને કેન લઈને દોડી જતા હોય અફરા-તફરી જેવા દ્રશ્યો સર્જાય છે ત્યારે નાછુટકે પોલીસ પણ બોલાવવી પડે છે. ડીઝલનો જથ્થો પૂરો થઈ જાય એટલે પેટ્રોલ પંપની આગળ આડશ મૂકવી પડે છે અને ડીઝલનો જથ્થો ખલાસ તેવા બોર્ડ મારવા પડે છે. હાલ ખરીફ પાકની સીઝન હોય ખેડૂતોને ખેડ માટે ટ્રેક્ટરમાં વધારે પ્રમાણમાં ડીઝલ જોઈતું હોય તંત્ર દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરાય તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

# News Brief

## આધુનિક યુગમાં આધ્યાત્મિક જીવનશૈલી અપનાવવી ખૂબ જ જરૂરી




બેંગલુરુ:વૈશ્વિક સ્તરે આદરણીય આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી નેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરના જીવનના મહત્વપૂર્ણ સીમાચિહ્નોની ઉજવણી અંતર્ગત આજે આર્ટ ઓફ લિવિંગ ઇન્ટરનેશનલ સેન્ટરના ભવ્ય વિશાલાક્ષી મંડપ ખાતે એક પ્રેરણાદાયી વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, જ્વેલરી ઉદ્યોગના વૈશ્વિક સ્વપ્નદ્રષ્ટા ડૉ. ચેતન કુમાર મહેતા દ્વારા "કોફી વિથ સીકેએમ" ના આ વિશેષ સત્રમાં ગુરુદેવ યજમાન પદ શોભાવશે. આ ઐતિહાસિક સત્ર ગુરુદેવના ૭૦માં જન્મદિવસ અને આ સંસ્થાની ૪૫ વર્ષની વૈશ્વિક સફર નિમિત્તે યોજાઈ રહ્યું છે, જેનું વિશ્વભરમાં યુટ્યુબ લાઈવસ્ટ્રીમ દ્વારા સીધું પ્રસારણ પણ કરવામાં આવશે. આજના સમયમાં જ્યારે વ્યાપારી સફળતાની વ્યાખ્યા માત્ર વ્યવસાયિક વૃદ્ધિ પૂરતી મર્યાદિત નથી રહી, ત્યારે આ બેંગલુરુ સત્રનો મુખ્ય ઉદ્દેશ્ય નેતૃત્વ, આધ્યાત્મિકતા અને ઉદ્યોગસાહસિકતા પર ગહન ચર્ચા કરવાનો છે. આ ચર્ચામાં માઈન્ડફુલનેસ, સભાન જીવન અને ભાવનાત્મક સ્પષ્ટતા જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે વર્તમાન પેઢીના ઉદ્યોગસાહસિકોને એક નવો દ્રષ્ટિકોણ પૂરો પાડશે. આ મંચ વિવિધ ક્ષેત્રોના વિચારો અને અનુભવોને એકસાથે લાવીને વ્યવસાયથી પર જઈને સમાજમાં મોટો પ્રભાવ ઊભો કરવા માટે યુવાનો અને વ્યાવસાયિકોને પ્રોત્સાહિત કરે છે, જે આધ્યાત્મિક જીવનશૈલી તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. ડૉ. ચેતન કુમાર મહેતાના જણાવ્યા અનુસાર, આ વાતચીત કાલાતીત પ્રાચીન જ્ઞાન અને આધુનિક નેતૃત્વના વિચારોને એક મંચ પર લાવવા વિશે છે. વર્તમાન સમયમાં જ્યારે વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલા લોકો પોતાના જીવનમાં વધુ સ્પષ્ટતા, હેતુ અને સંતુલન શોધી રહ્યા છે, ત્યારે આ પ્રકારનો સંવાદ અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. આજનું નેતૃત્વ વધુને વધુ કલ્યાણ, નૈતિક મૂલ્યો અને લાંબા ગાળાના સકારાત્મક પ્રભાવની દ્રષ્ટિએ જોવામાં આવે છે.

## વૈકલ્પિક રોકાણ કેન્દ્ર તરીકે ઉભરીને ભારત વૈશ્વિક બજાર પર છવાશે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે પ્રવર્તતી ભૌગોલિક રાજકીય અસ્થિરતા અને સપ્લાય ચેઈનના વૈવિધ્યકરણ વચ્ચે ભારત પોતાની જાતને એક મજબૂત અને સુરક્ષિત દેશ તરીકે સ્થાપિત કરી રહ્યું છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડના વાઈસ ચાન્સેલર રાકેશ મોહન જોશીએ એક વિશેષ મુલાકાતમાં જણાવ્યું કે, સમગ્ર વિશ્વ અત્યારે ચીનના વિકલ્પ તરીકે ભારત તરફ આશાસ્પદ નજરે જોઈ રહ્યું છે. ભારત પોતાની વિશાળ યુવા વસ્તી, અંગ્રેજી બોલતા કુશળ કાર્યબળ અને ઝડપથી વિસ્તરી રહેલા ઉત્પાદન ક્ષેત્રના જોરે મોટા પાયે વિદેશી સીધા રોકાણને આકર્ષી રહ્યું છે, જે બદલાતા વૈશ્વિક આર્થિક પ્રવાહ ની સાક્ષી પૂરે છે. વૈશ્વિક સ્તરે ભારતની છબી એક વિશ્વસનીય અને સુરક્ષિત વ્યાપારી ભાગીદાર તરીકે મજબૂત થઈ રહી છે. દેશની સૌથી મોટી તાકાત તેની ૧.૪૬ બિલિયન સંયુક્ત વસ્તી છે, જેમાં અંદાજે ૯૦ કરોડથી વધુ યુવાનોનો સમાવેશ થાય છે. જ્યારે વિવિધ દેશો ઉત્પાદન અને રોકાણ માટે ચીન સિવાયના અન્ય વિકલ્પો શોધી રહ્યા છે, ત્યારે ભારત આ વૈશ્વિક મૂલ્ય શૃંખલાના પરિવર્તનનો પૂરેપૂરો લાભ લેવા માટે સક્રિય બન્યું છે. તાજેતરમાં અમેરિકી રાજદૂતે પણ સ્વીકાર્યું હતું કે વૈશ્વિક પુનર્ગઠન વચ્ચે અમેરિકન કંપનીઓ પોતાના બિઝનેસ વિસ્તરણ માટે ભારતને વધુ પસંદ કરી રહી છે.

દેશમાં સ્થાનિક નિકાસ વૃદ્ધિ ને મજબૂત કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઈલ, હસ્તકલા અને દરિયાઈ ઉત્પાદનો જેવા ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ભારતે મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્રે સાચા અર્થમાં એક ક્રાંતિકારી કાર્ય કર્યું છે, જેના કારણે આજે તે સ્માર્ટફોનના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર તરીકે વૈશ્વિક નકશા પર ઉભરી આવ્યું છે. જોકે, તાજેતરની વૈશ્વિક અસ્થિરતાને કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બજારમાંથી થોડું ભંડોળ પાછું ખેંચ્યું છે, છતાં પણ રૂપિયાના વિનિમય દરને સ્થિર રાખવા અને નાણાકીય મજબૂતી માટે આ રોકાણને આકર્ષવાના પ્રયાસો સતત ચાલુ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારત હાલમાં બાહ્ય ઉર્જાના મોરચે મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે કારણ કે દેશની પેટ્રોલિયમ જરૂરિયાતના આશરે ૮૯ ટકા હિસ્સો આયાત પર નિર્ભર છે. પશ્ચિમ એશિયાના તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવો પ્રતિ બેરલ ૧૧૦ ડોલરની આસપાસ પહોંચી ગયા છે, જે યુદ્ધ પહેલા માત્ર ૬૪ થી ૬૬ ડોલર હતા. હોર્મુઝની દ્રધુનીમાં સર્જાયેલી અડચણોએ વૈશ્વિક સ્તરે ગેસ સપ્લાયને અસર કરી છે, જેનાથી ફુગાવાનું દબાણ વધ્યું છે. આ દબાણના કારણે રૂપિયો નબળો પડીને ૯૭ ની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે, જે લાંબા ગાળે નિકાસ ક્ષેત્રે સ્પર્ધાત્મકતા વધારશે. સપ્લાય ચેઈનની આ કટોકટીને પહોંચી વળવા માટે સરકારના વિવિધ મંત્રાલયો સંકલિત વ્યૂહરચના પર કામ કરી રહ્યા છે. બીજી તરફ, ઉત્પાદકતા વધારવા માટે શાસન અને ઉદ્યોગોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સકારાત્મક ઉપયોગ વધારવામાં આવી રહ્યો છે.

## મુખ્ય સેબી આઈપીઓ નિયમો દ્વારા કૃત્રિમ ભાવો દબાશે

# આઈપીઓ ભાવ નિયંત્રણ લાવવા માટે બજાર નિયામકનો મોટો નિર્ણય

## સેબી સુધારા હેઠળ રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા નવો માળખાકીય પ્રસ્તાવ રજૂ

(એજન્સી) મુંબઈ | તા 23

ભારતીય શેરબજારના સર્વોચ્ચ નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રારંભિક જાહેર પ્રસ્તાવ એટલે કે આઈપીઓ અને પુનઃ સૂચિબદ્ધ થતી કંપનીઓના પ્રારંભિક ટ્રેડિંગ સત્રમાં થતી કિંમતોની હેરાફેરી રોકવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ પરામર્શ પત્ર બહાર પાડવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, વર્તમાન ટ્રેડિંગ માળખામાં રહેલી ખામીઓ અને ડમી પ્રાઈસ બેન્ડના કારણે શેરના સાચા ભાવો દબાઈ જતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ પરિસ્થિતિને સુધારવા અને બજારમાં પારદર્શિતા વધારવા માટે આ નવા નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે જેનાથી રોકાણકારો છેતરામણી કિંમતોથી બચી શકશે.બજાર નિયામક સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે પુનઃ સૂચિબદ્ધ થતા શેરોના કિસ્સામાં ડમી પ્રાઈસ બેન્ડ અને બેઝ પ્રાઈસ નક્કી કરવાની જૂની પદ્ધતિના કારણે કિંમતો કુદરતી રીતે વધવાને બદલે કૃત્રિમ રીતે દબાઈ જાય છે. આ કૃત્રિમ દબાણને કારણે જ્યારે સામાન્ય ટ્રેડિંગ શરૂ થાય છે, ત્યારે શેરોમાં અચાનક ખરીદીનું ભારે દબાણ આવી જાય છે અને શેર સતત અપર સર્કિટને સ્પર્શવા લાગે છે. આ પ્રકારની અસામાન્ય સ્થિતિને રોકવા માટે આ આઈપીઓ ભાવ નિયંત્રણ ખૂબ જ જરૂરી બન્યું હતું જેથી બજાર પોતાની મેળે સાચી કિંમત શોધી શકે.



અત્યાર સુધીની ઉપલબ્ધ માહિતી મુજબ, જો કોઈ કંપનીનું ટ્રેડિંગ એક વર્ષ કરતાં વધુ સમય માટે સ્થગિત કરવામાં આવ્યું હોય, તો તેની બેઝ પ્રાઈસ જૂની બુક વેલ્યુ અથવા ફેસ વેલ્યુના આધારે માત્ર ૧૦ રૂપિયા જેટલી નજીવી નક્કી થતી હતી. હવે આ નવીન સેબી સુધારા અંતર્ગત આ વ્યવસ્થા તદ્દન બદલાઈ જશે. જો ટ્રેડિંગ સ્થગિત થયાને છ મહિનાથી ઓછો સમય થયો હશે, તો શેરબજારના છેલ્લા બંધ ભાવને આધાર માનવામાં આવશે. પરંતુ જો આ સમયગાળો છ મહિનાથી વધુ હશે, તો બે સ્વતંત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અથવા અધિકૃત મૂલ્યાંકન એજન્સીઓ દ્વારા આપવામાં આવેલા ત્રણ મહિનાથી વધુ જૂના ન હોય તેવા નવા વેલ્યુએશન સર્ટિફિકેટના આધારે નવી કિંમત નક્કી કરવામાં આવશે.

નવા પ્રસ્તાવિત સુધારાઓમાં ડમી પ્રાઈસ બેન્ડના લવચીક અમલીકરણ માટે ઓટોમેશન પદ્ધતિ દાખલ કરવામાં આવશે. હાલની વ્યવસ્થામાં બજાર બંધ થવાની અંતિમ મિનિટોમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી, પરંતુ હવે નવીનતમ પ્રણાલી હેઠળ ૧૦ ટકા સુધીના ઓટોમેટેડ પ્રાઈસ બેન્ડ વિસ્તરણની સુવિધા ગતિશીલ રીતે કાર્ય કરશે, જેનાથી સિસ્ટમ ફ્રીઝ થવાની સમસ્યા હલ થશે. આ ઉપરાંત, બજારની સાચી તરલતા ચકાસવા માટે હવે કોઈપણ કોલ ઓક્શન સત્ર ત્યારે જ સફળ ગણાશે જ્યારે તેમાં ઓછામાં ઓછા પાંચ અલગ-અલગ અને પાન કાર્ડ વેરિફાઈડ ખરીદદારો અને વેચાણકર્તાઓના ઓર્ડર નોંધાયેલા હશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ તમામ માળખાકીય ફેરફારો અંગે જનતા અને બજારના હિતધારકો ૧૧ જૂન, ૨૦૨૬ સુધી પોતાના મંતવ્યો અને સૂચનો મોકલી શકશે.

## બૈન કેપિટલ સમર્થિત ધૂત ટ્રાન્સમિશન લિમિટેડે ફ્રેશ ઈશ્યૂ દ્વારા રૂ. 1,400 કરોડ એકત્રિત કરવા માટે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

મુંબઈ: બૈન કેપિટલ દ્વારા સમર્થિત અને ભારતની અગ્રણી ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓમાંની એક ધૂત ટ્રાન્સમિશન લિમિટેડે તેના આઈપીઓ માટે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં તેનું અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ -1 (યુડીઆરએચપી-1) ફાઈલ કર્યું છે. સૂચિત પબ્લિક ઓફરમાં ફ્રેશ ઈશ્યૂ અને વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ફ્રેશ ઈશ્યૂમાં પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે, જેનું કુલ મૂલ્ય રૂ. 1,400 કરોડ સુધીનું છે. વેચાણ માટેની ઓફરમાં પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા 1,63,10,733 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં પ્રમોટર અને પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા વેચાયેલા ઈક્વિટી શેર્સ સમાવિષ્ટ છે. BC Asia Investments XV Limited પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના 1,31,91,900 સુધીના ઈક્વિટી શેર્સ ઓફર કરી રહી છે અને અગાઉ મંગલમ કોલાઈઝ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી મંગલમ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના 31,18,833 ઈક્વિટી શેર્સ ઓફર કરી રહી છે. કંપની પ્રાપ્ત થનાર કુલ રકમનો રૂ. 493.9 કરોડના તેના ચોક્કસ બાકી ઉધારની ચુકવણી કે પૂર્વચુકવણી માટે કરવાની અને ધૂત ઓટો કમ્પોનેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, ધૂત ઈલેક્ટ્રિકલ્સ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ, ધૂત ઓટોમોટિવ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ અને ધૂત ટ્રાન્સમિશન યુકે લિમિટેડ સહિતની પેટાકંપનીઓમાં રૂ. 272.58 કરોડના મૂલ્યના તેમના બાકી ઉધારની ચુકવણી કે પૂર્વચુકવણી માટે તેમાં રોકાણ કરવા માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે.

### અગ્રણી એક્સચેન્જે રચ્યો નવો ઈતિહાસ

## ક્રિપ્ટો વાયદા બજાર દ્વારા પ્રી આઈપીઓ રોકાણ શરૂ

નવી દિલ્હી:વૈશ્વિક ડિજિટલ અસ્કયામત ક્ષેત્રે મોટો વળાંક આવ્યો છે. અગ્રણી ક્રિપ્ટો એક્સચેન્જ બાયનાન્સ દ્વારા પરપેચ્યુઅલ ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ્સ લોન્ચ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જે યુઝર્સને મોટી ખાનગી કંપનીઓના પ્રારંભિક જાહેર પ્રસ્તાવ એટલે કે આઈપીઓ પહેલાં જ બજારમાં રોકાણ કરવાની અનોખી તક આપશે. મીડિયા અહેવાલ અનુસાર, આ નવીન પ્રોડક્ટ રોકાણકારોને શેર જાહેર એક્સચેન્જો પર સૂચિબદ્ધ થાય તે પહેલાં જ પોતાની પોઝિશન લેવાની સ્વાયત્તતા આપે છે. આ શ્રેણી અંતર્ગત વિશ્વના સૌથી ચર્ચિત ગ્લોબલ માર્કેટ સેગમેન્ટમાં પ્રથમ લિસ્ટિંગ એલોન મસ્કની પ્રખ્યાત કંપની સ્પેસએક્સના અંદાજિત બજાર મૂલ્યાંકન પર આધારિત હશે. ભૂતકાળમાં આઈપીઓ પહેલાંના ભાવોની શોધ અને રોકાણ કરવાની પ્રક્રિયા માત્ર મોટા સંસ્થાકીય રોકાણકારો અને ખાનગી બજારના અગ્રણી ખેલાડીઓ પૂરતી જ મર્યાદિત હતી. આ નવા પ્રી આઈપીઓ ટ્રેડિંગ માળખાના આગમનથી સામાન્ય લાયક રોકાણકારો પણ કંપનીના જાહેર પ્રવેશ પહેલાં બજારની અપેક્ષાઓ સાથે જોડાઈ શકશે. બાયનાન્સના સ્પોટ અને ડેરિવેટિવ્ઝ બિઝનેસના વડા શુનયેત જાનના જણાવ્યા અનુસાર, ક્રિપ્ટો માળખાકીય સુવિધાઓને અગ્રણી નાણાકીય ઈવેન્ટ્સ સાથે જોડીને બજારની તકોનું લોકશાહીકરણ કરવામાં આવી રહ્યું છે. ભવિષ્યમાં આ પ્લેટફોર્મને એક વ્યાપક ફાઈનાન્સિયલ સુપર એપ તરીકે વિકસાવવાનું લક્ષ્ય છે.

## વીમા ક્ષેત્રમાં ગ્રાહકો સાથે સીધા જોડાણનો અભાવ યથાવત: પ્રેક્સિસનો અહેવાલ

મુંબઈ: કન્સલ્ટીંગ ફર્મ પ્રેક્સિસ ગ્લોબલ અલાઈયન્સ (Praxis Global Alliance)ના એક અહેવાલ પ્રમાણે ભારતના જનરલ ઈન્સ્યોરન્સ ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રીઝ કસ્ટમર ઓનરશિપ અને અંડરરાઈટિંગ શિસ્તતાને બદલે ગ્રોથને વધારે પ્રાથમિકતા આપી રહી છે, જેથી વચેટીયાઓ પર વધી રહેલી નિર્ભરતાને લીધે લાંબા સમયની નફાકારકતા પર દબાણ આવી રહ્યું છે.આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે તેના થોડા દિવસો અગાઉ જ IRDAIના ચેરમેન શ્રી અજય સેઠે વીમા ક્ષેત્રના ઊંચા ખર્ચના માળખા તથા એજન્ટો આધારિત વિતરણ પરની વધારે પડતી નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. પ્રેક્સિસના જણાવ્યા પ્રમાણે ભારતમાં વીમાનો આશરે 80 ટકા વ્યવસાય હજુ પણ એજન્ટો,બ્રોકર્સ, બેંકાસ્યોરન્સ અને OEM ચેનલો જેવા માધ્યમો દ્વારા જ ચાલે છે. તેના કારણે ડિસ્ટ્રીબ્યુટર્સને પોતાના તરફ આકર્ષિત કરવા માટે વીમા કંપનીઓ વચ્ચે સ્પર્ધા ખૂબ વધી ગઈ છે, જે ઊંચા કમિશન ચૂકવણી તરફ દોરી જાય છે અને ગ્રાહકો સાથેના સીધા સંબંધોને નબળા પાડે છે. અહેવાલમાં જણાવાયું છે કે વીમા કંપનીઓ ગ્રાહકો સાથે લાંબા ગાળાના સીધા સંબંધો નિર્માણને બદલે ડિસ્ટ્રીબ્યુટર્સ સુધી પોતાની પહોંચ વધારવા માટે વધુ ને વધુ સ્પર્ધા કરી રહી છે.પરિણામે ગ્રાહકો અવારનવાર વીમા કંપનીઓને બદલે આ ઈન્ટરમીડિયર્સ પ્રત્યે વફાદાર રહે છે, જેના કારણે નવા ગ્રાહક મેળવવા,પોલિસી રિન્યૂ કરાવવી અને ગ્રાહકો સાથે જોડાયેલા રહેવાની તમામ પ્રક્રિયા પર એજન્ટો અને વિતરકોનું જ નિયંત્રણ રહે છે. પ્રેક્સિસે તેને "પુનઃ-અધિગ્રહણ-આધારિત વૃદ્ધિ" તરીકે ગણાવી છે,જેમાં વીમા કંપનીઓ પોલિસીના રિન્યુઅલ વખતે પણ વારંવાર નવા ગ્રાહક મેળવવા જેવો જ મોટો ખર્ચ કરે છે.અહેવાલમાં વધુમાં નોંધવામાં આવ્યું છે કે સમગ્ર સેક્ટરમાં અંડરરાઈટિંગ નફાકારકતા માળખાકીય રીતે નબળી રહી છે,જેમાં કમ્બાઈન્ડ રેશિયો સતત 100 ટકાથી ઉપર રહ્યો છે,જે અંડરરાઈટિંગમાં થતું નુકસાન દર્શાવે છે. પ્રેક્સિસ (Praxis)ના અંદાજ પ્રમાણે અંડરરાઈટિંગ નુકસાન નેટ રિટન પ્રીમિયમ(NWP)ના લગભગ 13 ટકા જેટલું છે કે જ્યારે રોકાણમાંથી થતી આવક NWPમાં આશરે 21 ટકા યોગદાન આપે છે.આ બાબત દર્શાવે છે કે વીમા કંપનીઓ નફાકારકતા જાળવી રાખવા માટે હજુ પણ ટ્રેઝરી આવક અને રોકાણના નફા પર વધુ પડતો આધાર રાખે છે. "પ્રેક્સિસ ગ્લોબલ એલાયન્સના મેનેજિંગ પાર્ટનર મધુર સિંઘલે જણાવ્યું હતું કે,"ભારતીય સામાન્ય વીમા ક્ષેત્રે મજબૂત સ્કેલ હાંસલ કર્યું છે,પરંતુ અંડરરાઈટિંગ નફાકારકતા હજુ પણ વૈશ્વિક ધોરણો કરતાં ઘણી ઓછી છે.

## સેબી ફિનફ્લુએન્સર નિયંત્રણ દ્વારા રોકાણકારોની સુરક્ષા વધશે

મુંબઈ:શેરબજારના નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામાન્ય રોકાણકારોને છેતરતા બિન નોંધાયેલા ફાઈનાન્સિયલ ઈન્ફ્લુએન્સર્સ પર ફરી એકવાર મોટો સિકંજો કસવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, એક્સ, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા માધ્યમો પર પૂર્વનિયોજિત ભલામણો કરીને શેરના ભાવોમાં કૃત્રિમ રીતે વધારો કરતા અને બાદમાં પોતાનો નફો બુક કરીને નિર્દોષ રોકાણકારોને ફસાવતા એક મોટા નેટવર્ક સામે સેબીએ વચગાળાનો આદેશ જાહેર કર્યો છે. બજાર નિયામકે આ ગેંગ દ્વારા ગેરકાયદેસર રીતે કમાયેલા કરોડો રૂપિયા જપ્ત કરવાનો પણ આદેશ આપ્યો છે.હેમંત ગુપ્તા, રોહન ગુપ્તા અને અનિકેત ગુપ્તાની આગેવાની હેઠળના સાત લોકોની ટોળકીએ આશરે ૮૨ શેરોમાં છેતરપિંડી અને ચાલાકીપૂર્વક વેપાર કર્યો હતો. આમાંના મોટાભાગના સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ શેર એટલે કે એસએમઈ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ કંપનીઓ હતી. આ ઓપરેટરો પહેલા ચોક્કસ કંપનીઓના શેર સસ્તા ભાવે ખરીદી લેતા હતા અને ત્યારબાદ સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા તેનું આક્રમક પ્રમોશન કરતા હતા. જ્યારે સામાન્ય રોકાણકારો આ ભ્રામક પ્રચારથી પ્રેરાઈને ખરીદી કરતા અને ભાવ વધતા, ત્યારે આરોપીઓ પોતાના શેર વેચીને નફો મેળવી લેતા હતા. આ ટોળકીએ આશરે ૨૦.૨૫ કરોડ રૂપિયાનો ગેરકાયદે નફો મેળવ્યો હોવાનો અંદાજ છે. બજાર નિયામકે જાન્યુઆરી ૨૦૨૬માં હાથ ધરેલા સર્ચ અને સીઝર ઓપરેશન દરમિયાન મેળવેલી આંતરિક વોટ્સએપ ચેટ્સમાંથી ચોંકાવનારો ખુલાસો થયો છે. સોશિયલ મીડિયા ફ્રોડ કરનારા આ આરોપીઓ કાયદાકીય જોખમોથી સારી રીતે વાકેફ હતા. તપાસમાં સામે આવેલી એક ચેટમાં અનિકેત ગુપ્તાએ હેમંત ગુપ્તાને ચેતવણી આપતા લખ્યું હતું કે, "આપણે આપણા વોટ્સએપ મેસેજ અંગે ખૂબ જ સાવધ રહેવાની જરૂર છે. કોઈપણ આક્રમક મેસેજ અને બાય-સેલની સીધી ભલામણો કરવાનું ટાળવું વધુ સારું છે." અન્ય એક મેસેજમાં લખ્યું હતું કે, "જો આપણે તેમની નજરમાં આવી જઈશું, તો મોટી મુશ્કેલીમાં મુકાઈ જઈશું અને જીવનભરની કમાણી ચાલી જશે."

### ડિજિટલ પ્રીમિયમ ઈકોસિસ્ટમ મજબૂત કરવા બંને દિગ્ગજ કંપનીઓની ભાગીદારી

## નવીન ઓપ્પો સ્માર્ટફોન લોન્ચ ભારતીય બજારમાં ધૂમ મચાવશે

મુંબઈ: ટેકનોલોજી ક્ષેત્રની અગ્રણી કંપની ઓપ્પો ઈન્ડિયાએ રિલાયન્સ ડિજિટલ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરીને ભારતીય બજારમાં પોતાની મોસ્ટ અવેટેડ ફ્લેગશિપ શ્રેણી અંતર્ગત ફાઈન્ડ એક્સ૯ અલ્ટ્રા અને ફાઈન્ડ એક્સ૯એસ સ્માર્ટફોન રજૂ કર્યા છે. મુંબઈના જુહુ ખાતે આવેલા એક બીચ સાઈડ ક્લબમાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં દેશના જાણીતા કન્ટેન્ટ ક્રિએટર્સ અને પ્રભાવશાળી ડિજિટલ હસ્તીઓની હાજરી વચ્ચે આ અનોખો ફોન લોન્ચ કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, આ કાર્યક્રમ માત્ર એક પ્રોડક્ટ લોન્ચ પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ ટેકનોલોજી અને સર્જનાત્મકતાના સંગમ સમાન હતો જેને "યોર સ્ટોરી મેટર્સ" ની થીમ પર ડિઝાઈન કરવામાં આવ્યો હતો.આ શ્રેણીનો પ્રારંભિક ફોન ઓપ્પો ફાઈન્ડ એક્સ૯એસ આધુનિક યુગના કન્ટેન્ટ ક્રિએટર્સ અને વ્યાવસાયિકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. આ ઉપકરણમાં અલ્ટ્રા-થિન બેઝલ્સ સાથે ૬.૫૯-ઈંચની ફ્લેટ એમોલેડ ડિસ્પ્લે આપવામાં આવી છે, જે ૩,૬૦૦ નીટ્સની પીક




બ્રાઈટનેસ પ્રદાન કરે છે. હાસેલબ્લાડના સહયોગથી વિકસિત તેનો ૫૦ મેગાપિક્સલનો ટ્રિપલ-કેમેરા સિસ્ટમ ૧૨૦એક્સ સુપર ઝૂમને સપોર્ટ કરે છે. મીડિયાટેક ડાયમેન્સિટી ૯૫૦૦એસ પ્લેટફોર્મ અને ૭,૦૨૫ એમએએચની વિશાળ બેટરી તેમજ ૮૦ વોટ સુપરવોક ચાર્જિંગ સાથે આ સ્માર્ટફોન અવિરત કામગીરીની ખાતરી આપે છે, જે ગ્રાહકોને અદભૂત કેમેરા ફીચર્સનો શ્રેષ્ઠ અનુભવ કરાવશે. જે યુઝર્સ પોતાના સ્માર્ટફોનને જ પ્રાથમિક કેમેરા તરીકે વાપરે છે તેમના માટે ફાઈન્ડ એક્સ૯ અલ્ટ્રા એક વરદાન સમાન છે.

### ઈલેક્ટ્રિક વાહન પરિવર્તન ઝડપી બનાવીને ભારતીય કંપનીઓ કરશે મોટો ફેરફાર

## ઈંધણ ભાવવધારો ભારતીય ઉદ્યોગોને ઈલેક્ટ્રિક તરફ વાળશે

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ગંભીર ભૌગોલિક રાજકીય કટોકટીના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો આસમાને પહોંચી છે. આ આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર ભારતીય બજાર પર જોવા મળી રહી છે, જ્યાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, આ પરિસ્થિતિના કારણે દેશના વાણિજ્યિક અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં મોટો બદલાવ આવી રહ્યો છે અને ભારતીય વ્યાપારીઓ હવે પરંપરાગત વાહનોને બદલે ઈલેક્ટ્રિક વાહનો તરફ ખૂબ જ ઝડપથી આકર્ષાઈ રહ્યા છે. છેલ્લા દસ દિવસમાં જ ઈંધણના ભાવોમાં ત્રણ વખત વધારો થતાં માલસામાનની હેરફેર કરતા ઉદ્યોગો પર આર્થિક બોજ અસાધારણ રીતે વધી ગયો છે. બજારના નિષ્ણાતો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓના મતે, વર્તમાન સમયમાં ઈલેક્ટ્રિક વાહનો તરફનું સ્થળાંતર માત્ર પર્યાવરણીય જાગૃતિના કારણે નથી, પરંતુ તે વ્યવસાયિક અસ્તિત્વ ટકાવી રાખવા માટેની આર્થિક મજબૂરી બની ગયું છે. ઈંધણ બજારમાં પ્રવર્તતી ભારે અસ્થિરતા વચ્ચે વ્યવસાયિક ખર્ચ બચત કરવા માટે કંપનીઓ હવે ઈલેક્ટ્રિક મોબિલિટીને એક સ્થિર અને ભરોસાપાત્ર વિકલ્પ તરીકે જોઈ રહી છે. વૈશ્વિક સ્તરે પણ આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જ્યાં એપ્રિલ ૨૦૨૬માં ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી ૧.૬ મિલિયન યુનિટને પાર કરી ગઈ છે, જે દર્શાવે છે કે બેટરી સંચાલિત વાહનોની માંગ સતત બીજા મહિને પણ મજબૂત રીતે વધી રહી છે. વાહન વ્યવહાર ઉદ્યોગ સાથે સંકળાયેલી અગ્રણી કંપની ડ્રાઈવનના સહ-સ્થાપક અલ્પના જૈનના જણાવ્યા અનુસાર, ક્રૂડ



ઓઈલના ભાવો હવે અણધાર્યા બની ગયા છે, જે વ્યવસાયિક આયોજન, કિંમત નિર્ધારણ અને સમગ્ર કામગીરી માટે એક મોટો ખતરો છે. કિંમતોમાં અચાનક થતો ઉછાળો ચાલુ કોન્ટ્રાક્ટ્સ પર અસર કરે છે અને કંપનીઓના નફાના માર્જિનને ભારે નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં, કંપનીઓ મોટું મૂડીરોકાણ કર્યા વગર ઈલેક્ટ્રિક વાહનો ભાડાપટ્ટે એટલે કે લીઝ પર લેવાનું પસંદ કરી રહી છે. આ મોડલથી માલિકીની કોઈ ઝંઝટ રહેતી નથી અને ઈંધણના ભાવ વધે કે ઘટે, તેમનો વાહન વ્યવહાર ખર્ચ સંપૂર્ણપણે નિયંત્રણમાં અને સ્થિર રહે છે. જો વૈશ્વિક સ્તરે સરખામણી કરવામાં આવે તો, ઉત્તર અમેરિકામાં ટેક્સ ક્રેડિટ યોજનાઓ સમાપ્ત થયા પછી ઈલેક્ટ્રિક વાહનોની નોંધણીમાં ૨૮ ટકાનો ઘટાડો થયો છે અને ચીનમાં પણ પ્રોત્સાહનો બંધ થતાં ૮ ટકાનો ઘટાડો નોંધાયો છે.

### રોકાણકારો માટે તક સર્જાઈ હોવાનો અગ્રણી મ્યુચ્યુઅલ ફંડનો દાવો

## ભારતીય રૂપિયો અવમૂલ્યન થતાં રોકાણ વધારવાનો ઉત્તમ સમય

નવી દિલ્હી:વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે ભારતીય ચલણના મૂલ્યમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. અગ્રણી ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વિશેષ અહેવાલ મુજબ, વર્તમાન સ્તરે સ્થાનિક ચલણ સામે નકારાત્મક દાવ લગાવવો નુકસાનકારક સાબિત થઈ શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, એપ્રિલ ૨૦૨૬ના અંતમાં રૂપિયાનો વાસ્તવિક અસરકારક વિનિમય દર એટલે કે આરઈઈઆર ૮૯.૭ ના સ્તરે હતો, જે મે મહિનામાં યુએસ ડોલર સામે ૯૬.૯ ની સપાટી વટાવી જતાં ૮૮ ની નીચે સરકી ગયો છે. વર્ષ ૨૦૧૩ની ખાધ કટોકટી અને ૨૦૦૮ની વૈશ્વિક નાણાકીય કટોકટી બાદ આ પ્રથમ વખત છે જ્યારે ભારતીય ચલણ આટલું સ્પર્ધાત્મક સ્તરે પહોંચ્યું છે.બજારના આંકડાઓ દર્શાવે છે કે ભારત અને અમેરિકા વચ્ચેનો ફુગાવાનો તફાવત અત્યાર સુધીના સૌથી સાંકડા સ્તરે આવી ગયો છે. ભૂતકાળમાં આ તફાવત સામાન્ય રીતે ૩.૫ ટકાથી ૪ ટકાની આસપાસ રહેતો હતો, પરંતુ હાલમાં તે ઘટીને માત્ર ૧ થી ૨ ટકાની રેન્જમાં આવી ગયો છે. છેલ્લા ૧૨ મહિનામાં અમેરિકાનો ગ્રાહક ફુગાવો સરેરાશ ૨.૮ ટકા રહ્યો છે, જેની સામે ભારતનો ફુગાવો ૨.૩ ટકા નોંધાયો છે. આ સાનુકૂળ ફુગાવાના કારણે લાંબા ગાળે રૂપિયાના અવમૂલ્યનની ગતિ ધીમી પડશે. આ બદલાતા સમીકરણો વચ્ચે ઘરઆંગણાની મિલકતોમાં રોકાણ કરવું એ રોકાણકારો માટે તક સમાન સાબિત થઈ શકે છે.

બજારના નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલના ભાવો પ્રતિ બેરલ ૧૨૦ ડોલરથી ઉપર સ્થિર ન થાય ત્યાં સુધી દેશના ચૂકવણી સંતુલન પર કોઈ મોટું સંકટ નહીં આવે. ભારતીય અર્થતંત્ર પાસે હાલમાં સેવાઓની નિકાસનું મજબૂત પીઠબળ છે, જે વાર્ષિક ધોરણે ૪૧૮ બિલિયન ડોલરથી વધુ છે અને હાલમાં તે ૪૪૭ બિલિયન ડોલરની ગતિએ આગળ વધી રહી છે. ભારત પાસે ૨૧૪ બિલિયન ડોલરની સેવાકીય સરપ્લસ અને ૧૩૫ બિલિયન ડોલરથી વધુનું વિદેશી રેમિટન્સ ઉપલબ્ધ છે, જે મળીને આશરે ૩૪૯ બિલિયન ડોલરનું અદ્રશ્ય સુરક્ષા કવચ પૂરું પાડે છે. આ કવચ નાણાકીય વર્ષ ૨૦૨૬ની ૩Mz૩ બિલિયન ડોલરની વ્યાપાર ખાધને સરળતાથી સરભર કરી શકે તેમ છે.

તાજેતરના ફંડ હાઉસ રિપોર્ટ મુજબ, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એટલે કે એફપીઆઈ દ્વારા ભારતીય શેરબજારમાં સતત વેચવાલી કરવામાં આવી છે. જોકે, લાર્જ-કેપ સેગમેન્ટમાં હવે નોંધપાત્ર કરેક્શન આવ્યું છે અને અગ્રણી બ્લુચિપ કંપનીઓના શેર તેમના લાંબા ગાળાના સરેરાશ મલ્ટિપલ કરતાં નીચા ભાવો પર ટ્રેડ થઈ રહ્યા છે. સર્વોચ્ચ ગુણવત્તા ધરાવતા ભારતીય વ્યવસાયો ૧૮ થી ૨૦ ટકાથી વધુ વળતર આપવાની ક્ષમતા ધરાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 08

# યુવાપેઢીમાં 'ઈન્સ્ટન્ટ પ્રસિદ્ધિ' મેળવવાનું માઝા મૂકી રહેલું વળગણ

આજના યુવાનોને ખૂબ જ ઝડપથી પ્રસિદ્ધ થઈ જવું છે, ચારેતરફ છવાઈ જવું છે. દુનિયા માત્ર તેમની જ ચર્ચા કરે તેવું જોઈએ છે. તેના માટે તેઓ કોઈપણ જાતના અખતરા અને જોખમો લેવા પણ તૈયાર થઈ જાય છે. આજે - ગ્લેમરવર્લ્ડની ઝાકઝમાળથી અંજાઈ ગયેલી બાળપેઢી તથા સેલિબ્રિટી પાછળ ઘેલી બનેલી યુવાપેઢી.'ઈન્સ્ટન્ટ કીર્તિ' મેળવવાના જાતજાતના નુસ્ખા શોધી રહી છે. યુવાનોમાં કોર્પોરેટ કંપનીના સીઈઓ નહીં પણ સેલિબ્રિટી બનવાની તમન્ના છે. તેમને પ્રોફેશનલ નહિ પણ પાવરફૂલ તથા પ્રારબ્ધવાદી નહિ પણ પ્રસિદ્ધ બનવું છે. મોટાભાગના તરુણો ફટાફટ ખ્યાતિ મળે તેવી કારકિર્દી પસંદ કરવામાં રમમાણ છે. તેના મતે પ્રસિદ્ધિ પાછળ પૈસો ખેંચાઈ આવે છે એટલે એક કાંકરે બે પક્ષી માર્યા જેવું થાય છે. વર્તમાન યુવા પેઢીની પ્રસિદ્ધિ ભૂખ જોઈને જાણીતા અમેરિકન આર્ટીસ્ટ અને ફિલ્મમેકર એન્ડી વૉરહોલે જણાવ્યું હતું કે, 'એક દિવસ એવો આવશે જ્યારે બધા માત્ર ૧૫ મિનિટ માટે ખ્યાતિ પ્રાપ્ત કરશે.' તેમની આ વાત ટૂંકસમયમાં હકીકત સ્વરૂપે જોવા મળશે તે નિ:શંક બાબત છે. આજે ફેશન શો, ફિલ્મ, ટીવી સિરિયલ અને રિઆલિટી શોની ભરમારને કારણે એક કીર્તિ વાંચ્છુક પેઢીનો જન્મ થયો છે. આ પેઢી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રસિદ્ધ થવાનો જ ધ્યેય ધરાવે છે. મોટાભાગના તરુણો માને છે કે સેલિબ્રિટી બનવાથી અથવા એકાદ સેલિબ્રિટીની નજીક રહેવાથી જ આજના સ્પર્ધાત્મક જગતમાં પ્રગતિ કરી શકાશે. આ અંગે યુવાપેઢીમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં અનેક અચરજભરી બાબતો જાણવા મળી છે. સર્વેમાં ભાગ લેનારા યુવાનોને પૂછવામાં આવ્યું હતું કે, તંદુરસ્તી, સ્માર્ટનેસ, પ્રસિદ્ધિ અથવા દેખાવવામાંથી તમને શું મેળવવું ગમશે? ત્યારે મોટાભાગના યુવાનોએ પ્રસિદ્ધિ પામવાની જ મહેચ્છા વ્યક્ત કરી હતી. આ સર્વેક્ષણના અહેવાલની પુષ્ટિ શાળામાં પણ મળે છે. શાળામાં ભણતાં ટાંબરિયાઓ પણ શિક્ષણના ભોગે ખ્યાતિ પ્રાપ્ત કરવા બહાવરા બન્યા છે. તેઓ ચોક્કસ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાને બદલે ઝડપથી પ્રસિદ્ધ થવાની તકો શોધતા હોય છે.સેલિબ્રિટી બનતાં જ મળતાં અનેરા નામ-દામને કારણે યુવાપેઢી પરમ સિદ્ધિ પ્રાપ્ત થયાનું માને છે. તેમના મગજમાં સેલિબ્રિટી બનવાની ધૂન સવાર છે. કારકિર્દી લક્ષી અન્ય વિકલ્પો તેમના માટે તુચ્છ બની ગયા છે.આજની મોટાભાગની તરુણ પેઢી ઈન્ટરનેટ દ્વારા એન્જેલીના જોલી, બ્રાડ પિટ, રિહન્ના, કેરી પેરી, સૈફ અલી ખાન કે કરીના કપૂર વિશેની માહિતી મેળવવાના પ્રયાસો કરતી હોય છે. તેમના માટે ભણતર, નોકરી કે કારકિર્દીની દિશામાં પ્રગતિને બદલે કલાકારોના બ્રેકઅપના સમાચાર વધુ મહત્ત્વના છે. સેલિબ્રિટીના ફેન (ચાહક) બનીને તેના વિશેની રજેરજ માહિતી એકઠી કરવાનું ઝનૂન તેમના પર સવાર છે. આ પ્રકારનું સેલિબ્રીટીનું વળગણ ધરાવવા પાછળના કારણો પણ નોખા નોખા હોય છે. સોફ્ટવેર કંપનીમાં તાલીમ લેતા સુધાંશુને હોલીવૂડના કલાકારોની વિગતો એકઠી કરવાનો શોખ છે. એન્જેલીના જોલી, બ્રાડ પિટ, કેટી હોમ્સ, ટોમ ક્રુઝ અને બ્રિટની સ્પીઅર્સનો તે પ્રશંસક છે. તેને પેરીસ હિલ્ટન ગમતી નથી છતાં તેના વિશે વાંચવાનું તે ચૂકતો નથી. તેના મતે સેલિબ્રિટી વિશે વાંચતા નવીન તાઝગી અનુભવાય છે. આપણા રોજિંદા નિરસ જીવનમાંથી ગ્લેમરવર્લ્ડમાં ડોકિયું કરતાં જ રસિકતાની અનુભૂતિ થાય છે. મોટાભાગના યંગસ્ટર્સના મોઢે સેલિબ્રિટીની વાતો જ સાંભળવા મળે છે એટલે તે વિશે માહિતી રાખવી અનિવાર્ય ગણાય છે એમ તેણે કહ્યું હતું.હોલીવૂડના વાલ કિલમર, જુલિયા રોબર્ટ્સ કે બોલીવૂડના સારા અલી ખાન, આયુષ્યમાન ખુરાના, જાન્હવી કપૂર, સૈફ અલી ખાન - કરીના કપૂરની ગોસિપ વાંચવાની કે કંઈ નવી જોડી બની અને કોનું બ્રેકઅપ થયું કે ગ્લેમરવર્લ્ડના સિતારાઓના અંગતજીવનમાં થયેલી ઉથલપાથલ વિશે જાણવાની ઉત્સુકતા તરુણો અને યુવાનોમાં હોય છે. શાળામાં ભણતાં વિદ્યાર્થીઓ પણ સેલિબ્રિટીઓની નકલ કરે છે.અત્રે ઉલ્લેખનીય વાત એ છે કે ગ્લેમરવર્લ્ડના સેલિબ્રિટીઓની જેમ જ ખેલાડીઓ સુધ્ધાં યુવાપેઢીના આદર્શ છે. ક્રિકેટ ઉપરાંત ફૂટબૉલના ખેલાડીઓ કે કાર રેસીંગના વિજેતાઓ પાછળ પણ યુવાનો દિવાના બન્યા છે. મોટાભાગના વિદ્યાર્થીઓ પુસ્તક વાંચી કારકિર્દી ઘડવાને બદલે ઝટપટ ફેમસ થવાના ઉપાયો અજમાવે છે. એકસમયે લોકો ૪૦-૫૦ વર્ષની ઉંમરના થયા બાદ અથાગ પરિશ્રમ અને બળવાન પ્રારબ્ધને કારણે પ્રસિદ્ધિ મેળવતાં અને ૭૦ વર્ષની વયે પહોંચતા સુધીમાં વૈભવી જીવનનો આરંભ થતો હતો. જ્યારે આજે સ્થિતિ બદલાઈ ગઈ છે.

# અમરેલીમાં પારિવારિક મનદુઃખને લઈ હુમલો

(એજન્સી) અમરેલી । તા. 23

અમરેલી ખાતે લાલાવાવ હનુમાનજી પાછળ આવેલ જગદીશભાઈ ધરજીયાના ખેતરમાં ગઈ કાલે સાંજે પરિવારિક મનદુઃખને લઈને હુમલાની ઘટના સામે આવી છે.

મૂળ ધારીના માલસિકા અને હાલ અમરેલી રહેતા દુર્લભભાઈ વાઘેલા મૂળ રહેવાસી માલસીકા અને હાલ અમરેલી જગદીશભાઈ ધરજીયાની વાડીએ રહી ખેત મજૂરી કરતા હોય તેઓના દિકરાના લગ્ન દયાબેન સાથે થયા હતા, પરંતુ બાદમાં છૂટાછેડા થઈ ગયા હોય, અને તે મામલો હાલમાં કોર્ટમાં ચાલી રહ્યો છે.

આ બાબતનું મનદુઃખ રાખીને દયાબેન સોલંકી અને વિક્રમ ધીરુભાઈ સોંલકી બન્ને ખેતરે પહોંચ્યા હતા.તે સમયે દુર્લભભાઈ સહિત અન્ય લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા. ત્યારે દયાબેને તેઓના દિકરાને પકડી રાખી ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો અને મારી નાખવાની ધમકી આપી હતી.

આ દરમિયાન દુર્લભભાઈ વચ્ચે પડતા વિક્રમ સોલંકીએ પાછળથી પથ્થર મારી હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતા સાથેજ મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે અમરેલી પોલીસે દયાબેન ધીરુભાઈ સોંલકી અને વિક્રમ ધીરુભાઈ સોંલકી વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં પ્રેમ સંબંધની શંકાએ યુવાન પર તલવાર વડે હુમલો

(એજન્સી) અમરેલી । તા. 23

અમરેલી બહારપરા, ધાચીવાડ વિસ્તારમાં રહેતા સીરાજભાઈ જમાલભાઈ ચાવડા (ઉ.વ.40) પોતાના બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ચાર શખ્સોએ રસ્તામાં અટકાવી હુમલો કર્યો હતો.

સોહિલ ઉર્ફે સચી ઈબ્રાહીમભાઈ રાઠોડ પોતાની પત્ની અને સિરાજભાઈ વચ્ચે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખતો હતો.

આ શંકાના આધારે સલીમ રાઠોડ, સીરાજ રાઠોડ સહિત અન્ય ત્રણ શખ્સો સાથે મળી પાઈપ વડે માર માર્યો હતો તેમજ સોહિલ રાઠોડે તલવાર વડે હુમલો કર્યો હતો.

બાદમાં અન્ય ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ વડે શરીર પર આડેધડ હુમલો કર્યો હતો.

હુમલા દરમિયાન સિરાજભાઈને મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી. હુમલામાં તેઓને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.

આ અંગે અમરેલી પોલીસે હુમલો કરનાર સોહિલ ઉર્ફે સચી ઈબ્રાહીમભાઈ રાઠોડ, સલીમ ઈબ્રાહીમભાઈ રાઠોડ, સીરાજ ઈબ્રાહીમભાઈ રાઠોડ, અજમલ અસરફભાઈ રાઠોડ સહિત ચાર શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરજરની શ્રી રામકથામાં ભક્તિ, ભોજન પ્રસાદ અને જીવદયાનો ત્રિવેણી સંગમ

## કાપડી રાજા પરિવાર દ્વારા વિજેતા ઉમેદવાર રિદ્ધિબેન નાયાણીનું સન્માન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મોરજર ગામે સંત શ્રી પુંજલદાદા મંદિર મહોત્સવ અંતર્ગત આયોજિત પવિત્ર શ્રી રામકથા ભક્તિમય વાતાવરણ વચ્ચે ભવ્યતા સાથે ચાલી રહી છે. સમગ્ર આયોજનમાં ભજન, ભક્તિ, સેવાભાવ અને જીવદયાનો અનોખો સમન્વય જોવા મળી રહ્યો છે.

મહોત્સવ દરમિયાન રોજ ભજન-કીર્તન સાથે ભોજન પ્રસાદનું વિશાળ આયોજન કરવામાં આવે છે, જેમાં દરરોજ હજારો શ્રદ્ધાળુઓ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવે છે. કથાસ્થળે આજુબાજુના ગામો ઉપરાંત દૂર દૂરથી ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામકથાનું રસપાન કરી રહ્યા છે.



સમગ્ર વિસ્તાર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયો છે. આ આયોજન માત્ર ધાર્મિક કાર્યક્રમ પૂરતું સીમિત ન રહી જીવદયા અને ગૌસેવાનો ઉત્તમ સંદેશ પણ આપી રહ્યું છે. મહોત્સવ દરમિયાન દરરોજ મોરજર વિસ્તારના નવ ગામોમાં ગૌમાતાઓને ગૌશાળામાં ઘાસ પહોંચાડવામાં આવે છે. ઉપરાંત અબોલ પ્રાણીઓ પ્રત્યેની સંવેદના રૂપે શ્વાનોને પણ વિવિધ વ્યંજનો સાથે ખવડાવી તેમની જઠરાગ્નિ ઠારવાની સેવા કરવામાં આવી રહી છે. આ સેવાકીય પ્રવૃત્તિઓને લોકો દ્વારા ખૂબ પ્રશંસા મળી રહી છે અને સમગ્ર વિસ્તારમાં માનવતા અને સેવાભાવનો સુંદર સંદેશ પ્રસરી રહ્યો છે. આ પવિત્ર પ્રસંગે તાજેતરમાં નખત્રાણા તાલુકા પંચાયતની વિથોણ સીટ પરથી નાની વયે વિજય મેળવનાર ઉમેદવાર કુ. રિદ્ધિબેન શાંતિલાલ નાયાણીનું કાપડી રાજા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# ટોડિયા ગામે ગૌસેવાનું પ્રેરણાદાયી કાર્ય

## સોશિયલ મીડિયા અને સર્વ સમાજના સહકારથી પાંચ વર્ષથી ગાયો માટે નીલા ચારા દાન અભિયાન અવિરત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ટોડિયા ગામે ગૌસેવા અને જીવદયાનું અનોખું ઉદાહરણ છેલ્લા પાંચ વર્ષથી સતત જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયા તેમજ ગામની દરેક સમાજના સહકારથી ગાયો માટે નીલા ચારા અને સુકા ઘાસચારા દાનનું સેવાકીય કાર્ય અવિરત રીતે ચાલી રહ્યું છે. ટોડિયા ગામ તેમજ વિદેશ વસતા પાટીદાર સમાજના સહયોગથી આ સેવા અભિયાનને સતત પ્રોત્સાહન મળી રહ્યું છે. લગ્નની વર્ષગાંઠ, જન્મદિવસ તેમજ પિતૃમોક્ષાર્થે દાતાઓ દ્વારા ગાયો માટે ચારા દાન કરવામાં આવે છે, જે સમાજમાં જીવદયા અને ગૌસેવાનો સુંદર સંદેશ ફેલાવી રહ્યું છે.



આ સેવાકાર્યમાં પટેલ ભીમજીભાઈ વસતા, ઠક્કર જયશીભાઈ ચત્રભુજ, ઠક્કર અરુણ, જાડેજા શૂરુભા નાનુભા (સરપંચ), જાડેજા વિક્રમસિંહ નાનુભા, રવજીભાઈ પટેલ (સુકા ચારા માટે) તેમજ ગામના ગોવાળ પીંજારા સલીમ ઈસા સહિત સર્વ સમાજના આગેવાનો અને યુવામિત્રો મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. સર્વે સાથે મળીને ગાયો માટે ચારા વ્યવસ્થા કરી આ ભગીરથ કાર્યને આગળ ધપાવી રહ્યા છે.

પટેલ ભીમજીભાઈએ જણાવ્યું હતું કે ગામના તમામ સમાજના વડીલો, આગેવાનો, યુવાઓ અને દાતાઓનો સતત સાથ અને સહકાર મળતો રહે છે, જેના કારણે ગૌસેવાનું આ કાર્ય સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. તેમણે તમામ સહયોગીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

આ તસ્વીરમાં ગૌસેવા અભિયાન અંતર્ગત ગામના આગેવાનો અને સેવાભાવી લોકો ગાયો માટે નીલા ચારા વિતરણ પ્રસંગે ઉપસ્થિત નજરે પડે છે.

# સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ : માંડરડી સ્કાય ફિડરમાં ખામીઓથી ખેડૂતોમાં રોષ

(એજન્સી) અમરેલી । તા. 23

અમરેલી રાજુલા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેશભાઈ પરસાણાએ રાજ્ય સરકાર સમક્ષ માંડરડી સ્કાય ફીડર યોજના હેઠળ ખેડૂતોને પડી રહેલી ગંભીર મુશ્કેલીઓ અંગે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ ઉઠાવી છે. આ મુદ્દે તેમણે રાજ્યના કાયદા-ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયાને લેખિત રજૂઆત કરી ખેડૂતોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા અનુરોધ કર્યો છે. રાજુલામાં સૂર્ય શક્તિ કિસાન યોજના અંતર્ગત કાર્યરત માંડરડી સ્કાય ફીડરમાં ખેડૂતોને સતત ટેકનિકલ ખામીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય સ્વીચ, ઈન્વર્ટર અને મીટર બદલવાની સમસ્યાઓ ઉપરાંત સોલાર પેનલો તૂટી જવાના બનાવો પણ વધ્યા છે. ખેડૂતો માટે વધુ મુશ્કેલી એ છે કે ઓનલાઈન અરજી કરવાની સિસ્ટમ લાંબા સમયથી બંધ હોવાથી તેઓ ફરિયાદ કે સર્વિસ માટે યોગ્ય રીતે અરજી પણ કરી શકતા નથી. જ્યારે સમયમર્યાદામાં કામગીરી ન થાય તો સંબંધિત કંપની સામે દંડની કાર્યવાહી થવી જોઈએ.

# ભુજ-જાલોર-પાલી-દિલ્લી ટ્રેનને લીલી ઝંડી : કચ્છ-મારવાડથી દિલ્લી સુધી સીધી કનેક્ટિવિટી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના મુસાફરો માટે ખુશીના સમાચાર વચ્ચે આજે ભુજ રેલવે સ્ટેશન ખાતે ભુજ-જાલોર-પાલી-દિલ્લી નવી ટ્રેન સેવાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો। માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ટ્રેનને લીલી ઝંડી આપી રવાના કરવામાં આવી હતી.



નવી ટ્રેન સેવા શરૂ થતાં કચ્છ જિલ્લાના મુસાફરોને રાજસ્થાન અને દેશની રાજધાની દિલ્લી સુધી સીધી અને વધુ સુવિધાજનક મુસાફરીનો લાભ મળશે। વેપાર, પ્રવાસન, શિક્ષણ તેમજ રોજગાર ક્ષેત્રે પણ આ નવી ટ્રેન સેવા લાભદાયી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. રૂટ અને સમયપત્રક મુજબ આ ટ્રેન ભુજથી ઉપડી અંજાર, ગાંધીધામ, ભચાઉ અને ભિલડી થઈ જાલોર તથા પાલી મારવાડ માર્ગે દિલ્લી પહોંચશે। જેના કારણે કચ્છ અને મારવાડ વિસ્તાર વચ્ચે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે.

# અમરેલીમાં વરસાદની આગાહી વચ્ચે ફરી વખત તાપમાનમાં વધારો

અમરેલી શહેરમાં ઉનાળાનો પ્રકોપ યથાવત રહ્યો છે. દરમિયાન આજે શહેરમાં મહત્તમ તાપમાન 42.3 ડિગ્રી નોંધાતા લોકોને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન 25.6 ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે અમરેલીમાં તાપમાનનો પારો 41.7 ડિગ્રી રહ્યો હતો. જે આજે 42.3 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. હવામાં ભેજનું પ્રમાણ 68 ટકા નોંધાયું હતું. જેના કારણે ઉકળાટમાં પણ વધારો અનુભવાયો હતો.

# ચાણસ્મા તા. પં ના પ્રમુખ તરીકે રીદ્ધિબેન દેસાઇ અને ઉ.પ્રમુખ તરીકે શિલ્પાબેન પટેલ વિજયી

નિતિન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા પં.ના પ્રમૂખ ઉપપ્રમુખની વરણી સંદર્ભે 22 મેના રોજ પ્રમુખપદ માટે ભાજપના વિજેતા ઉમેદવાર રીદ્ધિબેન સાગરભાઈ રબારીએ તેમજ કોંગ્રેસના વિજેતા ઉમેદવાર પિન્કીબેન ગોવિંદજીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું જ્યારે ઉપપ્રમુખ તરીકે ભાજપના વિજેતા ઉમેદવાર શિલ્પાબેન રમેશભાઈ પટેલ અને કોંગ્રેસના વિજેતા ઉમેદવાર નિલમબેન દિનેશભાઈ રબારીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું જેથી શનિવાર 23મી મેના રોજ તા પં.ના સભા હોલ ખાતે જિલ્લામાંથી આવેલ અધિકારી ની



ઉપસ્થિતીમાં પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં ચાણસ્મા તાલુકા પં.ની 18 બેઠકો પૈકી 12 બેઠકો પર ભાજપની. બહુમતી હોવાથી સૌ ભાજપના વિજેતા તાલુકા સદસ્યોએ ભાજપના પ્રમુખપદના ઉમેદવાર રીધ્ધીબેન દેસાઈ અને ઉપપ્રમુખ શિલ્પાબેન પટેલને ટેકો જાહેર કરતાં પ્રમુખ તરીકે રીદ્ધીબેન રબારી અને ઉપપ્રમુખ શિલ્પાબેન પટેલ વિજયી થતાં સૌ ભાજપ ના અગ્રણીઓ એ બન્ને પદાધિકારીઓને ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા તા.વિ.અધિકારી વિસ્તરણ અધિકારી અંબાલાલભાઈ દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખ ની કાર્યવાહી સંમ્પન્ન કરાવાઈ હતી જિલ્લા સદસ્ય ભાવિકભાઈ પટેલ ઓબીસી અગ્રણી નાનજીભાઈ ચૌધરી વિનય સિંહ તા ભા પ્રમુખ કિરણભાઈ જાની સહિત મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકરો શુભેરછકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચમાં ગૌવંશ તસ્કરી સામે VHPનો આક્રોશ

## કલેક્ટરને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ

(એજન્સી) ભરૂચ । તા. 23

ભરૂચ જિલ્લામાં ગૌવંશ તસ્કરી અને ગેરકાયદેસર કતલખાનાઓ સામે કડક કાર્યવાહીની માંગ સાથે વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના આગેવાનો અને કાર્યકરોએ આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગૌવંશ તસ્કરી અને ગેરકાયદેસર કતલખાનાઓના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. VHPએ આગામી બકરી ઈદના



તહેવારને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લામાં પણ આવા તત્વો સક્રિય હોવાની શંકા વ્યક્ત કરી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદે રજૂઆતમાં રાત્રિના સમયે વિશેષ પોલીસ પેટ્રોલિંગ ગોઠવવા, ગેરકાયદેસર કતલખાનાઓને સીલ કરવા, શંકાસ્પદ વિસ્તારોમાં CCTV કેમેરા લગાવવા અને ગૌવંશ તસ્કરીમાં સંડોવાયેલા આરોપીઓ સામે PASA સહિત કડક કાયદાકીય પગલાં ભરવાની માંગ કરી હતી.

આ ઉપરાંત, સ્થાનિક સંસ્થાઓ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરાઈ હતી. VHP કાર્યકરોએ ચેતવણી આપી હતી કે જો સમયસર યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# ભરૂચ જિલ્લા પંચાયત: ભાજપે પ્રમુખ-ઉપપ્રમુખના નામ જાહેર કર્યા

(એજન્સી) ભરૂચ । તા. 23

ભરૂચ જિલ્લા પંચાયતના આગામી કાર્યકાળ માટે ભારતીય જનતા પાર્ટીએ પ્રમુખ અને ઉપપ્રમુખ પદના ઉમેદવારોના નામ સત્તાવાર રીતે જાહેર કર્યા છે. પ્રદેશ મોવડીમંડળના મેન્ડેટ મુજબ, પ્રમુખ પદ માટે ડિમ્પલબેન વિક્રમસિંહ રાજ અને ઉપપ્રમુખ પદ માટે અજિત ચિમનભાઈ વસાવાના નામની જાહેરાત કરવામાં આવી છે. ડિમ્પલબેન રાજ રાજપારડી 24 બેઠક પરથી ચૂંટાયા છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ મીડિયાને જણાવ્યું હતું કે, પાર્ટીના મેન્ડેટ મુજબ બંને પદાધિકારીઓના ઉમેદવારી ફોર્મ જિલ્લા વિકાસ અધિકારી (DDO) યોગેશ કાપસે સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની સત્તાવાર ચૂંટણી પ્રક્રિયા આવતીકાલે પૂર્ણ થશે.

ભાજપ જિલ્લા પંચાયતમાં બહુમતી ધરાવતું હોવાથી, આ બંને ઉમેદવારો બિનહરીફ અથવા તો જંગી બહુમતીથી વિજેતા બનશે તેવી પ્રબળ સંભાવના છે.

# રાજુલામાં જિલ્લા પંચાયતમાં સ્થાન મળતા ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરવામાં આવી

રાજુલા | રાજુલા માં અમરેલી જિલ્લા પંચાયતના હોદેદારોની વરણીમાં રાજુલા વિધાનસભા વિસ્તારના અરજણભાઈ વાઘ અને ભાનુબેન વિક્રમભાઈ શિયાળને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતા રાજુલામાં કાર્યકરો અને શુભેચ્છકો માં આનંદની લાગણી જોવા મળી હતી.

બંને આગેવાનોને જિલ્લા પંચાયતમાં સ્થાન મળતાં રાજુલા શહેરમાં ભવ્ય વિજય સરઘસ નું આયોજન કરવામાં આવ્યું હતું. ઢોલનગારા અને જયઘોષ સાથે



કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં સરઘસ નીકળ્યું હતું આ પ્રસંગે કાર્યકરોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી તેમજ બંને આગેવાનોનું પુષ્પગુચ્છ હાર પહેરાવી અને મીઠાઈ ખવડાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ આ નિમણૂકને રાજુલા વિધાનસભા વિસ્તાર માટે ગૌરવની બાબત ગણાવી હતી.અરજણભાઈ વાઘ અને ભાનુબેન વિક્રમભાઈ શિયાળે સૌનો આભાર વ્યક્ત કરી સંગઠન અને જનહિતના કાર્યોને વધુ વેગ આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. રાજુલા વિધાનસભા વિસ્તારને જિલ્લા સ્તરે વધુ મજબૂત પ્રતિનિધિત્વ મળતાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# ગાંધીધામ નજીક લાકડાના બેન્સામાં ભીષણ આગ

## લાખોનું નુકસાન, ફાયર ટીમે 2 કલાકમાં કાબૂ મેળવ્યો

(એજન્સી) કચ્છ । તા. 23

કચ્છના ગાંધીધામ શહેર નજીક મીઠીરોડ પર આવેલા ગ્રીન ગોલ્ડ લાકડાના બેન્સામાં ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે, જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે આ બનાવ બન્યો હતો. આગ લાગતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ગાંધીધામ મહાનગરપાલિકાની ફાયર ટીમ



તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પાંચ જેટલા ફાયર ફાઈટરોએ સતત બે કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે લાકડાના મોટા જથ્થાને નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# ચમચી માંગવા જેવી નજીવી બાબતે યુવકની કરપીણ હત્યા

## ગ્રાહકોએ બિરિયાનીવાળાના પુત્રને પતાવી દીધો

(એજન્સી) કચ્છ । તા. 23

રાપર શહેરમાં ચમચી માંગવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં 25 વર્ષીય યુવકની હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. રાપર પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને એક સગીર સહિત 3 આરોપીઓને રાઉન્ડ અપ કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાપર શહેરમાં આવેલી 'A1 બિરિયાની' નામની દુકાને ગતરોજ 3 ગ્રાહકો જમવા આવ્યા હતા. જમતી વખતે ચમચી માંગવા જેવી નજીવી બાબતે ગ્રાહકો અને દુકાન માલિકના પુત્ર મહેબૂબ રિયાસત અલી (ઉંમર વર્ષ



25) વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદ એટલો વણસ્યો હતો કે ત્રણેય શખ્સોએ હુમલો કરી મહેબૂબની કરપીણ હત્યા નીપજાવી હતી અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. હત્યાની આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ રાપર પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી.

# લખપતના તહેરામાંથી 'મેડ ઇન ચાઇના' જાસૂસી ડ્રોન હોવાની આશંકા

## સુરક્ષા એજન્સી એલર્ટ પર

(એજન્સી) કચ્છ । તા. 23

ગુજરાતની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા સરહદી જિલ્લા કચ્છમાં ફરી એકવાર સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર આવી ગઈ છે. કચ્છના લખપત તાલુકાના તહેરા ગામ નજીક બાવળોની ઝાડીમાંથી એક શંકાસ્પદ ડ્રોન મળી આવતા ચકચાર મચી ગઈ છે. નારાયણ સરોવર પોલીસે આ ડ્રોન જપ્ત કરીને સઘન તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પેટ્રોલિંગ દરમિયાન તહેરા ગામની સીમમાં



બાવળોની ઝાડીમાંથી આ ડ્રોન મળી આવ્યું હતું. કાળા રંગનું આ ડ્રોન 8*8 ઈંચની સાઈઝનું છે અને તેમાં 4 પંખા લાગેલા છે. ડ્રોનની અંદરના ભાગે વિવિધ સર્કિટ અને વાયરો જોવા મળ્યા છે. આ શંકાસ્પદ ઈલેક્ટ્રોનિક ડ્રોન પર અંગ્રેજીમાં 'EMAX CO SERIES MADE IN CHINA 2004' લખેલું છે.

# જુનાગઢ જેસીઆઇ દ્વારા હાલની સખત ગરમીમાં ત્રણ વૃદ્ધાશ્રમ ખાતે બરફના ગોલા ખવડાવવાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩. હાલમાં સમગ્ર ગુજરાતમાં સખત ગરમી ચાલે છે આવા સમયે વૃદ્ધ નિકેતનવૃદ્ધાશ્રમ, સાંપ્રત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમ, તેમજ સત્યમ યુવક મંડળ સંચાલિત મહિલા આશ્રય સંસ્થા ખાતે રહેતા વડીલોને જુનાગઢ જેસીઆઇ દ્વારા વિવિધ પ્રકારના બરફના ગોલા ખવડાવવામાં આવતા દરેક સંસ્થાના વડીલોએ જેસીઆઇના આ આયોજનને બિરદાવી આશીર્વાદ પાઠવેલા હતા. વૃદ્ધનીકેતન



સંચાલન શ્રીમતી રંજનબેન પુરોહિત, સાંપ્રત એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલકશ્રી જીતેનભાઈ તેમજ મહિલા આશ્રય સંસ્થાના સંચાલકશ્રી મનસુખભાઈ વાજા દ્વારા દરેક વડીલોને વિવિધ વેરાયટીના બરફના ગોળા ખવડાવી સખત ગરમીમાં ઠંડક પહોંચાડી હતી તે બદલ જેસીઆઈ સંસ્થાના પ્રમુખશ્રી જેસી જગદીશ મદનાની, મંત્રીશ્રી રવિ ઘીનોજા ડાયરેક્ટરશ્રી જેસી કિશોર ચોટલીયા, જેસી યતીન કારીયા જેસી વિરલ, જેસી ચિરાગ કડેચા વગેરેનો આભાર વ્યક્ત કરેલ હતો.

દેશની પ્રાચીન પ્રાકૃતિક સમૃધ્ધિને અંકે કરવા વગદારોનો ડોળો......

# ગીર જંગલ, અરવલ્લી, હસદેવ, નિકોબાર સહિત જંગલો અને જીવસૃષ્ટિ પર જોખમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



તા.૨૨ મે, શુક્રવારે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (ઈન્ટરનેશનલ બાયોડાયવર્સિટી ડે) ઉજવાયો જેનો મધ્યવર્તી વિચાર છે, 'વિશ્વના ભલા માટે સ્થાનિકમાં કાર્ય કરો'. ભારત પુરાણ કાળ થી, સહસ્ત્રાબ્દિઓથી જૈવવિવિધતા માટે વિશ્વવિખ્યાત છે પરંતુ, ભારતની આ ભવ્ય પ્રાકૃતિક સંપત્તિ ખનીજની ભુખ સંતોષવા ખેતરામાં હોવાનો અહેવાલોથી જીવદયા અને પર્યાવરણપ્રેમીઓમાં ચિંતાનું મોજુ પ્રસર્યું છે. ગુજરાતના ગીર જંગલથી માંડીને અરવલ્લી પર્વતમાળા, નિકોબાર ટાપુ, તેલંગાણાનો વન પ્રદેશ અને તાજેતરમાં છત્તીસગઢના હસદેવ જંગલો ઉપર ધંધાદારીઓનો ડોળો પડતા જ જૈવવિવિધતા જોખમમાં મુકાઈ છે. ગીર જંગલ વિશ્વમાં માત્ર એશિયાટીક લાયન નહીં પણ જીવ અને વનસ્પતિઓનું વિશાળ વૈવિધ્ય ધરાવતું અનોખું સ્થળ છે. સરકારી તંત્રની માંઠી નજર હેઠળ સેંકડો રિસોર્ટ્સ ખડકાઈ ગયા છે અને તેને નિયમબધ્ધ કરવાની હીલચાલ સામે વિરોધ ઊઠ્યો છે. તાજેતરમાં વન્યજીવનના અભ્યાસુ ભુષણ પંડયાએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખીને પૂર્વ ગૌર વિસ્તારના અમરેલી જિ.ના જાફરાબાદ તાલુકાના બાબરકોટ વિસ્તારમાં અનામત જંગલમાં સીમેન્ટ કંપનીને માઈનીંગની છૂટ આપવાની હિલચાલથી સિંહ,દિપડાં સહિત વન્યપ્રાણીઓના કાયમી નિવાસ અને જીવસૃષ્ટિ નો નાશ થશે.

# સદભાવના વૃદ્ધાશ્રમ 'વૃદ્ધોની જરૂર છે'

## સદભાવના વૃદ્ધાશ્રમ બેઘર, બીમાર, અપંગ અને પથારીવશ લોકોને સહાય પૂરી પાડશે.

મુંબઈ | વૃદ્ધાશ્રમ માત્ર ભારતીય સંસ્કૃતિનો એક ભાગ નથી પણ આજના કળિયુગમાં પણ એક જરૂરિયાત છે. કમનસીબે, સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તૂટી રહી હોવાથી, ઘણા લોકો નિરાધાર બની રહ્યા છે. છેલ્લા દસ વર્ષથી, રાજકોટમાં વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા સંકુલ સદભાવના વૃદ્ધાશ્રમ કાર્યરત છે. આ વૃદ્ધાશ્રમમાં, જરૂરિયાતમંદ વૃદ્ધો, ભલે તે કોઈ પણ જાતિ કે ધર્મના હોય, તેમની સાથે આદરપૂર્વક અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં વ્યવહાર કરવામાં આવે છે, અને બધી સુવિધાઓ મફતમાં પૂરી પાડવામાં આવે છે. વૃદ્ધાશ્રમમાં આવતા જરૂરિયાતમંદ વૃદ્ધો પાસેથી કોઈ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતા નથી. બધી સુવિધાઓ મફતમાં પૂરી પાડવામાં આવે છે.૫૦૦ કરોડના ખર્ચે, ૧,૪૦૦ ઓરડાઓવાળા આ સંકુલ ૫,૦૦૦ નિરાધાર, બીમાર અને પથારીવશ વૃદ્ધોને રહેવા માટે જગ્યા આપશે. વિશ્વનું સૌથી મોટું મફત સદભાવના વૃદ્ધાશ્રમ,




નવા વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા સંકુલ, નિરાધાર, બીમાર અને પથારીવશ વૃદ્ધોને આજીવન મફતમાં રહેવા માટે જગ્યા આપશે. તેમાં સાત ટાવર હશે, દરેક ટાવરમાં ૧૧ માળ હશે, જે દરેક વ્યક્તિ માટે પૂરતી જગ્યા અને સંભાળ પૂરી પાડશે. વધુમાં, જૈન સમુદાયના વૃદ્ધોને સમર્પિત એક આખો ટાવર બનાવવામાં આવ્યો છે, જેમાં એક મંદિર પણ છે. સદભાવના વૃદ્ધાશ્રમ, વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા સંકુલ, ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલું છે.હાલમાં, ગુજરાતના આ સૌથી મોટા વૃદ્ધાશ્રમમાં 700 થી વધુ વૃદ્ધો નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમાંથી 400 પથારીવશ (ડાયપરમાં) છે. સદભાવના વૃદ્ધાશ્રમમાં એવા લોકો માટે એક ખાસ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે જેઓ સંપૂર્ણપણે પથારીવશ છે (કોઈપણ ઉંમરના), જેમની સંભાળ રાખવા માટે કોઈ નથી, જેઓ પોતાનું જીવન એકલતા અને લાચારીમાં વિતાવે છે, અથવા જેઓ તેમના દુખાવાને કારણે દરરોજ વહેલા મૃત્યુ માટે પ્રાર્થના કરે છે, અને કેન્સર અને કોમા સામે લડી રહેલા નિ:સંતાન વૃદ્ધો માટે. તેની ફરજના ભાગ રૂપે, સદભાવના વૃદ્ધાશ્રમ આવા નિ:સંતાન, પથારીવશ લોકો (કોઈપણ ઉંમરના) ને મફત રહેવાની વ્યવસ્થા પણ પૂરી પાડે છે. તેની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જો તમે તમારી આસપાસ કોઈ લાચાર અથવા નિરાધાર વૃદ્ધ વ્યક્તિને, પથારીવશ, કેન્સરથી પીડિત અથવા કોમામાં જુઓ છો, તો તમને વિનંતી છે કે તેમને વિનુભાઈ બચુભાઈ નાગ્રેચાના પરિસર સદભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટ-જામનગર હાઈવે, પડધરી પાસે, મોટા રામપર, રાજકોટ લઈ જાઓ.

## શ્રીસંહિતા મહિલ મંડળ દ્વારા પવિત્ર પરસોતમ માસ નિમિતે શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર ખાતે પૂજન અર્ચનનો કાર્યક્રમ યોજાઈ ગયો.




નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૨ શ્રી સંહિતા મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા પવિત્ર શ્રી પુરુષોત્તમ માસ નિમિતે તારીખ 22/5./2026 ને શુક્રવારે સાંજે 5:00 કલાકે શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે સ્વ.શ્રી વીણાબેન પંડ્યાની યાદમાં પૂજા, અર્ચના રાખેલ, આ મંદિરે પ્રણામી ધર્મની પ્રણાલી પ્રમાણે મોરલી અને મુગટની સાથે ગ્રંથની પૂજા પણ કરવામાં આવેલ જેમાં. બહેનોએ પોતાના ઘરેથી ધાર્મિક વસ્તુ જેવી કે ભાગવતજી, તુલસીજી ક્યારો, શાલિગ્રામ ભગવાન કે કૃષ્ણ ભગવાન કે નારાયણ ભગવાનનો ફોટો,માળા ,મૂર્તિ વગેરે વસ્તુ પૂજા માટે લાવેલ ગોરમાનું પૂજન કરી ભગવાનની 51 પ્રદિક્ષણા કરી અને છેલ્લે શ્રીકૃષ્ણ ભગવાનની સમૂહ આરતી મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોએ કરી હતી.

## બિદડામાં દલિત મહિલાને ધમકીનો આક્ષેપ: ભીમ આર્મીએ કોડાય પોલીસ સ્ટેશનમાં કરી રજૂઆત

બિદડા | રોજગારી અર્થે કોડીનારથી કચ્છ આવી છેલ્લા 18 વર્ષથી બિદડા ખાતે સ્થાયી થયેલા પરમાર પરિવારની મહિલા સભ્યએ પડોશીઓ વિરુદ્ધ માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીનો આક્ષેપ કર્યો છે. પીડિતા હંસાબેન ચેતનભાઈ પરમાર, રહે. મારૂ નગર સોસાયટી, બિદડા, દ્વારા કરાયેલી રજૂઆત મુજબ, અમદાવાદથી આવીને પડોશમાં રહેતા જયદીપ જાડેજા, વીરદીપ જાડેજા, કનુભા લદુભા જાડેજા અને પવનબા કનુભા જાડેજા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી તેમના પરિવારને હેરાન કરવામાં આવી રહ્યા છે.હંસાબેનનો દાવો છે કે અગાઉ થયેલી મારપીટમાં તેમને હાથનું ફ્રેક્ચર થયું હતું, જ્યારે તેમના બાળકને ટુ-વ્હીલરની ટક્કર મારી



પગનું ફ્રેક્ચર કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જાતિસૂચક શબ્દો વાપરી અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.આ મામલે હંસાબેને ભીમ આર્મી ભારત એકતા મિશનનો સંપર્ક કરતા સંગઠનની ટીમે સ્થળ મુલાકાત લીધી હતી. ત્યારબાદ ભીમ આર્મીના આગેવાનો હરેશ રોશિયા, નરેશભાઈ ભોઈયા, રાજેશ રતડ, કિસનભાઈ સંજોટ, હીરજી જે. ભદ્રુ સહિતના કાર્યકરો પીડિતાને સાથે રાખી કોડાય પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને તળાવોની પ્રિ-મોન્સૂન કામગીરીનું જાત-નિરીક્ષણ કરતા કમિશનરશ્રી પ્રભવ જોષી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩. મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા તા:૨૨/૦૫/૨૦૨૬ન રોજ આગામી વર્ષા ઋતુને ધ્યાને રાખીને 'મોનસુન એક્ટિવિટી' ના ભાગરૂપે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેરડનેસની સઘન ચકાસણી કરવામાં આવી હતી. નરસિંહ મહેતા તળાવ ખાતે રેસ્ક્યુ બોટ તેમજ હેવી ડ્યુટી ડી-વોટરીંગ મશીનરીની કાર્યક્ષમતા અંગે જાત નિરીક્ષણ કરી તેની સજ્જતા ચકાસવામાં આવી.તેમજ ચોમાસા પૂર્વે કરવાની થતી જરૂરી કામગીરી ની વિગતો મેળવીને સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી.આ તકે માન.કમિશનરશ્રી દ્વારા ઈનલેટ-આઉટલેટ સ્ટ્રક્ચરની સંપૂર્ણ સફાઈ કરી વર્ષાઋતુનો પ્રારંભ થાય તે પૂર્વે તમામ કામગીરી પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપવામાં આવી. વાઘેશ્વરી તળાવના ડેવલોપમેન્ટની ચાલી રહેલી કામગીરીની પ્રગતિ અંગે સમીક્ષા કરવામાં આવી ચોમાસા પૂર્વેની તમામ સંબંધિત કામગીરીઓ સત્વરે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી.આ તકે કાર્યપાલક ઈજનેર (વો.વ)શ્રી અલ્પેશભાઈ ચાવડા, ચીફ ફાયર ઓફિસરશ્રી વિશાલ ટીંબડિયા તેમજ ડિઝાસ્ટર સેલના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.

## જામનગર તાલુકા પંચાયત માં ભાજપ નો ભગવો લહેરાયો પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

વિશાલ જે હરવરા જામનગર

જામનગર તાલુકા પંચાયતના પ્રમુખપદે સરસ્વતીબેન મહેન્દ્રભાઈ ખાણધર તથા ઉપપ્રમુખ પદે તરુણભાઈ કાંતિભાઈ વસોયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

વરણી પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ હાપા યાર્ડ ચેરમેન મુકુંદભાઈ સભાયા, પૂર્વ તાલુકા ભાજપના પ્રમુખ અને જિલ્લા પંચાયત સદસ્ય



મહેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શુભેચ્છા અને અભિનંદનનો માહોલ જોવા મળ્યો હતો.

કેશોદમાં 'શિક્ષણ સેવા યજ્ઞ'નો પ્રારંભ

# ઝૂંપડપટ્ટીના 100 બાળકો સુધી શિક્ષણ પહોંચાડવા 50 શિક્ષકો તૈયાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૨૩. કેશોદ શહેરમાં નિરક્ષર અને વંચિત બાળકો સુધી શિક્ષણ અને સંસ્કારનો પ્રકાશ પહોંચાડવાના ઉમદા હેતુ સાથે "શિક્ષણ સેવા યજ્ઞ" અંતર્ગત એક મહત્વપૂર્ણ આયોજન બેઠક શ્રી કે.એ. વણપરીયા સ્કૂલ ખાતે યોજાઈ હતી. શહેરના શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા શિક્ષકો, શાળા સંચાલકો અને સેવાભાવી આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં નારાયણ વસ્તી (ઝૂંપડપટ્ટી)માં રહેતા બાળકોને શિક્ષણ સાથે સંસ્કારનું ઘડતર મળે તે માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સેવા યજ્ઞની શરૂઆત ગુરુવાર તા.28/05/2026થી કરવામાં આવશે અને પ્રથમ તબક્કામાં અંદાજે 100 જેટલા બાળકોને શિક્ષણ સેવા યજ્ઞ સાથે જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કેશોદ શહેરના આશરે 50 જેટલા શિક્ષકોએ આ જવાબદારી નિભાવવાની તૈયારી દર્શાવી છે તથા દરરોજ ઓછામાં ઓછો એક કલાક સમાજસેવા માટે



ફાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.બેઠકમાં વિશેષ ઉપસ્થિત તરીકે DYSP ઓફિસના હેતલબેન ઉકાણી, નાયબ મામલતદાર રસિકભાઈ સાવલિયા, ન્યુ એરા પ્રોફેસર એકેડમીના ડૉ.પ્રો. પી.એસ.ગજેરા, શ્રેયસ સ્કૂલના જગમાલભાઈ નંદાણીયા, કે.વી. એમ.ના વર્ષાબેન ભાખર તેમજ સેવાભાવી કેળવણીકાર, પત્રકાર અને જલારામ મંદિરના ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ કાનાબાર હાજર રહ્યા હતા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. બી.એમ. દેવળીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## નાંદોદ તાલુકા પંચાયત ના પ્રમુખ તેમજ ઉપપ્રમુખ વરાયા . ગોવિંદભાઈ વસાવા પ્રમુખ, સુલોચનાબેન બારોટ ઉપપ્રમુખ તરીકે વરાયા

રાજપીપળા | નાંદોદ તાલુકા પંચાયત ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખ પદની વરણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. જેમાં પ્રમુખ તરીકે ગોવિંદભાઈ વસાવા અને ઉપપ્રમુખ તરીકે સુલોચનાબેન બારોટની વરણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે JRD માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા યુવાન ગોવિંદભાઈ વસાવાનું નામ અચાનક પ્રમુખ પદ માટે જાહેર થતાં તાલુકા પંચાયતના સભ્યો તેમજ કાર્યકરોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. સામાન્ય પરિવારમાંથી આગળ વધેલા અને જમીન સાથે જોડાયેલા યુવાનને તાલુકાના પ્રથમ નાગરિક તરીકે તક મળતા કાર્યકરોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

વરણી પ્રક્રિયા દરમિયાન ભાજપના આગેવાનો, તાલુકા પંચાયતના સભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવા



હોદ્દેદારોએ તાલુકાના વિકાસ, જનસેવા અને સરકારની યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.પ્રમુખ તરીકે વરાયેલા ગોવિંદભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, "પાર્ટી અને આગેવાનો દ્વારા મારા પર મૂકવામાં આવેલ વિશ્વાસને હું વિકાસકાર્યો અને જનસેવા દ્વારા સાર્થક કરવાનો પ્રયાસ કરીશ."નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી બાદ કાર્યકરો દ્વારા ફૂલહાર પહેરાવી અભિનંદન આપવામાં આવ્યા હતા અને ખુશીના માહોલ વચ્ચે ઉજવણી પણ કરવામાં આવી હતી.

સિંહાસને મોતીનો દિવ્ય શણગાર સાથે મીઠાઈ -ફરસાણ-ફળમાં કેરી-જાંબુનો અન્નકૂટ ધરાવામાં આવ્યો

## 'પુરુષોત્તમ માસ' શનિવાર- જેઠ સુદ આઠમ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને વ્હાઈટ મોતીના કલાત્મક વાઘા

નરેન્દ્ર દવે જૂનાગઢ

સાળંગપુર તા.૨૩. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ આયોજીત અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' નિમિતે અધિક માસમાં મારા દાદાને અધિક શણગાર ની સેવા અંતર્ગત આજે (રાધાષ્ટમી- જેઠ સુદ આઠમ) નિમિત્તે તા.23-05-2026, શનિવારના રોજ પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી અને કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામીના માર્ગદર્શનથી દાદાને વ્હાઈટ મોતીના કલાત્મક હંસની થીમ પર વાઘાનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સાથે સિંહાસને મોરની થીમ પર મોતીનો નયનરમ્ય રીતે દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. શ્રીકષ્ટભંજનદેવ દાદાને વ્હાઈટ મોતીના કલાત્મક વાઘા સાથે સિંહાસને મોતીનો દિવ્ય શણગાર સાથે મીઠાઈ -ફરસાણ-ફળમાં કેરી-



જાંબુનો અન્નકૂટ ધરાવામાં આવ્યોસવારે 05:30 કલાકે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી તથા સવારે 07:00 કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી દ્વારા કરવામાં આવી હતી. આજે શનિવારે અનેક હરિભક્તોએ દાદાને ધજા ચઢાવી હતી. દાદાના દિવ્ય શણગાર એવં આરતી દર્શન અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. મંદિરના પટાંગણમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.17 મે થી 15 જૂન 2026 સુધી સવારે 9 થી 12 અને સાંજે 3 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે.

## પુજ્ય મુક્તાનંદજી બાપુના પ્રાગટ્ય દિવસ નિમિતે તા.૦૨-૦૬-૨૦૨૬, મંગળવારના રોજ જૂનાગઢમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩. અખિલ ભારતીય સાધુ સમાજનાં પ્રમુખશ્રી તથા પંચ અગ્નિ અખાડાના સભાપતિશ્રી પૂજ્ય મુક્તાનંદજી બાપુના પ્રાગટ્ય દિવસ નિમિતે તા.૨-૬-૨૬ને મંગળવારના રોજ જૂનાગઢમાં શ્રી પ્રેમાનંદ સ્કૂલ, બિલનાથ મહાદેવ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું બે તબક્કામાં આયોજન કરવામાં આવેલ છે. તેમાં સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ તથા સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ દરમ્યાન રક્તદાન/બ્લડ ડોનેશન કરી શકો છો આ માટે નીચે આપેલ ગુગલ ફોર્મ લીંકમાં આપ સવારે અથવા સાંજે આપની અનુકુળતા મુજબ કોઈ પણ એક ટાઈમમાં રજીસ્ટ્રેશન કરાવી આપનું યોગદાન આપી ધન્યતા અનુભવી શકો છો.https://forms.gle/izREn9AQEAgFDuKy5 તેમજ ભજન સંધ્યાનું પણ આયોજન સાંજે૦૮:૩૦થી શ્રી બિલનાથ મહાદેવ મંદિર, વંથલી રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવેલછે. સૌ ધર્મ અનુરાગી ભક્તજનોને લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## શ્રી પરશુરામ ફાઉન્ડેશન યુવા પાંખ દ્વારા સર્વ જ્ઞાતિ માટે સંસ્થાના ચેરમેનશ્રી શૈલેષભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે ફ્રી મેડિકલ કેમ્પ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢતા.૨૩ શ્રી પરશુરામ ફાઉન્ડેશન યુવા પાંખ દ્વારા સર્વ જ્ઞાતિ માટે સંસ્થાના ચેરમેનશ્રી શૈલેષભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે ફ્રી મેડિકલ કેમ્પ નું આયોજન તા. 30/05/2026ને શનિવારે સવારે 8.30થી 11.00. નોબેલ સ્કૂલ, ગીરીરાજ મેઈન રોડ, બસ સ્ટેન્ડ,જુનાગઢ ખાતે કરવામાં આવ્યું છે આ કેમ્પમાં તમામ રોગ માટેના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા નિદાન કરી આપવામાં આવશે અને બીપી અને સુગરની તથા કોલેસ્ટ્રોલની તપાસ તદ્દન ફ્રી (ભૂખ્યા પેટે આવવું ) તેમજ ફ્રી કાર્ડિયોગ્રામ, ડોક્ટરની સૂચના મુજબ ફ્રી જરૂરી દવાઓ આપવામાં આવશે. આ માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે વિરલભાઈ- 9909229722 / વત્સલ પંડ્યા-9879960198 / જયદીપ જંગલ-95743 07180 / દીપક પાડલીયા- 99094 60901.

# આનંદ પરિવારથી વિખૂટો પડીને ઘરથી ખૂબ દૂર જોબ માટે જવાનો છે

રવિવારનો દિવસ પરિવાર ના સભ્યો માટે ખુશીઓનો ખજાનો લઈને આવ્યો હતો... આનંદ ના મોબાઈલ પર પ્રખ્યાત કંપની નો મેઈલ પરિવારની ખુશીઓનું કારણ હતું. ત્રણેય ના ચહેરા માં ખુશીઓનું તેજ હતું પપ્પા ખુશ તો હતા એની ખુશીનો અંદાજો આકવો અઘરો હતો. પરંતુ અંદરથી બિચારા ચિંતિત હતા એક ના એક દીકરા આનંદ પરિવાર થી વિખૂટો પડી ને ઘરથી ખૂબ દૂર પુના જોબ માટે જવાનો છે.ક્યારેય એની મમ્મી વગર એકલો રહીયો નથી,મમ્મી વગર કેવી રીતે રહી શકશે? આ વાત એના મનને કોરી રહી હતી.આનંદ ના ખુશખુશાલ ચહેરા સામે પોતાની ચિંતા અને દુઃખ વ્યક્ત કરવું જોઈએ નહિ એવું વિચારી ને ચૂપચાપ પતિપત્ની દીકરાની ખુશીઓમાં હસી રહ્યા હતા.એના વગર જીવવું અશક્ય છે પરંતુ દીકરાની પ્રગતિ એ માબાપ માટે વિશેષ હોઈ છે. મધ્યમવર્ગી પરિવારમાં ખુશીઓ સાથે દુઃખ પણ હદયના ખૂણામાં છુપાઈ ને રડતું હોય છે એનું કારણ છે કે મધમવર્ગી પરિવાર એ લાગણી અને પ્રેમના આવેશમાં ધબકતું હોઈ છે.મમ્મી વારંવાર ખુશીઓની મારી ખડખડાટ હસ્તા હસ્તા આંસુઓ ખૂણામાં છુપાવી લેતી હતી.પપ્પા એ તો ખુશીઓના માર્યા ફેમિલી અને સોસાયટી ના wp ગ્રુપ પર આનંદની પ્રગતિનો મેસેજ send કર્યો.....મીરાબેન નો મોબાઈલ ફોન સગા સબંધીઓ ની વધાઈ માં સતત રણકતો હતો.હર્ષદભાઈ ને તો મીરાબેન ના ફોન માં વાત કરવાના અંદાઝ થી ખૂબ હસવું આવતું હતું. મીરાબેન ફૂલ વોલ્યુમ માં આનદ ની નોકરી વિશે વાત કરતા ત્યારે એના બન્ને ગાલ ગુલાબી થઈને ચમકતા અને મોટી કાળી ભમમ્સ આંખોમાં ખુશીઓની ચમક વધી જતી હતી. બધાને ફોન માં કહેતા હતા કે મારા આનંદ ની નોકરી પુણે સ્થિત મલ્ટી નેશનલ આઈ ટી કંપની માં લાગી ગઈ. મને તો એની સેલરી ની રકમ 90,000 સાંભળી નેજ ચક્કર આવી ગયા.એના પપ્પા નિવૃત્ત થયા ત્યારે પણ આટલી મોટી સેલરી નહતી.હકીકત તો એ છે કે મારા આનંદે ના રાતદિવસ ભણવામાં પહેલા ધોરણથી ખૂબ મેહનત કરી છે. 90% ઓછા એકવાર આવ્યા ત્યારે તો બે દિવસ સુધી જમ્યો નહતો,એના પપ્પા એ એને સમજાવ્યો ત્યારે ખાધું હતું. આપણે માબાપ ભણવા માટે ફી જ ભરી શકીએ પરંતુ ભણવા પાછળ મેહનત તો છોકરા એજ કરવી પડતી હોઈ છે.આનંદ ની અઘરી તપસ્યા ને કારણે જ એના જીવનમાં સારાં દિવસો આવ્યા છે. હર્ષદભાઈ એતો આનંદની નોકરીની ખુશીમાં 25 કિલો કાજુકતરી ના અઢીસો અઢીસો ના પેક સગા,મિત્રો અને પડોશીઓને આપવા માટે જાણીતી મીઠાઈની શોપમાં ઓર્ડર પણ આપી દિધો... ઘરની બાજુમાં રહેતા હંસાબેન એ મીરાબેન ને સાદ પડતાં એ ઘરની બહાર કોમન દીવાલ પાસે આવ્યા. હંસાબેન એ congratulations કહ્યું ત્યારે મીરાબેન ઉત્સાહમાં આવીને હંસાબેન સાથે આનંદ ની સફળતા ની વાતો ને ગર્વ કરતા બોલ્યાં કે 'thank you' બહેન. હંસાબેન મારા આનંદ ને તો



ધારાવાહિક: એપાર્ટમેન્ટ ન:905

- રુપાલી દવે

કંપની તરફથી બે બેડરૂમ નો ફ્લેટ પણ મળવાનો છે એટલે ત્યાં જઈને ઘર શોધવાની સમસ્યા બિલકુલ નથી. જુવોને દિવસો ઓછા છે ને તૈયારીઓ ખૂબ કરવાની છે.આ મહિના ની 20મી તારીખે તો જોબ પર હાજર થવાનુ છે.સાચું કહું તો બધી કૃપા ભગવાન ની છે.હંસાબેન ખુશ થતા થતા બોલ્યાં કે મીરાબેન, અમને તો આનંદ ની નોકરીના સમાચાર સાંભળતા જ ખૂબ ખુશી થઈ.આનંદ ને જે કંપનીમાં નોકરી મળી છે એજ આઈ ટી કંપનીમાં મારા જેઠનો દીકરો પ્રણવ નોકરી કરે છે.કંપની ખૂબ સરસ છે ને ત્યાંનો સ્ટાફ પણ સારો છે. કર્મચારીઓ ની શિફ્ટ રાત દિવસ ની હોઈ છે. પ્રણવ ની શિફ્ટ તો સાંજના 8 થી લઈને સવારના 5વાગ્યા સુધીની છે.વિદેશી આઈ ટી કંપની ની ઓમાં કર્મચારીઓ ને બધીજ સુવિધાઓ મળતી હોઈ છે.મીરાબેન પુના હાઈટ ઉપર હોવાના કારણે ત્યાંનું વાતાવરણ હમેશા સરસ જ રહે છે. આનંદ સેટ થઈ જાય પછી ત્યાં ફરવા ચોક્કસ જજો...હંસાબેન સાથે વાતોમાં વ્યસ્ત મીરાબેન ને ઘર માંથી આનદ એ બૂમ પાડી 'મમ્મી ઓ મમ્મી,અંદર આવ તો,મારે તારું કામ છે'..ઘરમાં આવતા જ આનંદ બોલ્યો શું કરે છે? તું બસ કર કેટલી ખુશ થઈશ? એકતો તને છોડીને આટલો બધો દૂર જઈ રહ્યો છું ને તું છે કે રાતદિવસ ગામગપાટા માં અને ફોનમાં વધારે રહે છે. પ્લીઝ મમ્મી થોડો સમય તો મારી સાથે વિતાવ. ત્યાં જઈને ખૂબ વ્યસ્ત થઈ જવાનો છું.હજી મારી પાસે 15દિવસ તારી સાથે રહીને એન્જોય કરવાના છે.હવેથી તારે માત્ર ને માત્ર મારા પર વધારે ધ્યાન આપવાનું છે સમજી.પ્લીઝ,પપ્પા,તમે જ મારી સ્વીટ મમ્મી ને સમજાવો.પપ્પા,આનંદ ની વાત સાંભળીને ભાવુક થઈને બોલ્યાં બેટા,તને તારી મમ્મી પ્રત્યેનો પ્રેમ જોઈને મને તારી મમ્મી ની ઈર્ષા આવે છે.એ કેટલી લકી છે કે એને દીકરો આટલો બધો પ્રેમ કરે છે.મારા માટે તારા હદયમાં થોડીક જગ્યા તો રાખજે બેટા.માન્યું કે લાઈફ ટાઈમ કડક પિતા બની ને ઘણી વાર ખિજાયો હોઈશ કે થપ્પડ પણ મારી હશે.એ બધું તારી ભલાઈ માટે કર્યું હશે...આનંદ,પપ્પા ને વળગી ને બોલ્યો પ્લીઝ પપ્પા આવું ના બોલો,મારા હદયમાં તમારો અને મમ્મી સિવાઈ અન્ય માટે જગ્યા જ નથી.તમારું એકનું એક સંતાન એટલે તમે મારી બધી ઈચ્છાઓ પૂરી કરી છે.તમારે નોકરી ને કારણે બહાર રહેવાનું વધારે હતું એટલે મમ્મી મારી ફ્રેન્ડ જેવી બની ગઈ છે.બાલમંદિર થી લઈને કૉલેજ માં એડમીશન માં બધેય મમ્મી,શોપિંગ કરવા જવું હોઈ તો પણ એજ મારી સાથે હોઈ.સાચું કહું પપ્પા,મમ્મી ની મને ભયાનક આદત પડી ગઈ છે.થાય છે કે પુના માં મમ્મી વગર કેમ જીવીશ?15તારીખે મમ્મી પપ્પા ને વળગી ને ભીની આંખે આનંદ અમદાવાદ ના કાળુપુર રેલવે સ્ટેશન થી પૂનાની ટ્રેનમાં પુના જવા રવાના થયો. કપની એ ફ્લેટનું એડ્રેસ મોકલી દીધું હતું ને ચાવી ત્યાંના ચોકીદાર પાસેથી મેળવી લેવી એવો મેસેજ આવી ગયો હતો.પરંતુ આનંદ ને પુના પોહચી ને શું થશે એની ચિંતા નહતી?મમ્મી નો ઉદાસ ચહરો સતત આંખ સામે આવી રહ્યો હતો.બેત્રણ વાર આનંદ એ મમ્મી ને ફોન કર્યો પણ પપ્પા એ જુદાજુદા બહાના આપીને મમ્મી સાથે વાત ના કરાવી.આનંદ ને થયું કે મમ્મી અત્યારે ખૂબ સેડ હશે એટલે ફોન માં વાત નથી કરતી કાલ સવારે વિડિયો કોલ કરીને મમ્મી ને મનાવી લઈશ. દિકરા નો ફ્લેટ જોશે ને એટલે એ ખુશખુશાલ થઈ જવાની...આખરે મારીએટલે માત્ર ને માત્ર આનંદની મમ્મી છે થોડી ઈમોશનલ અને થોડી ગુસ્સેલ..ખુશ થઈ જશે તો એટલી હદે ખુશ થશે ને કે આપણા ને સમજાશે જ નહી..નાખુશ થઈ જશે તો મોટા મોટા ડોળા કાઢીને બેત્રણ થપાટ તો ગાલ પર મારશે જ..ગાલ લાલ લાલ જોઈને ખુદ રડવા લાગશે..ક્યારેય મતલબ જન્મ થી લઈને અત્યાર સુધી મમ્મી થી દૂર ગયો નથી એટલે એ અત્યારે ખુબ સેડ થઈ ગઈ છે..મોબાઈલ ના કવર પર મમ્મી નો પિક જોઈને આનંદ મનમાં બોલ્યો લવ યુ મમ્મી..



# નિરુપા રોય નહીં, મૌની રોય બની બોલિવૂડની નવી મા...!

## વરુણ બે પ્રેગ્નેન્ટ હસીનાઓ વચ્ચે ફસાયો, જમીલ જમાલીનો રમુજી અંદાજ; 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ટ્રેલર રિલીઝ

(એજન્સી) મુંબઇ | તા 23

વરુણ ધવન, મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે સ્ટારર ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં હાસ્ય, ગૂંચવણો, ડ્રામાનું પરફેક્ટ કોમ્બિનેશન જોવા મળી રહ્યું છે. ટ્રેલર જોઈને 90ના દાયકાની ગોવિંદાની ફિલ્મોની યાદ આવી જાય છે.

ટ્રેલરની શરૂઆત વરુણ ધવન (જસ) અને મૃણાલ ઠાકુર (બાની)થી થાય છે. બંને વચ્ચે ક્યુટ કેમેસ્ટ્રી અને ભરપૂર રોમાન્સ જોવા મળે છે. પણ તરત જ વાર્તામાં નવો ટ્વિસ્ટ આવે છે, બંને કોર્ટમાં છૂટાછેડાની સુનાવણી માટે પહોંચે છે. જજ (અલી અસગર) જ્યારે મૃણાલને પૂછે છે કે શું જસે (વરુણે) તેને દગો આપ્યો છે કે ઘરેલું હિંસા કરી છે? ત્યારે તે કહે છે કે, ના, તેનાથી ઉલટું તે મને અનહદ પ્રેમ કરે છે. આ સાંભળીને જજ પણ આશ્ચર્યમાં મૂકાઈ જાય છે. જ્યારે વરુણ કહે છે કે તેને પિતા બનવું છે. આ કોર્ટ કેસ દરમિયાન વરુણની મુલાકાત પૂજા હેગડે (પ્રીત) સાથે થાય છે.

વરુણ તેને ખોટું બોલે છે કે તે સિંગલ (અપરિણિત) છે. બંને વચ્ચે રોમાન્સ પૂરબહારમાં ખીલી જ રહ્યો હોય છે કે, વરુણની પત્ની મૃણાલની એન્ટ્રી થાય છે. તે વરુણને ખુશ ખબર આપે છે કે, તે મા બનવાની છે. આ આંચકાને હજુ તો તે સંભાળવાનો પ્રયત્ન કરી રહ્યો હોય ત્યાંજ તેને મોટો આંચકો મળે છે કે પૂજા પણ પ્રેગ્નેન્ટ છે. વરુણ મનીષ પૌલને કૉલ કરીને કહે છે, 'મને નિરુપા રોય જેવી મા જોઈએ છે.' નકલી માતા બીજું કોઈ નહીં પરંતુ મૌની રોય છે. અહિંથી શરૂ થાય છે ગૂંચવણો અને હાસ્યનો સિલસિલો.

ટ્રેલરમાં મૌની રોય, જીમી શેરગીલ, મનીષ પૌલ, રાકેશ બેદી ('ધુરંધર'ના જમીલ જમાલી'), ચંકી પાંડે સહિતના કલાકારો તેમની કોમિક ટાઈમિંગથી હસવા માટે મજબૂર કરે છે. ટ્રેલરમાં 'બીવી નંબર-1'ના ગીતોના રિમિક્સ જોવા મળી રહ્યા છે.

વરુણ, મૃણાલ અને પૂજાની ત્રિપુટી 90ના દાયકાની ગોવિંદાની ફિલ્મોની યાદ અપાવે છે. ફિલ્મનું શૂટિંગ ઋષિકેશ, લંડન અને સ્કોટલેન્ડ જેવા ભવ્ય લોકેશન્સ પર કરવામાં આવ્યું છે.

'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ડિરેક્શન કોમેડી કિંગ ડેવિડ ધવને કર્યું છે. 'મેં તેરા હીરો', 'જુડવા-2' અને 'કુલી નંબર 1' પછી પિતા-પુત્રની સાથે આ ચોથી ફિલ્મ છે. તેને રમેશ તૌરાનીએ પ્રોડ્યુસ કરી છે. વારંવાર રિલીઝ પોસ્ટપોન થયા બાદ હવે આ ફિલ્મ આખરે 5 જૂન 2026ના રોજ રિલીઝ થવાની છે.

### વરુણ પર ફિલ્મનો ફેક રિવ્યૂ કરાવવાનો આક્ષેપ

ફિલ્મનો ફર્સ્ટ લુક સામે આવ્યા પછી, એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે દાવો કર્યો હતો કે, વરુણ ધવનની ટીમ લોકો પાસેથી નકલી રિવ્યૂ કરાવી રહી છે. આ ઉપરાંત, ઈન્ફ્લુએન્સરે અન્ય ઘણા આરોપો પણ લગાવ્યા હતા.

સિમરન ભટ્ટ નામની ઈન્ફ્લુએન્સરે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે, કેટલાક લોકો તેની પાસે આવ્યા અને કહ્યું કે તે 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ના ટીઝરનો રિવ્યૂ કરે. જ્યારે ઈન્ફ્લુએન્સરે કહ્યું કે, તેણે ટીઝર જોયું નથી, ત્યારે ટીમે કહ્યું કે વીડિયોમાં શું કહેવું છે તે તેને જણાવવામાં આવશે. આના પર ઈન્ફ્લુએન્સરે વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે જો ટીમને ખરેખર રિવ્યૂ જોઈતા હોય, તો એવા લોકો પાસેથી લે જેમણે ખરેખર ટીઝર જોયું છે. ઈન્ફ્લુએન્સરે અંતે કહ્યું, 'શું વરુણ ધવનના એટલા ખરાબ દિવસો આવી ગયા છે કે તમે આવા ફેક રિવ્યૂ કરાવી રહ્યા છો?'

વીડિયો વાયરલ થયા બાદ વરુણ ધવનની પણ તેના પર નજર પડી. તેણે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોસ્ટ પર કમેન્ટ કરીને લખ્યું હતું કે, 'આશા છે કે તમને આ વીડિયોથી જે વ્યૂઝ જોઈતા હતા, તે મળી ગયા હશે.'

આ આંચકાને હજુ તો તે સંભાળવાનો પ્રયત્ન કરી રહ્યો હોય ત્યાંજ તેને મોટો આંચકો મળે છે કે પૂજા પણ પ્રેગ્નેન્ટ છે. વરુણ મનીષ પૌલને કૉલ કરીને કહે છે, 'મને નિરુપા રોય જેવી મા જોઈએ છે.' નકલી માતા બીજું કોઈ નહીં પરંતુ મૌની રોય છે. અહિંથી શરૂ થાય છે ગૂંચવણો અને હાસ્યનો સિલસિલો.

ટ્રેલરમાં મૌની રોય, જીમી શેરગીલ, મનીષ પૌલ, રાકેશ બેદી ('ધુરંધર'ના જમીલ જમાલી'), ચંકી પાંડે સહિતના કલાકારો તેમની કોમિક ટાઈમિંગથી હસવા માટે મજબૂર કરે છે. ટ્રેલરમાં 'બીવી નંબર-1'ના ગીતોના રિમિક્સ જોવા મળી રહ્યા છે



# કાનના રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાય 'બ્રહ્માંડના પ્રકાશ'ની જેમ ચમકી!



(એજન્સી) મુંબઇ | તા 23

પ્રતિષ્ઠિત કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચનની હાજરીને લઈને સતત ચર્ચાઓ થયા બાદ એક્ટ્રેસ ક્લોઝિંગ સેરેમનીના એક દિવસ પહેલાં દીકરી આરાધ્યા સાથે પહોંચી હતી. ઐશ્વર્યાએ આ દરમિયાન અબિસ બ્લૂ રંગના ડિઝાઈનર ગાઉનમાં રેડ કાર્પેટ પર વોક કર્યું હતું. આ સાથે જ દીકરી આરાધ્યાએ પણ કાનમાં ગ્લેમરસ લુકમાં અનઓફિશિયલી ડેબ્યૂ કરી લીધું છે. ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાનમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે સતત કાનમાં હાજર રહે છે. ગયા વર્ષે ઐશ્વર્યાએ મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલી સફેદ-ગોલ્ડન સાડી પહેરી હતી. લાલ ડાયમંડ જ્વેલરી અને સિંદૂર સાથે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેનો ટ્રેડિશનલ લુક ઘણો ચર્ચામાં રહ્યો હતો.



# થલાપતિનું 'કિંગ કોહલી' સાથેનું કનેક્શન

## સીએમ વિજયને ગિફ્ટમાં મળ્યું વિરાટ કોહલીનું સાઇન કરેલું સ્પેશિયલ બેટ, PHOTOS વાયરલ

(એજન્સી) મુંબઇ | તા 23

તમિલનાડુના મુખ્યમંત્રી અને સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજયને શુક્રવારે ક્રિકેટર વિરાટ કોહલીનું સહી કરેલું ક્રિકેટ બેટ ભેટમાં આપવામાં આવ્યું છે. MRF કંપનીના ટોચના મેનેજમેન્ટે સચિવાલયમાં મુલાકાત દરમિયાન તેમને આ ભેટ આપી હતી.

વિજયે આ બેટ સાથે તસવીરો પણ પડાવી હતી, જે સોશિયલ મીડિયા પર સામે આવી છે. તસવીરોમાં વિજય મોનોક્રોમ સૂટ અને ખભા પર અંગવસ્ત્રમ પહેરીને બેટ બતાવતા જોવા મળી રહ્યા છે. આ પહેલા તાજેતરમાં જ ફિલ્મ ડિરેક્ટર વેંકટ પ્રભુએ પણ તેમને 'GOAT' ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલી એક ખાસ નંબર પ્લેટ ભેટમાં આપી હતી, જેમાં વિજયના મુખ્યમંત્રી બનવાની ભવિષ્યવાણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી વિજયને તાજેતરમાં ફિલ્મ ડિરેક્ટર વેંકટ પ્રભુએ પણ એક ખાસ ભેટ આપી હતી. તેમણે વર્ષ 2024માં આવેલી ફિલ્મ 'ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ' (GOAT)માં ઉપયોગમાં લેવાયેલી ગાડીની નંબર પ્લેટને ફ્રેમ કરાવીને વિજયને ગિફ્ટ કરી હતી. આ નંબર પ્લેટ પર 'TN 07 CM 2026' લખેલું હતું, જેને ફિલ્મમાં વિજયના મુખ્યમંત્રી બનવાના સંકેત તરીકે જોવામાં આવ્યું હતું. વિજયના ખરેખર મુખ્યમંત્રી બન્યા પછી સોશિયલ મીડિયા પર પણ આ ક્લિપ ઘણી ચર્ચામાં રહી હતી.

ફિલ્મ ડિરેક્ટર એસએ ચંદ્રશેખરના દીકરા વિજયે પોતાની કારકિર્દીની શરૂઆત 1984માં બાળ કલાકાર તરીકે ફિલ્મ 'વેટ્રી'થી કરી હતી. ત્યારબાદ 1992માં આવેલી ફિલ્મ 'નાલૈયા તીરપૂ'થી તેમણે લીડ એક્ટર તરીકે ડેબ્યૂ કર્યું. વર્ષ 1996માં આવેલી 'કોયંબતૂર માપ્પિલ્લઈ' અને 'પૂવે ઉનક્કાગા' તેમની કારકિર્દીની પ્રથમ બ્લોકબસ્ટર ફિલ્મો બની. વર્ષ 2024માં તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને 'તમિલગા વેત્રી કડગમ' નામની પાર્ટી બનાવી. ત્યારબાદ વર્ષ 2026ની ચૂંટણીઓમાં જીતીને તેઓ તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા.


રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થાય તે પહેલાં વિજયે એચ. વિનોદના ડિરેક્શનમાં તેની છેલ્લી ફિલ્મ 'જન નાયકન' સાઈન કરી હતી. આ ફિલ્મમાં મમિતા બૈજુ, બોબી દેઓલ અને પૂજા હેગડે મુખ્ય ભૂમિકાઓમાં છે. આ ફિલ્મ જાન્યુઆરીમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર બોર્ડ (CBFC) સાથેના વિવાદ અને સમિતિમાં ફરિયાદને કારણે તેની રિલીઝ ટળી ગઈ. એપ્રિલમાં આ ફિલ્મ HD ક્વોલિટીમાં ઓનલાઈન લીક પણ થઈ ગઈ હતી, જે બાદ પોલીસે 9 લોકોની ધરપકડ કરી હતી.

# બોલિવૂડ મેકર્સને ગુજરાતી ફિલ્મોમાં રસ જાગ્યો!

## નડિયાદવાલા બાદ હવે કરણ જોહરની એન્ટ્રી; 'ગુજ્જુભાઈ'ની 'જિંદગી Once More' પર દાવ લગાવ્યો

(એજન્સી) મુંબઇ | તા 23

ગુજરાતી સિનેમા અત્યારે તેના સુવર્ણકાળમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ ગુજરાતી ફિલ્મો વૈશ્વિક સ્તરે પોતાનો ડંકો વગાડી રહી છે, ત્યારે બીજી તરફ હવે બોલિવૂડના દિગ્ગજ પ્રોડક્શન હાઉસીસ પણ ગુજરાતી ફિલ્મો તરફ રસ લેતાં જોવા મળી રહ્યા છે. પ્રાદેશિક સિનેમાનું કન્ટેન્ટ અને કમાણી જોઈને હિન્દી સિનેમાના મોટા માથાઓ ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં ધમાકેદાર એન્ટ્રી કરી રહ્યા છે. આ કડીમાં હવે બોલિવૂડના કિંગ મેકર ગણાતા કરણ જોહરનું નામ પણ જોડાઈ ગયું છે. બોલિવૂડના પ્રખ્યાત બેનર ધર્મા પ્રોડક્શન્સે ગુજરાતી સિનેમા જગતમાં સત્તાવાર એન્ટ્રી કરી લીધી છે. કરણ જોહર, અદાર પૂનાવાલા અને અપૂર્વ મહેતા પ્રસ્તુત આગામી ગુજરાતી ફિલ્મ 'જિંદગી Once More'ની જાહેરાત કરવામાં આવી છે, જેનું ડિસ્ટ્રિબ્યુશન અને પ્રેઝન્ટેશન ધર્મા મૂવીઝ દ્વારા કરવામાં આવશે.



પિતા અને પુત્રના સૌથી પવિત્ર સંબંધને સેલિબ્રેટ કરતી આ ભાવનાત્મક ફિલ્મ ફાધર્સ ડેના ખાસ અઠવાડિયામાં, એટલે કે 19 જૂનના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. અગાઉ ચાલ જીવી લઈએ પણ આ કોન્સેપ્ટ પર બની હતી અને કમાણીના રેકોર્ડ તોડ્યા હતા. તેમાં પણ સિદ્ધાર્થ રાંદેરિયા પિતાની ભૂમિકામાં હતા, તો હવે લોકોની નજર 'જિંદગી Once More' પર રહેલી છે જેમાં ફરી ગુજ્જુભાઈ નવી ધમાલ સાથે ભાવનાત્મક સંદેશ લઈને આવી રહ્યા છે.

ગુજરાતી સિનેમાના કિંગ અને સુપરસ્ટાર સિદ્ધાર્થ રાંદેરિયા, આરતી વ્યાસ પટેલ, દીપ ધોળકિયા અને જહાનવી ધાકણ જોવા મળશે. જૈમિન મોદીએ ફિલ્મનું ડિરેક્શન કર્યું છે.

કરણ જોહર પહેલાં, બોલિવૂડમાં 'છિછોરે', 'તમાશા' અને 'હાઈ-વે' જેવી બ્લોકબસ્ટર અને નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મો આપનાર નાડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ પણ ગુજરાતી ફિલ્મ 'ધબકારો'નું પ્રોડકશન કર્યું હતું. આ ફિલ્મ માત્ર નાડિયાદવાલા ગ્રાન્ડસન જ નહીં, પરંતુ 'ધ મૂવિંગ મંચ' અને 'હરફનમૌલા ફિલ્મ્સ' જેવા મોટા બેનરોના સહયોગથી આકાર પામી હતી.

આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં ગુજરાતી રંગભૂમિ અને ટેલિવિઝનના દિગ્ગજ કલાકાર દેવેન ભોજાણી અને તેની સાથે 'શું થયું?' અને 'હેલ્લારો' ફેમ એક્ટર આર્જવ ત્રિવેદી પણ મહત્વના રોલમાં દેખાયા હતા. આ બંને કલાકારોની જુગલબંદી પ્રેક્ષકો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# રાજકુમાર રાવની રફતાર ફિલ્મ ત્રણ મહિના પાછળ ઠેલાઈ



મુંબઈ : રાજકુમાર રાવની ફિલ્મ 'રફતાર' ત્રણ મહિના પાછળ ઠેલાઈ ગઈ છે. આ ફિલ્મ આગામી જુલાઈમાં રીલિઝ થવાની હતી. તેને બદલે હવે આગામી ઓક્ટોબર માસમાં દશેરા વખતે રીલિઝ કરાશે.

રાજકુમાર રાવે પોતે જ આ ફિલ્મ પ્રોડયૂસ કરી છે. તેની સાથે કીર્તિ સુરેશ પણ આ ફિલ્મમાં કામ કરી રહી છે. આદિત્ય નિંબાલકરે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે.

રાજકુમાર રાવની પાછલી ત્રણેય ફિલ્મ 'માલિક', 'ભૂલચૂક માફ' અને 'વિકી વિદ્યા કા વો વાલા વિડીયો' ફલોપ ગઈ હતી. આથી, રાજકુમાર રાવે દશેરાની રજાઓમાં ફિલ્મને સારી કમાણી થાય તેવું વિચારી રીલિઝ ડેટ બદલી હોવાનું કહેવાય છે. રાજકુમાર રાવની છેલ્લી હિટ ફિલ્મ ૨૦૨૪ની 'સ્ત્રી ટુ' હતી. જોકે, આ ફિલ્મ ફ્રેન્ચાઈઝીની ગુડવિલને કારણે હિટ થઈ હતી અને તેના કારણે રાજકુમાર રાવને કોઈ ફાયદો થયો ન હતો.



# કંગનાએ ગુપચુપ લગ્ન કરી લીધા? એક્ટ્રેસે જવાબ આપી ખુલાસો કર્યો

## ગળામાં મંગળસૂત્ર ને હાથમાં લીલી બંગડીઓ દેખાતા ફેન્સ ચોંકયા

(એજન્સી) મુંબઇ | તા 23

એક્ટ્રેસ અને ભાજપના સાંસદ કંગના રનૌતનો તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં કંગના માંગમાં સિંદૂર, ગળામાં મંગળસૂત્ર અને હાથમાં લીલી બંગડીઓ પહેરેલી જોવા મળી રહી છે. વીડિયો વાઈરલ થયા બાદ ચાહકોમાં કંગનાના સિક્રેટ મેરેજની અફવાઓ ચગી હતી.

હવે કંગનાએ પોતે આ અફવા પર સ્પષ્ટતા કરી છે. કંગનાનો આ પરંપરાગત લુક તેની આગામી ફિલ્મ 'ક્વીન 2'ના શૂટિંગનો ભાગ છે, જેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. કંગનાએ કહ્યું છે કે તે સિક્રેટ લગ્ન નહીં કરે.

કંગનાએ આ અફવાઓ પર સ્પષ્ટતા કરતા પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું કે- 'હું દરરોજ શહેરમાં અને તેની આસપાસ શૂટિંગ કરી રહી છું, કોઈએ કેરેક્ટર મેકઅપ સાથે આ રેન્ડમ તસવીર ક્લિક કરી લીધી અને હવે મને ઘણા બધા ફોન કોલ્સ આવી રહ્યા છે, પરંતુ પરિણીત મહિલાના લુકમાં એવી કઈ મોટી વાત છે? એક્ટર્સ દરેક પ્રકારના રોલ ભજવે છે, હું ગુપચુપ લગ્ન નહીં કરું, હું વચન આપું છું.'

સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ ઘણા ઈન્સ્ટાગ્રામ પેજીસે કંગના રનૌતનો આ વીડિયો શેર કર્યો હતો. જેમાં કંગના ગુલાબી રંગના પરંપરાગત સૂટમાં એક પરિણીત મહિલા તરીકે દેખાઈ રહી છે. વીડિયો સાથે કોઈ કેપ્શન કે માહિતી આપવામાં આવી ન હતી. આ પછી ઈન્સ્ટાગ્રામ અને X પર યુઝર્સે કમેન્ટ કરવાનું શરૂ કરી દીધું કે કંગનાએ ગુપચુપ લગ્ન કરી લીધા છે. કંગના કે તેની ટીમ તરફથી તરત કોઈ સ્પષ્ટતા ન આવતા આ ચર્ચા ઈન્ટરનેટ પર વધુ વધી ગઈ.

ડિરેક્ટર વિકાસ બહલે 'ક્વીન 2'ની પુષ્ટિ કરી ફિલ્મ 'ક્વીન'ના ડિરેક્ટર વિકાસ બહલે પણ તેની સિક્વલ પર કામ ચાલી રહ્યું હોવાનું જણાવ્યું છે. તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં વિકાસ બહલે જણાવ્યું હતું કે અમે છેલ્લા કેટલાક સમયથી 'ક્વીન 2' પર કામ કરી રહ્યા હતા અને હવે અમારી પાસે એક નક્કર વાર્તા તૈયાર છે. આ ફિલ્મનું શૂટિંગ હવે શરૂ થઈ ગયું છે, જેના સેટ પરથી કંગનાનો આ લુક સામે આવ્યો છે. કેટલીક જગ્યાએ ફિલ્મનું નામ 'ક્વીન ફોરએવર' પણ જણાવવામાં આવી રહ્યું છે. બોક્સ ઓફિસ પર સફળ રહી હતી ક્વીન વર્ષ 2014માં રિલીઝ થયેલી ફિલ્મ 'ક્વીન' બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.

વિકાસ બહલના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં કંગના રનૌતે 'રાની મેહરા'નું પાત્ર ભજવ્યું હતું. ફિલ્મની વાર્તા એક એવી છોકરીની હતી, જેના લગ્ન તૂટી જાય છે અને તે એકલી જ પેરિસ અને એમ્સ્ટરડેમમાં તેના હનીમૂન પર જાય છે. આ ફિલ્મમાં રાજકુમાર રાવ અને લીઝા હેડને પણ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. આ ફિલ્મ માટે કંગનાને ઘણી પ્રશંસા મળી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ભારતીય ખેલાડી ખિતાબ રેસમાં પાછળ પડ્યો

# પ્રજ્ઞાનાંધા સુપર ચેસ ક્લાસિક ટૂર્નામેન્ટમાં ડ્રો રમી છઠ્ઠા સ્થાને



(એજન્સી) બુકારેસ્ટ । તા. 23

રોમાનિયાની રાજધાનીમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય શતરંજ સ્પર્ધામાં ભારતની આશા સમાન યુવા ખેલાડીએ વિજય મેળવવાની કેટલીક ઉત્કૃષ્ટ તકો ગુમાવી દીધી છે. ટૂર્નામેન્ટના અત્યંત મહત્વના અને સેમીફાઈનલ સમાન આઠમા રાઉન્ડમાં ફ્રાન્સના મજબૂત પ્રતિસ્પર્ધી મેક્સિમ વાચિયર-લાગ્રેવ સામેની રમત બરાબરી પર સમાપ્ત થઈ છે. આ રોમાંચક ટક્કર બાદ ટૂર્નામેન્ટના ટેબલ પર ટોચના સ્થાન માટેની લડાઈ હવે વધુ જટિલ અને રસપ્રદ બની ગઈ છે, કારણ કે હવે માત્ર છેલ્લો જ નિર્ણાયક રાઉન્ડ બાકી રહ્યો છે.

ભારતના આ યુવા સિતારાએ મેચ દરમિયાન આક્રમક વ્યૂહરચના અપનાવીને વિજય તરફ કદમ વધાર્યા હતા. પરંતુ રમતની છેલ્લી ચાલીસ ચાલ વખતે તે સમયના ભારે અભાવનો સામનો કરી રહ્યો હતો. ઘડિયાળના કાંટા ટૂંકા હોવા છતાં તેણે પોતાની રમત પર પકડ જાળવી રાખવા માટે લોઢાના ચણા ચાવવા પડ્યા હતા. અંતે ફ્રાન્સના ખેલાડીએ તેની ભૂલોનો ફાયદો ઉઠાવીને મેચને ડ્રો તરફ ધકેલી દીધી હતી. હાલમાં ચાર અંક સાથે આપણો ખેલાડી સંયુક્ત રીતે છઠ્ઠા સ્થાને સ્થિર છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે રમાયેલી અન્ય મેચોમાં પણ ભારે ઉલટફેર જોવા મળ્યા હતા. અમેરિકાના ફેબિયાનો કારુઆના અને જર્મનીના વિન્સેન્ટ કેમર વચ્ચેની હાઈપ્રોફાઈલ ટક્કર પણ અનિર્ણિત રહી હતી. આ બંને ખેલાડીઓ અત્યારે પાંચ-પાંચ અંક સાથે સંયુક્ત રીતે મોખરાના સ્થાને ચાલી રહ્યા છે. બીજી તરફ, ઉઝબેકિસ્તાનના ખેલાડી જાવોખીર સિંદારોવે નેધરલેન્ડના જોર્ડન વાન ફોરેસ્ટને પરાજય આપીને ટૂર્નામેન્ટમાં પોતાની સતત બીજી જીત નોંધાવી છે. નેધરલેન્ડના ખેલાડીઓ માટે ગઈકાલનો દિવસ ઘણો નિરાશાજનક રહ્યો હતો.

વિરાટ કોહલી ટ્રેવિસ હેડ આમને સામને આવ્યા, હાથ પણ ન મિલાવ્યા હોવાના વીડિયો વાઈરલ

# IPL મેદાન માથાકૂટ વિસ્ફોટક બની ચાહકો સોશિયલ મીડિયા પર સ્તબ્ધ



(એજન્સી) હૈદરાબાદ । તા. 23

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રમોદ તિવારીએ શનિવારે કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો કરતા આ વર્તમાન પરિસ્થિતિને જનતાની ખુલ્લેઆમ લૂંટ ગણાવી છે. મીડિયા અહેવાલ અનુસાર, વિપક્ષી નેતાએ આક્ષેપ કર્યો છે કે છેલ્લા ૧૦ દિવસમાં જ ઇંધણના ભાવોમાં ત્રણ વખત વધારો કરીને સામાન્ય નાગરિકો પર પ્રતિ લીટર ૫ રૂપિયાનો વધારાનો આર્થિક બોજ ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે મોંઘવારી બેકાબૂ બની ગઈ છે. કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સરકારની ટીકા કરતા લખ્યું કે, એક તરફ સરકાર બધું જ નિયંત્રણમાં હોવાના મોટા દાવાઓ કરી રહી છે અને બીજી તરફ માત્ર ૧૦ દિવસમાં ૩ રૂપિયા, ૧ રૂપિયો અને ૧ રૂપિયો એમ કુલ મળીને ૫ રૂપિયાનો ઝટકો જનતાને આપવામાં આવ્યો છે. આ રાજકીય આક્ષેપબાજી દરમિયાન તેમણે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા આશ્વાસનોની યાદ અપાવી હતી. તેમણે કટાક્ષ કર્યો કે, અગાઉ જે પેટ્રોલ ૩૦ રૂપિયા લીટર આપવાના વાયદા કરાયા હતા, તે આજે ૧૦૦ રૂપિયાની સપાટી



વટાવી ચૂક્યા છે.વિપક્ષના મતે, દેશમાં પ્રવર્તી રહેલી આ આર્થિક નબળાઈ સરકારની ખામીયુક્ત વિદેશ નીતિ અને નિષ્ફળ આર્થિક આયોજનનું પરિણામ છે. ઇંધણ ભાવવધારો કટોકટી નો આડકતરો ફાયદો ઉઠાવીને ખાનગી તેલ કંપનીઓ સામાન્ય માણસની કમાણીમાંથી પોતાનો નફો મેળવી રહી છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ આ મામલે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં જ્યારે ક્રૂડ ઓઈલની કિંમતો નીચી હતી, ત્યારે સરકારે તેનો લાભ જનતાને આપવાને બદલે દૈનિક ૧,૦૦૦ કરોડ રૂપિયાનો સેન્ટ્રલ ટેક્સ વસૂલીને અસાધારણ નફો મેળવ્યો હતો.

## NFR દ્વારા ગુવાહાટી, દીમાપુર અને સિલિગુડી ખાતે રોજગાર મેળા કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ ભારત સરકારની મુખ્ય રાષ્ટ્રવ્યાપી રોજગાર પહેલના ભાગ રૂપે 23 મે, 2026 ના રોજ ગુવાહાટી, દીમાપુર અને સિલિગુડી ખાતે રોજગાર મેળાઓનું સફળતાપૂર્વક આયોજન કર્યું. રોજગાર સર્જન અને યુવા સશક્તિકરણ પ્રત્યે માનનીય પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતા સાથે સંકલિત આ કાર્યક્રમો, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો માટે પસંદ કરાયેલા નવા ભરતી થયેલા ઉમેદવારોને અર્થપૂર્ણ કારકિર્દીની તકો પૂરી પાડવા માટે વધુ એક મહત્વપૂર્ણ પગલું છે.મોટા પાયે રોજગાર સર્જન તરફની એક મોટી પહેલમાં, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સવારે 11:00 વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા રોજગાર મેળા કાર્યક્રમમાં ભાગ લીધો અને આ પ્રસંગે નવા નિયુક્ત ઉમેદવારોને સંબોધિત કર્યા. કાર્યક્રમ દરમિયાન, દેશભરમાં પસંદ કરાયેલા 51,000 થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું. નિયુક્ત થયેલા લોકોને સંબોધતા, પ્રધાનમંત્રીએ યુવાનોને રાષ્ટ્ર નિર્માણ અને જાહેર સેવામાં પોતાને સમર્પિત કરવા પ્રોત્સાહિત કર્યા, સાથે સાથે પારદર્શક, યોગ્યતા આધારિત અને ટેક્નોલોજી આધારિત ભરતી પ્રક્રિયાઓ તરફ સરકારના સતત પ્રયાસો પર પ્રકાશ પાડ્યો.રોજગાર મેળાનું આ સંસ્કરણ એક સાથે ભારતભરમાં 47 સ્થળોએ યોજવામાં આવ્યું હતું, જેમાં NFR ના અધિકારક્ષેત્ર હેઠળના ત્રણ સ્થળોનો સમાવેશ થાય છે. દરેક સ્થળે લગભગ 400 સહભાગીઓએ શારીરિક રીતે હાજરી આપી હતી, જેમાં લગભગ 200 નવા ભરતી થયેલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોને ઔપચારિક રીતે નિમણૂક પત્રો સોંપવામાં આવ્યા હતા. આ પહેલ ભારત સરકારના રોજગાર સર્જન, સુવ્યવસ્થિત ભરતી અને જાહેર સેવામાં અર્થપૂર્ણ તકો દ્વારા યુવાનોને સશક્ત બનાવવા પર સતત ભાર મૂકે છે તે દર્શાવે છે. ગુવાહાટી ખાતે, રોજગાર મેળાનું આયોજન માલીગાંવના એન.એફ. રેલ્વે મુખ્યાલયના રંગ ભવન ઓડિટોરિયમ ખાતે માનનીય કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ અને માનનીય સંસદ સભ્ય (લોકસભા) શ્રીમતી બિજુલી કલિતા મેધીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.



દેશભરમાં 51,000 થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ

## પીએસયુ (PSU) ઓએમસી (OMCs) દ્વારા અવિરત બળતણ (ઇંધણ) પુરવઠાની ખાતરી

### માગમાં સતત થઈ રહેલા નોંધપાત્ર વધારા વચ્ચે પણ પુરવઠો યથાવત રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા 23

સ્ટેટ લેવલ કોઓર્ડિનેટર (SLC) ગુજરાતે જણાવ્યું છે કે, ચોવીસે કલાક રાષ્ટ્ર અને સામાન્ય જનતાની સેવા કરવાના સૂત્ર સાથે, જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) – ઇન્ડિયનઓઈલ (IndianOil), બીપીસીએલ (BPCL) અને એચપીસીએલ (HPCL) –રાજ્ય અને દેશના કેટલાક પ્રદેશોમાં બળતણની (ઇંધણની) માગમાં થયેલા તીવ્ર વધારા વચ્ચે પેટ્રોલ (MS), ડીઝલ (HSD) અને એલપીજી (LPG) ની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે દેશભરમાં કામગીરી અને લોજિસ્ટિક્સ સંકલન જાળવી રહી છે. તાજેતરના સમયગાળામાં, ઓએમસીએ (OMCs) વિવિધ રાજ્યોમાં મોસમી કૃષિ પ્રવૃત્તિઓ અને લણણીની કામગીરીને કારણે પેટ્રોલિયમ પેદાશોના ઉપાડમાં નોંધપાત્ર વધારો જોયો છે. અન્ય સપ્લાયર્સની તુલનામાં ઓછી કિંમતોને કારણે જાહેર ક્ષેત્રના રિટેલ આઉટલેટ્સ તરફ રિટેલ ગ્રાહકોના સ્થળાંતર તેમજ સંસ્થાકીય અને વ્યાપારી ગ્રાહકોના રિટેલ ઇંધણ આઉટલેટ્સ તરફના સ્પષ્ટ ઝુકાવને કારણે માગનું વધારાનું દબાણ પણ ઊભું થયું છે.જાહેર ક્ષેત્રની ઓએમસી (OMCs) તેમના ટર્મિનલ્સ, ડેપો, પાઇપલાઇન્સ, એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સ અને રિટેલ આઉટલેટ્સના વ્યાપક દેશવ્યાપી નેટવર્ક દ્વારા બજારોમાં અવિરત પુરવઠો અને સમયસર પુનઃપૂર્તિ જાળવી રાખે છે. "અમે હંમેશાં છીએ" (We are always There) ની ભાવનાને સાર્થક કરતા, બળતણની સીમલેસ (અડચણ રહિત) હેરફેર સુનિશ્ચિત કરવા માટે સપ્લાય ટીમો, પરિવહન નેટવર્ક, ટર્મિનલ કામગીરી અને પસંદગીના રિટેલ આઉટલેટ્સ 24x7 (ચોવીસે કલાક) કાર્યરત છે.તેલ ઉદ્યોગ (ઓઈલ ઇન્ડસ્ટ્રી) ગ્રાહકોને પુનઃ ખાતરી આપવા માંગે છે કે દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને રાજ્ય પ્રશાસન સાથે ગાઢ સંકલન જાળવીને સુચારુ અને અવિરત પુરવઠો જાળવી રાખવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.જાહેર ક્ષેત્રની ઓએમસી (OMCs) સતત સ્ટોકની સ્થિતિની સમીક્ષા કરી રહી છે અને વધેલી માગના પરિદ્રશ્યને કાર્યક્ષમ રીતે પહોંચી વળવા માટે લોજિસ્ટિક્સ અને વિતરણ આયોજન પર નજીકથી સંકલન કરી રહી છે.નાગરિકોને તેમની સામાન્ય ખરીદી ચાલુ રાખવા અને બિનજરૂરી ગભરાટમાં આવીને ખરીદી (પેનિક બાઇંગ) કરવાનું ટાળવા સલાહ આપવામાં આવે છે. ગ્રાહકોને ઇંધણની ઉપલબ્ધતા સંબંધિત સચોટ માહિતી માટે માત્ર અધિકૃત એજન્સીઓ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જારી કરાયેલા સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ વિશ્વાસ કરવા વિનંતી કરવામાં આવે છે.

## ગુનેગારો પર દિલ્હી પોલીસ કાર્યવાહી થી કાયદાનો સિકંજો કસાયો

નવી દિલ્હી:દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમે શનિવારે હિમાચલ પ્રદેશના મનાલીમાંથી ૧૧ ગુનાહિત કેસોમાં સંડોવાયેલા એક નામચીન અને વોન્ટેડ ગુનેગારની ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી છે. પૂર્વનિયોજિત બાતમી અને અત્યાધુનિક ટેકનિકલ દેખરેખના આધારે આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. અદાલત દ્વારા કાયદેસર રીતે ભગોડે જાહેર કરાયેલો આ આરોપી પોતાની ઓળખ છુપાવીને મનાલીની એક હોટલમાં નોકરી કરતો હતો અને લાંબા સમયથી કાયદાના હાથથી બચવા માટે સતત સ્થળો બદલી રહ્યો હતો.

## પીડિત પરિવારના ન્યાય માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભારે વિરોધ પ્રદર્શન કૂચ

કોઈમ્બતુર:તમિલનાડુના કોઈમ્બતુર જિલ્લાના સુલુર વિસ્તારમાં એક ૧૦ વર્ષની માસૂમ શાળાની વિદ્યાર્થીનીની ઘાતકી હત્યાના મામલે સમગ્ર રાજ્યમાં ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. આ કાયરતાપૂર્ણ ઘટનાના વિરોધમાં પીડિત પરિવારના સભ્યો અને મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓએ સુલુર પોલીસ સ્ટેશન નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચક્કાજામ કરીને એક વિશાળ વિરોધ પ્રદર્શન કૂચ યોજી હતી. મીડિયા અહેવાલ અનુસાર, પ્રદર્શનકારીઓએ માસૂમ બાળકી માટે વહેલી તકે ન્યાય આપવાની અને નરાધમોને ફાંસીની સજા કરવાની માંગ કરી હતી, જેના કારણે હાઈવે પર લાંબા સમય સુધી વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી.તાજેતરમાં જ સુલુર મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ટીવીકે પક્ષના ધારાસભ્ય એન.એમ. સુકુમારે કોઈમ્બતુરની ઈએસઆઈ હોસ્પિટલ ખાતે પીડિત પરિવારની મુલાકાત લીધી હતી.

## વિવાદાસ્પદ રાજકીય આંદોલન બાદ કોંગ્રેસ અધ્યક્ષ સામે ગુનો દાખલ

મહોબા (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લામાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અજય રાય સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવા અને જાહેર વ્યવસ્થાને ખોરવવાના ગંભીર આરોપો હેઠળ પોલીસ દ્વારા એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ આ કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે. મીડિયા અહેવાલ અનુસાર, સોશિયલ મીડિયા પર વ્યાપકપણે વાયરલ થયેલા એક વીડિયોના આધારે પોલીસે આ પગલું ભર્યું છે, જેમાં કોંગ્રેસ નેતા તેમના સમર્થકો સાથે ગેરકાયદેસર રીતે એકત્રિત થયેલા જોવા મળી રહ્યા છે.મહોબાના મદદનીશ પોલીસ અધિક્ષક (ASP) વંદના સિંહે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, "૨૨ મે ૨૦૨૬ ના રોજ સોશિયલ મીડિયાના માધ્યમથી એક વીડિયો અમારા ધ્યાનમાં આવ્યો હતો.

**કેન ફિન હોમ્સ લિમિટેડ**
નં. 29/1, સર એમ. એન. કૃષ્ણ રાવ રોડ, લાલબાગ વેસ્ટ, બાસવનાગુડી, બેંગલુરુ - 560 004.
ફોન: 9145623216 / 8762173693
ઈમેઈલ: recovery@canfinhomes.com
સીઆઈએન: L85110KA1987PLC008699
વેબસાઈટ: www.canfinhomes.com
જીએસટી નં.: 33AAACC7241A1ZE

Can Fin Homes Ltd
(Sponsor: CANARA BANK)
HOME LOANS • DEPOSITS
Translating Dreams into Reality

પરિશિષ્ટ-IV-A [જુઓ નિયમ 9 (1) ની શરત]

**સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ**

ફાયનાન્શિયલ એસેટ્સનું સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002' અને 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, 2002' ના નિયમ 9(1) ની શરત હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર(ઓ) તથા જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, અને જેનો કબજો કેન ફિન હોમ્સ લિમિટેડ, ગુજરાત સ્ટેટ બ્રાન્ચના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'જે કંઈ પણ છે તે' ના ધોરણે 16-06-2026 ના રોજ ઈ-હરાજી દ્વારા વેચવામાં આવશે. આ રકમની વસૂલાત, જે નીચે જણાવેલ છે, તે કેન ફિન હોમ્સ લિમિટેડને સંબંધિત ઉધાર લેનારાઓ અને જામીનદારો પાસેથી સંબંધિત તારીખો મુજબ, તેના પરના આગળના વ્યાજ અને અન્ય ચાર્જ સાથે ચૂકવવાની છે

| ક્રમ નં. | ઉધાર લેનારાઓ અને જામીનદારોના નામ | 22/05/2026 સુધીની જવાબદારી | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ | પઝેશનનો પ્રકાર | મિલકતનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| 1 | શ્રી ફૂલકુમાર શર્મા (ઉધાર લેનાર), શ્રીમતી અર્ચના શર્મા (સહ-ઉધાર લેનાર), શ્રી દિનેશ વર્મા (જામીનદાર) | રૂ. 15,18,295/- (અંકે પંદર લાખ અઢાર હજાર બસ્સો પંચાણું રૂપિયા પૂરા) | રૂ. 8,00,000/- (અંકે આઠ લાખ રૂપિયા પૂરા) | રૂ. 80,000/- (અંકે એંસી હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | આર.એસ. નં. 127, બ્લોક નં. 113, સબ પ્લોટ નં. 1, દુકાન નં. 3, પ્રથમ માળ, બિલ્ડિંગ નં. બી (પાસિંગ પ્લાન મુજબ બિલ્ડિંગ નં. એ), સુપર બિલ્ટ અપ એરિયા 310 ચો.ફૂટ. અને બિલ્ટ અપ એરિયા 17.28 ચો.મીટર, તથા બિલ્ડિંગની નીચેની જમીનમાં અવિભાજિત હિસ્સો 11.40 ચો.મીટર, 'નીલકંઠ રેસીડેન્સી', ગામ: કડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ પલસાણા, જિલ્લો: સુરત - 394305, ગુજરાત. પૂર્વ: દુકાન નં. 4, પશ્ચિમ: દુકાન નં. 2, ઉત્તર: પેસેજ, દક્ષિણ: પેસેજ. બોજો: શૂન્ય |
| 2 | ચાવડા મંજુબેન અર્જનભાઈ (ઉધાર લેનાર), ચાવડા અર્જનભાઈ તેજાભાઈ (સહ-ઉધાર લેનાર), લક્ષ્મી દિનેશભાઈ પરમાર (સહ-ઉધાર લેનાર), દીપકભાઈ ઘુડાભાઈ સગથિયા (જામીનદાર), ધર્મેશ લક્ષ્મણભાઈ ચાવડા (જામીનદાર) | રૂ. 44,43,774/- (અંકે ચુંમાલીસ લાખ તેતાલીસ હજાર સાતસો ચુંતેર રૂપિયા પૂરા) | રૂ. 25,00,000/- (અંકે પચ્ચીસ લાખ રૂપિયા પૂરા) | રૂ. 2,50,000/- (અંકે અઢી લાખ રૂપિયા પૂરા) | ભૌતિક | પ્લોટ નં. 126, માપ 630.00 ચો. ફૂટ એટલે કે 58.56 ચો.મીટર, ગ્રાઉન્ડ ફ્લોર પર બાંધકામ સાથે, બહુચર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, ફાઈનલ પ્લોટ નં. 38, ટી.પી. સ્કીમ નં. 18 (કતારગામ), રે. સર્વે નં. 485 પૈકી, મોજે ગામ કતારગામ, જૂની તાલુકા સુરત સિટી (ચોર્યાસી), નવી તાલુકા કતારગામ, જિલ્લો સુરત - 395004. ઉત્તર: પ્લોટ નં. 127, દક્ષિણ: પ્લોટ નં. 125, પૂર્વ: રોડ, પશ્ચિમ: 8 ફૂટ ગલી. બોજો: શૂન્ય |
| 3 | શ્રી પાંડે રાજમણિ (ઉધાર લેનાર), શ્રીમતી છાયા પાંડે (સહ-ઉધાર લેનાર), દેવમણિ શિવશંકર (જામીનદાર) | રૂ. 11,02,164/- (અંકે અગિયાર લાખ બે હજાર એકસો ચોંસઠ રૂપિયા પૂરા) | રૂ. 5,50,000/- (અંકે સાડા પાંચ લાખ રૂપિયા પૂરા) | રૂ. 55,000/- (અંકે પંચાવન હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | આર.એસ. નં. 499, 500/1, 500/2, 501 & 502, જૂના બ્લોક નં. 23, 24 & 28, નવા બ્લોક નં. 25, 26 & 30, એકીકૃત નવો બ્લોક નં. 25, પ્લોટ નં. 188 (કે.જે.પી. બ્લોક નં. 25/188 મુજબ), માપ 40.15 ચો. મીટર, તથા સી.ઓ.પી. અને રોડ એરિયા 21.63 ચો.મીટર, 'ગ્રીન પાર્ક વિભાગ-2', ગામ: હલધરુ, સબ ડિસ્ટ્રિક્ટ: કામરેજ, જિલ્લો: સુરત - 394310. પૂર્વ: સી.ઓ.પી., પશ્ચિમ: સોસાયટી રોડ, ઉત્તર: પ્લોટ નં. 189, દક્ષિણ: પ્લોટ નં. 187. બોજો: શૂન્ય |
| 4 | શ્રી ધર્મેન્દ્ર સિંહ (ઉધાર લેનાર), શ્રીમતી રૈના દેવી (સહ-ઉધાર લેનાર), શ્રી રિતિક અરુણભાઈ મિશ્રા (જામીનદાર) | રૂ. 10,11,494/- (અંકે દસ લાખ અગિયાર હજાર ચારસો ચુંતેર રૂપિયા પૂરા) | રૂ. 10,60,000/- (અંકે દસ લાખ સાઈઠ હજાર રૂપિયા પૂરા) | રૂ. 1,06,000/- (અંકે એક લાખ છ હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | પ્લોટ નં. 68, માપ 48 ચો. યાર્ડ એટલે કે 40.18 ચો.મીટર, તથા સી.ઓ.પી. અને રોડ લેન્ડ 33.32 ચો.મીટર, 'ઓમ લેક ટાઉન વિભાગ-2', ગામ: ટુંડી, સબ ડિસ્ટ્રિક્ટ: પલસાણા, જિલ્લો: સુરત - 394310. પૂર્વ: પ્લોટ નં. 71, પશ્ચિમ: સોસાયટી આંતરિક રોડ, ઉત્તર: પ્લોટ નં. 69, દક્ષિણ: પ્લોટ નં. 67. બોજો: શૂન્ય |
| 5 | શ્રી જેન્તી ભીખુભાઈ પરમાર, શ્રીમતી દેવીબેન જેન્તીભાઈ પરમાર (ઉધાર લેનારા), શ્રી નવીન ધીરજલાલ સીતાપરા (જામીનદાર) | રૂ. 10,43,819/- (અંકે દસ લાખ તેતાલીસ હજાર આઠસો ઓગણીસ રૂપિયા પૂરા) | રૂ. 7,30,000/- (અંકે સાત લાખ ત્રીસ હજાર રૂપિયા પૂરા) | રૂ. 73,000/- (અંકે તેતેર હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | સબ પ્લોટ નં. 68/3, રે. સર્વે નં. 31/ પૈકી-1, મુરલીધર પાર્ક-2, એફ. સી.આઈ. ગોડાઉન પાસે, લાલપુર રોડ, દરેડ, તાલુકો & જિલ્લો: જામનગર - 361012. જમીન વિસ્તાર 42.14 ચો.મીટર અને બાંધકામ વિસ્તાર 32.79 ચો.મીટર. ઉત્તર: સબ પ્લોટ નં. 68/4, દક્ષિણ: સબ પ્લોટ નં. 68/2, પૂર્વ: 7.5 મીટર પહોળો રોડ, પશ્ચિમ: પ્લોટ નં. 58 & 59. બોજો: શૂન્ય |
| 6 | રીટા ભાંગલે, સુનિલ ભાંગલે, મયૂર ભાંગલે & જતિનકુમાર રાણા | રૂ. 21,95,754/- (અંકે એકવીસ લાખ પંચાણું હજાર સાતસો ચોંસઠ રૂપિયા પૂરા) | રૂ. 13,50,000/- (અંકે તેર લાખ પચાસ હજાર રૂપિયા પૂરા) | રૂ. 1,35,000/- (અંકે એક લાખ પાંત્રીસ હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | ફ્લેટ નં. બી-406, 4થો માળ, ટાવર બી, ઝિલિયન સ્પર્શ, તારસાલી રોડ, તારસાલી, વડોદરા, ગુજરાત - 390009. સીમાઓ: પૂર્વ: ટાવર બી ફ્લેટ નં. બી-403, પશ્ચિમ: 20 ફૂટ કોમન રોડ, ઉત્તર: ટાવર બી ફ્લેટ નં. બી-401, દક્ષિણ: ટાવર બી ફ્લેટ નં. બી-405. બોજો: શૂન્ય |
| 7 | શ્રી દિનેશ વિજાભાઈ મરાઠે (ઉધાર લેનાર), શ્રી વિજય વેદુભાઈ મરાઠે (સહ-ઉધાર લેનાર), શ્રી સુરેશ વિજાભાઈ મરાઠે (જામીનદાર) | રૂ. 14,47,182/- (અંકે ચૌદ લાખ સુડતાલીસ હજાર એકસો બ્યાસી રૂપિયા પૂરા) | રૂ. 12,20,000/- (અંકે બાર લાખ વીસ હજાર રૂપિયા પૂરા) | રૂ. 1,22,000/- (અંકે એક લાખ બાવીસ હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | આર.એસ. નં. 414, સી.એસ. નં. 2178, ચાલતા નં. 417, શીટ નં. 15, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કોલોની યુનિટ નં. 786, વિશાલ નગર, શરદ નગર પાસે, તારસાલી, વડોદરા, ગુજરાત - 390009. પૂર્વ: માર્જિન સ્પેસ, પશ્ચિમ: ટેનામેન્ટ નં. 787, ઉત્તર: ટેનામેન્ટ 785, દક્ષિણ: માર્જિન સ્પેસ. બોજો: શૂન્ય |
| 8 | નરેશકુમાર લખવાણી (ઉધાર લેનાર), સંગીતા મૂલચંદાણી (સહ-અરજદાર) | રૂ. 14,25,658/- (અંકે ચૌદ લાખ પચ્ચીસ હજાર છસો અઠ્ઠાવન રૂપિયા પૂરા) | રૂ. 7,08,000/- (અંકે સાત લાખ આઠ હજાર રૂપિયા પૂરા) | રૂ. 70,800/- (અંકે સિત્તેર હજાર આઠસો રૂપિયા પૂરા) | ભૌતિક | આર.એસ. નં. 868, ટી.પી. સ્કીમ નં. 5, એફ.પી. નં. 547, સી.એસ. નં. 742, ફ્લેટ નં. બી-201, સાઈમાલા-2, રામેશ્વર મંદિર પાસે, કોતિયારક નગર-4 ની સામે, વડોદરા, ગુજરાત - 390006. સીમાઓ: પૂર્વ: પેસેજ & બાજુનો ફ્લેટ, પશ્ચિમ: ટાવર એ, ઉત્તર: લાગુ ટી.પી. રોડ, દક્ષિણ: ફ્લેટ નં. બી-202. બોજો: શૂન્ય |
| 9 | ભાવેશ મહેશભાઈ કારડા (ઉધાર લેનાર) & શ્રીમતી ગીતાબેન મહેશભાઈ કારડા (સહ-ઉધાર લેનાર) | રૂ. 17,68,540/- (અંકે સત્તર લાખ અડસઠ હજાર પાંચસો ચાલીસ રૂપિયા પૂરા) | રૂ. 12,40,000/- (અંકે બાર લાખ ચાલીસ હજાર રૂપિયા પૂરા) | રૂ. 1,24,000/- (અંકે એક લાખ ચોવીસ હજાર રૂપિયા પૂરા) | ભૌતિક | મૌજે સાવદ, બ્લોક/સર્વે નં. 273, 275, 276 પૈકી, ટી.પી. સ્કીમ નં. 5, એફ. પી. નં. 750, 4508 ચો. મીટર પૈકી દક્ષિણ બાજુ માપ 2551 ચો.મીટર, ફ્લેટ નં. 603, છઠ્ઠો માળ, ટાવર એ, પાર્ટ 2, વિંગ ડી, વલ્લભ રેસીડેન્સી, નોંધણી જિલ્લો & સબ ડિસ્ટ્રિક્ટ વડોદરા, જિલ્લો વડોદરા. પૂર્વ: દાવડા નગર, પશ્ચિમ: ફ્લેટ નં. 602, ઉત્તર: ફ્લેટ નં. 604, દક્ષિણ: અન્ય. બોજો: શૂન્ય |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, જે કેન ફિન હોમ્સ લિમિટેડની સત્તાવાર વેબસાઈટ (www.canfinhomes.com) પર ઉપલબ્ધ છે, કૃપા કરીને નીચેની લિંકનો સંદર્ભ લો: https://www.canfinhomes.com/SearchAuction.aspx
ઈ-હરાજીમાં ભાગ લેવા માટેની લિંક: www.auctionbazaar.com

તારીખ: 23/05/2026
સ્થળ: ગુજરાત

સહી/-
અધિકૃત અધિકારી
કેન ફિન હોમ્સ લિમિટેડ

## જનસેવા અને સુશાસનના સંકલ્પ : ભાજપ પ્રદેશ અધ્યક્ષનું આહ્વાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગાંધીનગર ખાતે નિકોલ વિધાનસભા વિસ્તારના સંગઠનના પદાધિકારીઓ તથા તાજેતરમાં ચૂંટાયેલા નગરસેવકો સાથે બેઠક યોજી સંગઠનાત્મક સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રીએ તમામ કાઉન્સિલરોને તેમના ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી હતી અને જનસેવા, સંકલ્પ તથા સુશાસનના મંત્રને સાકાર કરવા સતત લોકો વચ્ચે રહી કાર્ય કરવાની અપીલ કરી હતી.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 24 MAY-2026

AHMEDABAD


## કોકલીયર ઈમ્પ્લાન્ટથી માસૂમોને મળી નવી વાણી : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના કોકલીયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર રિપ્લેસમેન્ટ પ્રોગ્રામના લાભાર્થી ૨૦ બાળકો સાથે અમદાવાદની ગુજરાત સાયન્સ સીટી ખાતે આત્મીય સંવાદ સાધી સંવેદનશીલ નેતૃત્વનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું. મુખ્યમંત્રીશ્રીએ બાળકો સાથે 'એક્વાટિક ગેલેરી'ની મુલાકાત લઈ બાળસહજ વાતો કરતાં સમગ્ર વાતાવરણ લાગણીસભર બની ગયું હતું. વાણી મળ્યા બાદ મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરવાની તક મળતાં બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.



# અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં 115 નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 23

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ 23 મે, 2026ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના મારફતે 19મા રોજગાર મેળા હેઠળ દેશભરમાં 51,000થી વધુ નવી નિમણૂંક મેળવનારા યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા. વડાપ્રધાને નવી નિમણૂંક મેળવનારા કર્મચારીઓને સંબોધિત કરતા તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની હાકલ કરી. તેમણે કહ્યું કે ભરતી પ્રક્રિયામાં હવે પારદર્શિતા આવી છે તથા તમામ પસંદગી મેરિટના આધારે કરવામાં આવી રહી છે. સાથે જ નિમણૂક પ્રક્રિયા પહેલાની સરખામણીમાં વધુ ઝડપી અને સરળ બની છે.19મો રોજગાર મેળો દેશભરના 47 સ્થળો પર આયોજિત કરવામાં આવ્યો, જેમાં વિવિધ 19 વિભાગોમાંથી પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા. રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવી. રોજગાર મેળો અભિયાન શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશભરમાં આયોજિત વિવિધ રોજગાર મેળાઓના મારફતે આશરે 12.50 લાખ નિમણૂક પત્રો વિતરિત કરી દેવામાં આવ્યા છે.અમદાવાદમાં આયોજિત રોજગાર



મેળામાં મુખ્ય અતિથિ, માનનીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર, શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જીના નેતૃત્વમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આ પૂર્વે 18 રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવી ચૂક્યું છે, જેમની મારફતે આશરે 12 લાખ યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા રોજગારની તકો પૂરી પાડવામાં આવી છે. આજે પણ આ રોજગાર મેળા મારફતે આશરે 51 હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગુજરાતને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વ અને વિકાસ મોડલ માટે સમગ્ર દેશ અને વિશ્વમાં ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ગુજરાતના વિકાસ મોડલને વિશ્વની સમક્ષ પ્રસ્તુત કર્યું. વડાપ્રધાન જીની વિચારસરણી હંમેશાંથી એ રહી છે કે દેશનો પ્રત્યેક યુવાન આગળ વધે, દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવે. યુવાનો જ દેશની સૌથી મોટી શક્તિ છે અને ભારત આજે વિશ્વનો સૌથી યુવાન દેશ છે. યુવાનોને સાચી દિશા પૂરી પાડવાનું કાર્ય કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે વડાપ્રધાન જીના નેતૃત્વમાં નિરંતર કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળો માત્ર નિમણૂક પત્રો વિતરણ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્ર સેવાની ભાવના જાગૃત કરવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. આ પ્રસંગે મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેના હેઠળ કુલ 115 નવ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા. આમાં 50 ટકાથી વધુ ઉમેદવારો રેલવે વિભાગ સંબંધિત હતા તથા 29 મહિલા ઉમેદવારોને પણ નિમણૂક પત્રો આપવામાં આવ્યા.

# અમદાવાદ: દસક્રોઈમાં હીટ એન્ડ રનની ઘટનામાં 3 વર્ષના માસૂમનું મોત

(એજન્સી) અમદાવાદ | તા. 23

અમદાવાદના આઉટર વિસ્તાર ગણાતા દસક્રોઈ તાલુકાના ગામડી ગામ પાસે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં માતા સાથે ખરીદી કરી ઘર પાસે રસ્તા કિનારે ઊભેલા સાડા ત્રણ વર્ષના માસૂમ બાળકને એક બેફામ સ્પીડે આવતા પિક-અપ ટેમ્પોએ અડફેટે લીધો હતો. ગંભીર રીતે અકસ્માતમાં ઘવાયેલા બાળકનું SVP હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં શ્રમિક પરિવાર હીબકે ચડ્યો હતો. મૂળ મહેસાણા જિલ્લાના વતની અને હાલ ગામડી ગામ પાસે રહીને મજૂરી કામ કરતા નવઘણભાઈ ઝાલાનો સાડા ત્રણ વર્ષનો પુત્ર ક્રિષ્ણા આ અકસ્માતનો ભોગ બન્યો છે. 21 મેની સાંજે ક્રિષ્ણાની માતા વર્ષાબહેન અન્ય મહિલા અને બાળકો સાથે વટવા વિસ્તારમાં કરિયાણું ખરીદવા ગયા હતા. સાંજે આશરે 7 વાગ્યે તેઓ રિક્ષા પાછી બાંધીને ગામડી સ્થિત 'સ્વાસ્તિક-2' ફ્લેટ્સ નજીક પોતાના ઘર પાસે ઉતર્યા હતા.




**પીક-અપ ટ્રકે પાછળથી ટક્કર મારી**

પરિવાર હજુ રસ્તાની સાઈડમાં ઊભો જ હતો, તે દરમિયાન અચાનક એક પિક-અપ ટ્રકના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેજવાબદારીપૂર્વક હંકારી લાવી માસૂમ ક્રિષ્ણાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટેમ્પોનું વ્હીલ ફરી વળતાં બાળકને માથાના પાછળના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગંભીર હાલતમાં લોહીલુહાણ થયેલા માસૂમને તાત્કાલિક વટવાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે એલ. જી. હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ બોડીની SVP હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ રાત્રે 10:34 વાગ્યે ફરજ પરના તબીબોએ માસૂમ ક્રિષ્ણાને મૃત જાહેર કર્યો હતો.

# કચ્છમાં રેલવે વિકાસને મળશે નવી ગતિ : પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેની કચ્છ મુલાકાત

(એજન્સી) કચ્છ | તા. 23


પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ 22 અને 23 મે, 2026 ના રોજ કચ્છ વિસ્તારની વ્યાપક મુલાકાત લઈને રેલવે પરિયોજનાઓ, માળખાકીય વિકાસ કાર્યો તથા ભાવી યોજનાઓની સમીક્ષા કરી આ દરમિયાન તેમણે ગાંધીધામ-મુન્દ્રા પોર્ટ સેક્શનનું નિરીક્ષણ વાહન દ્વારા વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું તથા ભુજ-નલિયા-વાયોર રેલવે સેક્શનનું પણ સઘન નિરીક્ષણ કર્યું 22 મે, 2026 ના રોજ ગાંધીધામથી મુન્દ્રા પોર્ટ વચ્ચે કરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન જનરલ મેનેજરે ગાંધીધામ વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી આ પ્રસંગે પશ્ચિમ રેલવે અમદાવાદના મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) પ્રદીપ ગુપ્તા, અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશ સહિત નિર્માણ અને મંડળના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.મુન્દ્રા પોર્ટની મુલાકાત દરમિયાન જનરલ મેનેજરે APSEZ ના CEO સુજલ શાહ સાથે ટ્રેન કનેક્ટિવિટી તેમજ ટ્રેન સંચાલન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી પોર્ટના મોડલ રૂમમાં APSEZ ના COO મનોજ કતર દ્વારા મુન્દ્રા પોર્ટના વિકાસ અને છેલ્લા 13 વર્ષોની સિદ્ધિઓની માહિતી રજૂ કરવામાં આવી આ દરમિયાન રો-રો ટર્મિનલનું અવલોકન પણ બોટના માધ્યમથી કરવામાં આવ્યું જનરલ મેનેજરે Adani Ports and Special Economic Zone ના અધિકારીઓ સાથે



બેઠક કરીને રેલવે તેમજ પોર્ટ વચ્ચેના સંકલન તથા ભવિષ્યની સંભાવનાઓ પર વિગતવાર ચર્ચા કરી .ભુજ-દિલ્હી નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાના પ્રારંભ પ્રસંગે પત્રકારો સાથે વાતચીત કરતા જનરલ મેનેજર શ્રી પાંડેએ જણાવ્યું કે કચ્છમાં રેલવેના માળખાકીય વિકાસ અને નવી રેલવે સુવિધાઓ માટે આવનારા વર્ષો અત્યંત મહત્વપૂર્ણ રહેવાના છે તેમણે જણાવ્યું કે ભુજ-આદિપુર વચ્ચે ડબલ રેલવે ટ્રેક માટે સર્વેનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે, જેનાથી ભવિષ્યમાં પરિવહન વધુ ઝડપી અને સરળ બનશે .જનરલ મેનેજર શ્રી પાંડે તેમજ મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશે માહિતી આપી કે ભુજ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ સાથે કરવામાં આવી રહ્યો છે સ્ટેશન નિર્માણનું કામ અંતિમ તબક્કામાં છે તથા કામ પૂર્ણ થયા બાદ તેનું લોકાર્પણ કરવામાં આવશે આ સિવાય ભચાઉ તેમજ ગાંધીધામ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનું કાર્ય પણ પ્રગતિ પર છે .તેમણે કહ્યું કે ભુજ સ્ટેશનના નવનિર્માણ બાદ રેલવે સેવાઓનું વધુ વિસ્તરણ કરવામાં આવશે તથા કચ્છમાં જ્યાં પણ વેપાર અને ટ્રાફિકની જરૂરિયાત હશે, ત્યાં નવી રેલવે પરિયોજનાઓ શરૂ કરવામાં આવશે .ભુજ-દિલ્હી રેલવે સેવાના શુભારંભ પછી ગાંધીધામમાં ઉદ્યોગપતિઓ અને વ્યાપારી સંગઠનો સાથે આયોજિત બેઠકમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સહિત વરિષ્ઠ અધિકારીઓએ ઉદ્યોગ જગતની સમસ્યાઓ અને સૂચનો સાંભળ્યા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત બેઠકને સંબોધિત કરતા જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ જણાવ્યું કે રેલવેની કાર્યશૈલી અને વિચારસરણીમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે તેમણે કહ્યું કે મુસાફરો અને માલસામાનના પરિવહન માટે ઘણા વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં રેલવેના માધ્યમથી પરિવહન વધવું તે દેશના હિતમાં છે કચ્છના વેપાર અને ઉદ્યોગ જગત સાથે જોડાયેલા મુદ્દાઓના ઉકેલ માટે રેલવે દ્વારા ઝોનલ અને રેલવે બોર્ડ સ્તરે સક્રિય પ્રયાસો કરવામાં આવશે.અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશે જણાવ્યું કે રેલવેનો પ્રયાસ છે કે ઉદ્યોગ જગત અને મુસાફરો પાસેથી મળેલા સૂચનોના આધારે જરૂરી કાર્યો કરવામાં આવે તેમણે કહ્યું કે રેલવે ઉદ્યોગ જગતની સમસ્યાઓને ગંભીરતાથી સમજે છે તથા નીતિ સાથે જોડાયેલા વિષયોના ઉકેલ માટે જરૂરી ફેરફારો કરવાનો પ્રયાસ પણ કરવામાં આવશે.બેઠક દરમિયાન ચેમ્બર ઓફ કચ્છના પ્રતિનિધિઓએ માંડવીને રેલવે નેટવર્ક સાથે જોડવા, અગાઉ મંજૂર થયેલી રેલવે કોચ ફેક્ટરી શરૂ કરવા, નમો ભારત ટ્રેનને ડબલ રેક સાથે ચલાવવા તથા ભુજ-હરિદ્વાર, ભુજ-વારાણસી, ભુજ-ભાગલપુર તેમજ ભુજ-અમૃતસર જેવી લાંબા સમયથી પેન્ડિંગ (લંબિત) ટ્રેનોની માંગણીઓને પ્રાથમિકતા આપવા સહિતના વિવિધ વિષયો ઉઠાવ્યા હતા.

# આજે રાજકોટ સહિત 9 જિલ્લામાં વરસાદની સંભવના

## ભેજવાળા પવનોથી રાત્રે પણ ભારે બફારો; તાપમાન 43°C પાર, હવામાન વિભાગે કરી 7 દિવસની આગાહી



અમદાવાદ | શુક્રવારે રાજ્યનું મહત્તમ તાપમાન 43 ડિગ્રીને પાર નોંધાયું. સુરેન્દ્રનગર 43.8C સાથે રાજ્યમાં સૌથી ગરમ રહ્યું. તો અમદાવાદ 43.3C સાથે બીજા નંબર પર રહ્યું. અન્ય ગરમ શહેરોની વાત કરીએ તો ગાંધીનગરમાં 43C, રાજકોટમાં 42.9C અને અમરેલીમાં 42.3C મહત્તમ તાપમાન નોંધાયું. સુરેન્દ્રનગર-ગાંધીનગરના તાપમાનમાં 1.8 ડિગ્રીનો વધારો, જ્યારે અમદાવાદના તાપમાનમાં 1.6 ડિગ્રીનો વધારો થયો છે.

મહત્તમ તાપમાનમાં સતત વધારો થતા રાજ્યમાં ભારે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ગરમ ભેજવાળા પવનો દરિયાકાંઠાના વિસ્તારોમાં ફૂંકાતા તેની અસર સમગ્ર રાજ્યમાં વર્તાઈ હતી. ખાસ કરીને રાત્રે હોટ એન્ડ હ્યુમિડ જેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યમાં હાલ પશ્ચિમ ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગની વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે જામનગરના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ત્યારબાદના દિવસોમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા છે.

અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં આકાશ મુખ્યત્વે સાફ રહેવાની શક્યતા છે. શહેરમાં મહત્તમ તાપમાન 43C આસપાસ રહેવાનું અનુમાન છે. શુક્રવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ એટલે કે 43.3C અને લઘુત્તમ તાપમાન 29.0C નોંધાયું હતું. હવામાં સવારે ભેજનું પ્રમાણ 52% હતું, જે સાંજના સમયે ઘટીને 19% નોંધાયું હતું.

અમદાવાદમાં 20 મેના રોજ અને એના આગળના છેલ્લા 3થી 4 દિવસથી સતત ગરમીનો પારો 43.7 ડિગ્રી નોંધાયો. જ્યારે 21 મેના રોજ તેમાં 2 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો હતો. ત્યારબાદ ગઈકાલે ફરી અમદાવાદના તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાતા અમદાવાદના લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જ્યારે દિવસ-2થી દિવસ-7 દરમિયાન સમગ્ર ગુજરાતમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, દીવ અને રાજકોટ જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે. ઉપરાંત ગુજરાત રીજનમાં નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, ડાંગ, તાપી અને નર્મદા જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.

# સુરતના યુવાને ડાયવોર્સી કહીને અમદાવાદની મહિલાને ફસાવીને શરીર સંબંધ બાંધ્યા...

(એજન્સી) અમદાવાદ | તા. 23

અમદાવાદના નવાવાડજ વિસ્તારમાં રહેતી યુવતીએ સુરતમાં રહેતા યુવક સામે માધવપુરા પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. મેટ્રિમોનિયલ સાઈટ પરથી શરૂ થયેલો પરિચય પ્રેમ સંબંધ સુધી પહોંચ્યો હતો, પરંતુ અંતે યુવક પહેલેથી જ પરણિત અને બે બાળકોનો પિતા હોવાનું સામે આવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. માધવપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવા વાડજમાં રહેતી યુવતીએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તે માતા અને બે ભાઈ સાથે રહે છે. 2006માં તેના લગ્ન થયા હતા અને તેને બે બાળકો પણ છે, પરંતુ પતિ સાથે મનમેળ ન રહેતા અંતે તેણે છૂટાછેડા લઈ લીધા હતા. ત્યારબાદ વર્ષ 2025માં યુવતીએ ફરી લગ્ન માટે મેટ્રિમોનિયલ સાઈટ પર પોતાની વિગતો અપલોડ કરી હતી. આ દરમિયાન સુરતમાં રહેતા પ્રકાશ ડોંડાએ યુવતીને સંપર્ક કર્યો હતો.

પ્રકાશે પોતે પણ ડાયવોર્સી હોવાનું કહી 2022માં છૂટાછેડા થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી અને વોટ્સએપ કોલ પર વાતચીત શરૂ થઈ હતી. બંને પ્રથમ વખત અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં મળ્યા હતાં. ત્યારબાદ યુવતી પોતાની બહેનપણી સાથે પ્રકાશને મળવા સુરત ગઈ હતી. પ્રકાશે તેને પોતાનું ઘર પણ બતાવ્યું હતું. ધીમે ધીમે બંને વચ્ચે નજીકતા વધતી ગઈ હતી. પ્રકાશે યુવતી સાથે લગ્ન કરવાની વાત કરી હતી અને બંને વિસનગર ખાતે આવેલા મંદિરમાં ગયા હતા. ત્યાં પ્રકાશે યુવતીના માથામાં સિંદૂર ભરી તેને પત્ની તરીકે સ્વીકારી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ પ્રકાશ અમદાવાદ આવ્યો હતો અને શાહીબાગ વિસ્તારમાં આવેલી હોટેલમાં યુવતીને લઈ ગયો હતો.

# આજે અરવિંદ કેજરીવાલ 3 દિવસની ગુજરાત મુલાકાતે પાર્ટીની ભવ્ય જીત બાદ 25મીએ રાજપીપળામાં રોડ શો

(એજન્સી) અમદાવાદ । તા. 23

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નર્મદા જિલ્લા પંચાયત પર આમ આદમી પાર્ટીની જીત થઈ છે. ત્યારે આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આવતીકાલ ( 24 મે)થી 3 દિવસ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. 3 દિવસ દરમિયાન કેજરીવાલ 25મી તારીખે રાજપીપળામાં રોડ શો કરશે. જ્યારે 24 અને 26 તારીખે આપના પદાધિકારીઓ સાથે બેઠક યોજી પાર્ટીની ભાવિ રણનીતિને લઈ ચર્ચા કરશે.

આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આવતીકાલથી ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. 24મી તારીખે કેજરીવાલ ગુજરાત આપના પદાધિકારીઓ સાથે બેઠક યોજશે. જ્યારે 25મી તારીખે નર્મદાના રાજપીપળામાં રોડ શો કરશે. 26મી તારીખે પણ કેજરીવાલ ગુજરાત રોકાશે અને પાર્ટી નેતાઓ સાથે બેઠક યોજી ભાવિ રણનીતિને લઈ ચર્ચા કરાશે. સ્થાનિક



સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મહાનગરપાલિકમાં તો સફળતા ન મળી. પરંતુ, જે 34 જિલ્લા પંચાયતની ચૂંટણી હતી તેમાં એક નર્મદા જિલ્લા પંચાયતમાં જીત મેળવવામાં સફળતા મળી છે. આ ઉપરાંત રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીએ નોંધપાત્ર બેઠકો જીતી છે.

# ગિફ્ટ સિટીની શૂટ સ્પેસનું 100 કરોડથી વધુનું ફ્રોડ:અરવલ્લી કોંગ્રેસ પ્રમુખની ધરપકડ

ગાંધીનગર | ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં કાર્યરત શૂટસ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા ડેટા સ્ટોરેજ અને ટેરાબાઈટ સ્પેસમાં રોકાણના નામે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી મામલે ડભોડા પોલીસ મથકમાં આખરે કંપનીના સંચાલકો અને જવાબદારો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. કંપની પાસે સર્વર કે ડેટા સ્ટોરેજની સુવિધા જ ન હોવાનો ઘટસ્ફોટ થયો છે.આ મામલે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરુણ પટેલ સહિત બેની ધરપકડ કરવામાં આવી છે.

આ પ્રકરણમાં ઉત્પલ પટેલની મિલકતો પણ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ 100 કરોડ સુધી જવાની શક્યતા છે. હાલમાં 13 ફરિયાદી સામે આવ્યા છે. જેમની સાથે પાંચેક કરોડની રોકાણ નામે ઠગાઈ થઈ છે. ઉત્પલ સામે લૂક આઉટ નોટિસ પણ ઈસ્યૂ કરવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. શૂટ સ્પેસ કંપનીના ડાયરેક્ટર ઉત્પલ પટેલ, ઉત્પલ પટેલની વાઈફ ભૂમિ પટેલ, અરુણ પટેલ, અરુણ રાય અને સચિન પટેલ અને ધ્રુવ ચૌધરીની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# 9 દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડિઝલના ભાવ વધતા અમદાવાદીઓએ પિતો ગુમાવ્યો




(એજન્સી) અમદાવાદ | તા. 23

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલના ભાવમાં 86 પૈસા અને ડીઝલના ભાવમાં 94 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા 9 દિવસમાં ત્રીજી વખત વધારો કરવામાં આવતા વાહન ચાલકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. કારણ કે સતત ભાવ વધારાના કારણે સામાન્ય નાગરિકો, વાહન ચાલકો અને નોકરિયાત વર્ગના લોકોનું બજેટ ખોરવાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદમાં પેટ્રોલના ભાવમાં 86 પૈસાનો વધારો હવે પેટ્રોલનો ભાવ 99.07 રૂપિયા અને ડીઝલના ભાવના 94 પૈસાનો વધારો થતા હવે ડીઝલનો ભાવ 94.99 રૂપિયા પહોંચી ગયો છે.

વાહન ચાલક હિતેશ ઠક્કરે જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થતા સામાન્ય નાગરિકને તેની ખૂબ જ અસર થવાની છે. તેમજ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતા જોવાઈ રહી છે. સરકાર ફેલ ગઈ છે અને કોઈપણ પ્રકારનું પ્લાનિંગ કરી શકી નથી. દેશના યુવાનોને રોજગારી નથી મળી રહી, ખેડૂતોને લાઈનોમાં ઊભું રહેવું પડે છે તેમજ જ્યાં જોઈએ ત્યાં પેટ્રોલ અને ડીઝલ ભરાવવા માટેની લાઈન લાગી છે. વિકસિત ભારતની વાત કરવામાં આવે છે પરંતુ સામાન્ય નાગરિક પર રોજ આફત આવી રહી છે. મહિને કોઈપણ બચત થાય તેવું લાગતું જ નથી.

વધુમાં હિતેશ ઠક્કરે જણાવ્યું હતું કે, ઉપરના લેવલથી બેજવાબદાર નિવેદન આપવામાં આવે છે. તેમજ કોઈપણ પ્રકારનું પૂર્વ આયોજન ન કરાયું હોવાથી લોકો ડરી રહ્યા છે અને પેટ્રોલ પંપ પર લાઈન લગાવી રહ્યા છે. લોકોને સાચા માર્ગે દોરવાના બદલે ઊંધા માર્ગે દોરવામાં આવે છે. કોરોના વખતે જે રીતે લોકો વધારે સ્ટોરેજ કરવા માટે લાઈનમાં ઉભા હતા તેવી જ સ્થિતિ અત્યારે તમામ જગ્યા પર જોવા મળી રહી છે.

વાહન ચાલક ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે, સામાન્ય પબ્લિકને પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાની ખૂબ જ અસર થવાની છે. હવે વાહનો ઉપયોગ કેટલો કરવો તે પણ વિચારવું પડે તેવી સ્થિતિ સર્જાય છે. પહેલા જે રીતે છૂટથી વાહન ચલાવી શકતા હતા તે હવે નહીં ચલાવી શકીએ. હવે એવું લાગે છે કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધારે કરવો જોઈએ. વધતી જતી મોંઘવારીમાં કોઈપણ પ્રકારની બચત થાય તેવું લાગતું નથી.